Chapter- 3

# · સિકંદર સાની ·

## આંતરનાટક અને આયનાની આદમકદ ફ્રેમ

ડિસે. ૧૯૭૯માં પ્રકાશિત ત્રિઅંકી નાટક 'સિકંદર સાની'માં નાટ્ય-
-કાર રઘુવીર ચૌધરીએ સાદ્યંત ઐતિહાસિક ગાળાનો વિનિયોગ
કરી અલાઉદ્દીન ખિલજીના જીવનની ઘટનાઓને ઈતિહાસકાર નહીં
પણ સર્જક અમીર ખુસરોના દૃષ્ટિબિંદુથી નિરૂપવાનો પ્રયત્ન કર્યો
છે. નાટ્યકારને મન અલાઉદ્દીન ખિલજી એ ખલનાયક નથી. એ
તો આપણા સહુનો વિલક્ષણ પ્રતિનિધિ છે. જગતમાં જે કંઈ રમ્ય
અને ભોગ્ય લાગે તેને હસ્તગત કરી લેવાની, કેન્દ્રિત કરી લેવાની
વૃત્તિની કરુણ નિષ્ફળતાનું અલાઉદ્દીનના પાત્ર દ્વારા પ્રતિનિધાન
થાય, નિદર્શન થાય એવો નાટ્યકારનો પ્રયત્ન છે. રાજકીય ક્ષેત્રે
આવતા અને આવાં લક્ષણો ધરાવતા સરમુખત્યારોનું પ્રતીકાત્મક
રીતે આલેખન કરવા માટે લેખકે ઈતિહાસનો આધાર લીધો છે
અને નાટક, અલાઉદ્દીન ખિલજીના જીવનચરિત્ર પૂરતું સીમિત ના
બની જાય તેથી તેને 'સિકંદર સાની' એવું નામ આપ્યું છે. નાટ્ય-
-કારની દૃષ્ટિએ અલાઉદ્દીન કરતાં વધારે મહત્ત્વનું પાત્ર અમીર
ખુસરોનું છે કે જે અનિયંત્રિત બનતી જતી રાજસત્તાનો એક
સર્જકની દૃષ્ટિએ પ્રતિકાર કરે છે.[૧]

નાટ્યકારે અહીં નાટકમાં નાટક - આંતરનાટકની પ્રયુક્તિનો વિવિધ
રીતે સબળપણે વિનિયોગ કરી, અમીર ખુસરોના વાસ્તવિક
જીવનની પરિસ્થિતિઓની સમાંતરે અલાઉદ્દીનના જીવનની ઘટનાઓને
નિરૂપી છે. અમીર ખુસરો 'સુલતાન અલાઉદ્દીન ખિલજી' વિષે
નાટક લખી રહ્યા છે. આ નાટકમાંનાં દૃશ્યો વચ્ચે વચ્ચે ભજવાતાં
રહે અને એ રીતે અમીર ખુસરોના ચરિત્રની સાથે સાથે સર્જક
ખુસરોની દૃષ્ટિએ આલેખાયેલું અલાઉદ્દીન ખિલજીનું ચરિત્ર
ઉપસતું રહે એ પ્રકારે નાટકના કથાવસ્તુની ગૂંથણી કરી છે. શ્રી

વજુભાઈ ટાંક નોંધે છે તેમ નાટકનાં ઘાટ-ઘડતરની તરકીબો નાટ્યધર્મીઓની ભાગકારીને પ્રસન્ન કરે અને ક્યારેક કસોટી પણ કરે એ રીતે અંકોડાબંધ પરોવાઈ ગઈ છે. મંચ પર નોખનોખાં સ્થાનો પર બે દૃશ્યાવલિ વારાફરતી આવતી રહે છે. એક સ્થાન પર ઠાવકા સર્જક અને વત્સલ વડીલ કવિવર અમીર ખુસરોનું અધ્યયન, શાહી કર્મચારીઓ સાથેની મસલતો અને પોતાને ત્યાં પુત્રીની જેમ રહેતી ને ગાયનવાદનની કલામાં પારંગત થવા મથતી હિંદુ બ્રાહ્મણ પંડિતની પૌત્રી સિતારા સાથેની ગુફ્તેગો અને ગોષ્ઠિઓ થતી રહે છે, તો બીજા સ્થાન પર, શહેનશાહ અલાઉદ્દીન ખિલજીના દરબાર અને રંગમહેલનાં છળપ્રપંચ, આપવડાઈના હુંકાર, બેગમો સાથેની પ્યાર-ધિક્કારની, દર્પના ભારે વરવી લાગતી ચેષ્ટાઓ, બેવફાઈ અને બદચલનથી ગંધાતા બેફામ રંગરાગ અહીં ગાજતાં રહે છે. આ દૃશ્યાવલિઓ સાથે ભાવસંબંધ બાંધવાનું ક્યારેક કઠિન થઈ પડે છે, પણ નાટ્યકારની હથોટીથી માહેર થયા પછી, પાત્રો અને પ્રસંગોની પિછાણ રફતે રફતે થયા કરે છે.[૨]

નાટકમાં નાટક - આંતરનાટકની પ્રયુક્તિ દ્વારા ઈતિહાસકારની દૃષ્ટિએ નહીં પણ એક સર્જકની દૃષ્ટિએ, એક કવિની દૃષ્ટિએ અલાઉદ્દીન ખિલજીનું ચરિત્ર નિરૂપી, તેને ખલનાયક બનવામાંથી ઉગારી લઈ, માનવસહજ નબળાઈઓ ધરાવતા 'ટ્રેજિક નાયક' તરીકે નાટ્યકાર કેવી રીતે પ્રસ્થાપિત કરી શક્યા છે તે તપાસનો વિષય બની રહે છે.

પડદો ઉપડે છે ત્યારે અમીર ખુસરો હાથમાં કલમ લઈ વિચાર- -મગ્ન દેખાય છે. એ લખવા માટે નમે છે. પાછળ પડદાના નેપથ્યે પ્રકાશ થાય છે. ત્યાં 'ઈનસેટ'માં - આયનાની આદમકદ ફ્રેમમાં-

પદ્મિની દેખાય છે. અલાઉદ્દીન એને સંબોધે છે. દરમિયાન પદ્મિની ત્યાંથી ખસી જઈને આગળ આવે છે. નાટ્યકારે નાટકના આરંભે આયનાની આદમકદ ફ્રેમમાં દેખાતી પદ્મિનીનું રમણીય કલ્પન પ્રયોજ્યું છે. અલાઉદ્દીને પદ્મિનીને માત્ર આયનામાં પ્રતિબિંબ રૂપે નિહાળી હતી. એ ઇતિહાસપ્રસિદ્ધ ઘટનાનો આધાર લઈ આયનાની આદમકદ ફ્રેમનું દૃશ્યપ્રતીક નાટ્યકારે યોજ્યું છે. આરંભનું એ રમણીય કલ્પન 'રીકરીંગ ઈમેજ' બની સમગ્ર નાટકમાં ઘુમરાયા કરે છે. શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ સત્તા અને સૌંદર્યનું, સત્તા અને પ્રેમનું મિલન શક્ય નથી અને હોય તો ફ્રેમમાં છે. એક નિર્જીવ છે, બીજું માત્ર સજીવ છે. છતાં હૃદયથી સંવેદનાજડ છે. લેખક- શાયર અમીર ખુસરો જાણે પ્રેમના સાચા સ્વરૂપને પામવાનો વિચાર કરતાં આ બે વિરોધી પાત્રોને સામસામા કલ્પી લે છે, જેનો સુમેળ શક્ય જ નથી. અહમ્મુક્ત, પ્રપંચમુક્ત, કેવળ નિરપેક્ષ પ્રેમ એ જ શાયરોને, કવિઓને, દાર્શનિકોને મન શાશ્વત પ્રેમ; આવો પ્રેમ અલાઉદ્દીન જેવા શક્તિશાળી સત્તાધીશની ચૂંગાલમાં ફસાય ખરો? પ્રેમ પણ કલાની જેમ 'સ્વતંત્ર, સ્વાયત્ત અને સ્વયંસંપૂર્ણ નથી?' અમીર ખુસરોના નાટકની અને એમ શ્રી રઘુવીર ચૌધરીની કલમે આવી ભાવના લઈ વ્યક્ત થવા મથતા નાટકનો પ્રારંભ આવો આકર્ષક, કલ્પનાશીલ જોવા મળે છે.[3]

આયનાની આદમકદની ફ્રેમમાંથી ખસી જઈને પદ્મિની આગળ આવે છે એટલે વૃદ્ધાવસ્થાને કારણે ખખડી ગયેલા ઊંડા અવાજમાં અલાઉદ્દીન, પદ્મિનીને સંબોધતાં કહે છે,

**અલાઉદ્દીન :** પદ્મિની મારે પ્રકાશ જોઈએ છે. આમ અંધકારમાં ખોવાઈ ન જા.

ત્યારે, અલાઉદ્દીનની હવસખોરીથી બચવા જૌહરની જ્વાળાઓમાં હોમાઈ ગયેલી પદ્મિની સૂચકપણે કહે છે,

**પદ્મિની :** હું તો પ્રકાશમાં ખોવાઈ ગયેલી છું, સળગતા પ્રકાશમાં.

પદ્મિની તો અલાઉદ્દીનની કલ્પના છે. આયનામાં એણે જેનું માત્ર પ્રતિબિંબ જ નિહાળેલું એ પદ્મિની તો એની અતૃપ્તિની વેદના છે, એની નિષ્ફળતાની છાયા છે. એના પરાજયની અપકીર્તિ છે. "સુલતાન અલાઉદ્દીન કદી હાર્યો નથી," એવું ઘમંડ રાખનાર અલાઉદ્દીન એ અપકીર્તિને સહી શકતો નથી. વૃદ્ધાવસ્થાને લીધે એનાં ગાત્રો નંખાઈ ગયાં છે તેમ છતાં તે રૂઆબથી ઊભો રહેવા મથે છે. 'તારા હાથ કંપે છે' એવો ટોણો મારનાર પદ્મિનીને તે સ્પષ્ટ શબ્દોમાં સુણાવે છે,

**અલાઉદ્દીન :** એ તો તારી માસૂમ નજરનો વહેમ છે. આ મારા હાથ તો હિન્દોસ્તાનની સલ્તનતની ઉત્તર-દક્ષિણ ધુરા સમા છે. બોલ, તને કયા હાથે સાહી લઉં? તારી ઈચ્છા જણાવ...

પછી પોતાના હાથ ઉપર નજર પડતાં તે સ્વગત બોલી ઊઠે છે,

**અલાઉદ્દીન :** (સ્વગત) અરે, સાચે જ મારો લંબાયેલો હાથ ઘરડો લાગે છે! આને પકડીને કંપતો અટકાવું તો પદ્મિનીને પકડી લેવા દોડું? એ આખી ને આખી અલોપ થઈ જાય એ પહેલાં એનો હાથ, હાથ નહીં

તો પાલવ પણ સાહી શકું તો-

અહીં નાટ્યકારે અલાઉદ્દીનની સત્તાલોલુપતા અને સૌંદર્યલોલુપતા એકસાથે પ્રગટ કરી છે. ઘડપણે જેનું ગળું પકડ્યું છે, પોતાના સામ્રાજ્યની સાથે સાથે જે પોતે પણ ધ્રૂજી રહ્યો છે, પોતાની સલ્તનતની ઉપર અને મત ઉપર જેની સત્તા હવે અકબંધ રહી નથી એવો અલાઉદ્દીન પોતાની ભૂતકાળની સર્વોપરિતા વાગોળતાં કહે છે,

**અલાઉદ્દીન:** હતી, પદ્મિની, સંપૂર્ણ સત્તા હતી. જે સામે હોય એણે ધ્રૂજવાનું હતું. મારા ખ્યાલ, મારો અવાજ, મારી ચાલ એ બધામાં એક બુલંદી હતી. ઊંચામાં ઊંચા પહાડ માટે પણ હું આસમાન હતો. હું અસંખ્ય ઓરતો અને મર્દોનો માલિક, હું અનેક મુલકોનો પહેલો વિજેતા, હું સિકંદર સાની-

આખું યુદ્ધ લડવા જીવી રહ્યાનો દાવો કરતો અને પદ્મિનીને મેળવ્યા વિના મરવું નથી એવો મનસૂબો સેવતો અલાઉદ્દીન જ્યારે પોતે પોતાના કાકાનું - પોતાના કાકા સસરાનું - બાપથી પણ અદકા સુલતાન જલાલુદ્દીન ખિલજીનું ખૂન કર્યાની વાતનો ધરાર ઈન્કાર કરે છે ત્યારે પદ્મિની 'સિકંદર સાની' શબ્દોને દોહરાવતાં ખૂબ સૂચકપણે કહે છે,

**પદ્મિની:** હવે મોત સામે તો સાચું બોલ, સિકંદર સાની!

અને એમ કહી હસતી હસતી જતી રહે છે. ત્યાં અમીર ખુસરોના દિવાનખંડમાં હસન દહેલવી 'આદાબ અર્જ અમીર સાહેબ' એવું કહેતાં એકાએક પ્રવેશ કરે છે. એ સાથે જ ત્વરિત પ્રકાશ પરિવર્તન થાય છે અને અમીર ખુસરોની સામેથી આ કલ્પનાનું દૃશ્ય ખસી જતાં એ ઝબકીને વાસ્તવ જગતમાં આવી જાય છે. અહીં નાટ્યકારે યોજેલું અલાઉદ્દીન અને પદ્મિની વચ્ચેનું દૃશ્ય એ અમીર ખુસરોએ સુલતાન વિષે લખેલા નાટકનો ભાગ બનીને આવે છે. ઈતિહાસકાર ખુસરોમાં રહેલા સર્જક કવિએ કલ્પેલું એ દૃશ્ય છે. અલાઉદ્દીનની અતૃપ્ત ઝંખના પદ્મિની રૂપે પ્રગટે અને તે અલાઉદ્દીનના સુષુપ્ત માનસમાં પડેલી એષણાને, લોલુપતાને, તેના ગુનાહિત માનસને પ્રગટ કરે એ કવિની કલ્પના હોઈ શકે, ઈતિહાસકારની નહીં.

નાટકના આ પ્રથમ દૃશ્ય વિષે નુક્તેચીની કરતાં વજુભાઈ ટાંક લખે છે," નાટકનો ઉઘાડ attack of the playની શરતનું અદબપૂર્વક પાલન કરે છે. શેખ નિઝામુદ્દીન ઓલિયાના કૃપાપાત્ર શિષ્ય, સત્તાંધ અને મોહાંધ અલાઉદ્દીન ખિલજીની તરલ મસ્ત જિંદગાનીને રંગ-દેહમાં કંડારતા નાટ્યકારની નવલી પ્રતિભામાં રજૂ થતા અમીર ખુસરો પંડના આવાસમાં, હાથમાં લેખિની પકડીને વિચારમગ્ન હાલતમાં લખવાનો આરંભ કરે છે કે તરત જ, પાછળના પડદા પર 'ઈનસેટ'માં પદ્મિની દેખાય છે. આ મૂર્તિને લોલુપ અને આર્ત નજરથી ઘેરી રાખી અલાઉદ્દીન એને સંબોધે છે: 'મારે પ્રકાશ જોઈએ છે.' આ દૃશ્ય અને નાટકની આ પહેલી સ્ફોટક પંક્તિ અને ત્યારપછી પદ્મિની અને અલાઉદ્દીન વચ્ચે ખેલાતી ધારદાર મર્માળા શબ્દોની પટાબાજી, ભાવકનાં દિલ-દિમાગમાં અણ-

-ધાર્યા કૌતુકનું આંદોલન જગવે છે. નાટ્ય-પ્રપંચનો આ તરીકો કવિની ત્રેવડની છડી પોકારે છે.[૪]

હુસન દહેલવી અને અમીર ખુસરો ભૂતકાળનાં સંસ્મરણો વાગોળે છે ત્યાં અમીર ખુસરો જેમની પાસે સંસ્કૃત શીખતા એ પં. હૃષીકેશની પૌત્રી સિતારા નાચતીકૂદતી આવી ચઢે છે અને અમીર ખુસરોએ ખિજરખાં પર લખેલી મસનવી 'ખિજનામા' ઉર્ફે 'ઈશ્કિયા' લઈને જતી રહે છે. હુસન દહેલવી, ખુસરો જેવા મશહૂર શાયર ખિજરખાંના કહેવાથી ખિજનામા લખી એવા 'દુનિયાવી વિષય'પર વખત બગાડે એ સામે પોતાનો અણગમો પ્રગટ કરે છે ત્યારે ખુસરો લાક્ષણિક જવાબ આપે છે,

ખુસરો : મને જેટલી આસમાનની મહોબત છે એટલી જ દુનિયાની લગન છે. બલ્કે દુનિયા એ મારી પહેલી નિસ્બત છે. એને વિશે લખવામાં હું શાયરાના ફરજ સમજું છું... હું તો જેમ ખિજરખાં-દેવળદેવીની પ્રેમકથા કહું છું તેમ કોઈક પરદેસી પિયાની રાહ જોતા દેહાતી દિલની આહ પણ ગાઈ બેસું છું.

અને એમ કહી પોતે સુલતાન વિશે નાટક લખી રહ્યા હોવાનો ઉલ્લેખ કરે છે. "આપણી પરંપરામાં તો નાટક છે જ નહીં" એવી હુસન દહેલવી દલીલ કરે છે ત્યારે હિન્દુ અને મુસ્લિમ સંસ્કૃતિ-ઓના સમન્વયની ઝંખના રાખનાર ખુસરો સૂચકપણે કહે છે,

ખુસરો : આપણી પરંપરા એટલે? ભારતીય કે બીજી કોઈ?.. થોડીક

સદીઓ પહેલાં ફારસી અને સંસ્કૃત બંને એક જ જબાન હતી. આજની જુદાઈને ટકાવી રાખવી જરૂરી છે?

"રાજદરબાર આપના નાટકને પસંદ કરશે?" એવો હુસન દહેલવી પ્રશ્ન કરે છે ત્યારે ખુસરો ખુમારીપૂર્વક કહે છે, "આજ સુધી રાજદરબાર માટે ઘણું લખ્યું. હવે હું થોડુંક મારા માટે લખવા માગું છું." હુસન, ખુસરોએ લખેલા નાટકની હસ્તપ્રત હાથમાં લઇ વાંચવા જાય છે ત્યારે ખુસરો બોલી ઊઠે છે,

**ખુસરો :** અરજ ગુજારું છું. દહેલવીસાહેબ, હમણાં વાંચશો નહીં. અત્યારે તો તમને એમ જ લાગશે કે એક ખલનાયકને ખુસરોએ નાટકનો નાયક બનાવી દીધો.

હુસન દહેલવી, ખુસરોની વાતમાં સૂર પૂરાવતાં કહે છે,

**હુસન :** સુલતાન વિશે હું બહુ ઊંચો ખ્યાલ તો નથી ધરાવતો પણ એમને ખલનાયક તો નહીં જ કહું. સાચું પૂછો તો આપણે ઘણીવાર જાત માટે નાયક અને બીજા માટે ખલનાયક બની બેસીએ છીએ.

ખુસરો અને હુસન વચ્ચેનો આ સંવાદ, અલાઉદ્દીન ખિલજી એ નાટ્યકારને મન ખલનાયક નહીં પણ આપણા સૌનું પ્રતિનિધાન કરતો અને ધનલોલુપતા, સત્તાલોલુપતા, કીર્તિલોલુપતા, સૌંદર્ય-લોલુપતા જેવી માનવસહજ નબળાઈઓ ધરાવતો નાયક છે એ વાતનો પડદો પાડે છે.

હુસન અને ખુસરો વાતચીત કરતા હોય છે ત્યાં સિતારા ફૂલની છાબડી લઈને પ્રવેશે છે. શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ અહીં સિતારાનું આગમન, સિતારાના સ્વભાવ ચિત્રણમાં પણ એક રંગ ઉમેરે છે. સિતારાને અહીં ફૂલની છાબડી લઈને પ્રવેશતાં બતાવી છે. ફૂલની છાબ સાથે સિતારાની કિશોરવય, અલ્લડતા, નિર્દોષતા અને સૌંદર્ય-અનુરાગ તેમજ ફૂલસહજ નજાકત એક સાથે પ્રગટ થાય છે.[૫]

સિતારા હુસન દહેલવીના હાથમાં ખુસરોએ સુલતાન અલાઉદ્દીન ખિલજી વિશે લખેલા નાટકની પ્રત જોઈને એ નાટક અંગે પૂછે છે ત્યારે હુસન દહેલવી એ નાટકમાંના કેટલાક અંશો, ભજવતા હોઈએ એ રીતે સિતારાને વાંચી બતાવવાનો ખુસરો આગળ પ્રસ્તાવ મૂકે છે. ખુસરો તેનો સહર્ષ સ્વીકાર કરતાં કહે છે,

ખુસરો : ભલે. તું એક બાજુ બેસ સિતારા. હા, ત્યાં. તો? હુસન-સાહેબ, એમ કરો, તમે અલાઉદ્દીનના બુલંદ હાસ્ય સાથે પ્રવેશ કરો. હું આ ચક્ષાસનની સીમામાં આવી જઉં પછી આપે 'તસલીમ જહાંપનાહ' કહીને આગળ વધવાનું.

હુસન : ભલે (હાસ્ય પછી) તસલીમ જહાંપનાહ

ખુસરો : સિતારા, હું બોલું છું એ જલાલુદ્દીનના સંવાદો છે, ખ્યાલ રહેશે ને?

સિતારા : હા. (હસનની નકલ કરતાં) 'તસલીમ જહાંપનાહ!'

હુસન દહેલવી અને અમીર ખુસરો અનુક્રમે અલાઉદ્દીન ખિલજી

અને સુલતાન જલાલુદ્દીનનો પાઠ ભજવે છે અને સુલતાન જલાલુદ્દીનની હત્યા પૂર્વેનું દશ્ય ભજવતા હોય તેમ વાંચી બતાવે છે. નાટકની શરૂઆતમાં અલાઉદ્દીન અને પદ્મિની વચ્ચેનું, ખુસરોની કલ્પનાનું દશ્ય આલેખી નાટકમાં નાટકની પ્રયુક્તિ એક રીતે પ્રયોજ્યા પછી નાટ્યકાર અહીં આંતરનાટકની પ્રયુક્તિ અન્ય પ્રકારે પ્રયોજે છે. હુસન અને ખુસરો સિતારા સમક્ષ અલાઉદ્દીન અને જલાલુદ્દીનની ભૂમિકા ધારણ કરી પ્રતમાંના સંવાદો બોલે ને એ રીતે નાટકમાંના નાટકનું દશ્ય ભજવાય એવી તરકીબ નાટ્યકાર અહીં અપનાવે છે.

'સુલતાન જલાલુદ્દીનનું ખૂન ક્યાં થશે ?' એવો હુસન દહુલવી પ્રશ્ન પૂછે છે ત્યારે ખુસરો હસ્તપ્રતમાં ડોકિયું કરતાં કહે છે, "... જ્યારે રાજા જલાલુદ્દીન...". સિતારા તેમાં સુધારો કરતાં કહે છે, "રાજા નહીં સુલતાન.." એ વખતે ખુસરો બોલી ઊઠે છે,

**ખુસરો :** મારું ચાલે તો સંસ્કૃત અને ફારસીને એક કરી દઉં.
**હુસન :** ગંગા-જમનાની જેમ?

ખુસરો સાચો ધર્મી છે. અલગતાવાદી કે ધર્મઝનૂની નથી. સંસ્કૃત ફારસી એક કરી દેવાની તેની ભાવના કોઈપણ યુગપુરુષની ભાવના જેવી છે. ૬

સુલતાન જલાલુદ્દીનની હત્યા કેવી રીતે થશે તેનું વર્ણન કરતાં ખુસરો કહે છે,

**ખુસરો :** (હસન પાસેથી હસ્તપ્રત લેતાં) બે સિપાહીઓ વચ્ચે બચવા મથતા જલાલુદ્દીન પાછલા પગે નેપથ્યમાં નાસી જશે અને અદૃશ્ય થવાની સાથે જ મરશે. ધીમી ચીસ સંભળાશે. આ રીતે 'ઓહ!' પછી એક સિપાહી ભાલો ઊંચો કરીને પ્રવેશશે. ભાલાના ફણા પર જલાલુદ્દીનનું મસ્તક હોય એમ બતાવતો એ બોલશે- આ રહ્યા સુલતાન જલાલુદ્દીન!

નાટકના અંતે અલાઉદ્દીનની હત્યા પણ નાટ્યકારે આ રીતે જ નિરૂપી છે. અમીર ખુસરોએ લખેલા એ નાટકના અંતિમ દૃશ્યમાં મલેક કાફૂર તલવારથી અલાઉદ્દીનનું મસ્તક કાપવાનો અભિનય કરે છે અને ચકાસન નીચેથી અલાઉદ્દીનના મસ્તક જેવું મ્હોરું લઇ ઊંચે કરી જોરથી હસી પડે છે અને મંચના કેન્દ્રમાં આવીને કહે છે,

**કાફૂર :** આ રહ્યા સુલતાન અલાઉદ્દીન.. આ રહ્યા સિકંદર સાની સુલતાન અલાઉદ્દીન

રાજકીય સરમુખત્યારો હંમેશાં આવો જ કરુણ અંત પામતા હોય છે એ નાટ્યકારે ખૂબીપૂર્વક દર્શાવી આપ્યું છે. આ પ્રકારની દૃશ્યયોજના-થી નાટક, અલાઉદ્દીનના જીવન પૂરતું સીમિત ન બની રહેતાં કોઈ પણ રાજકીય સરમુખત્યારના જીવનને પ્રતીકાત્મક રીતે નિરૂપતું નાટક બની રહે છે.

સુલતાન જલાલુદ્દીનની હત્યાના દૃશ્ય પછી, હસન અને ખુસરો બે

સિપાહીઓ વચ્ચે ચાલતા સંવાદો રજૂ કરે છે. સુલતાન જલાલુ-દ્દીને સીદી મૌલાને દરબારમાં જ મારી નાંખી એના શરીરને હાથીના પગ નીચે કચડાવી દીધેલું ત્યારે દિલ્લી પર આંધી ચઢી આવેલી એ હકીકતની એક સિપાહી યાદ અપાવે છે ત્યારે અન્ય સિપાહી કહે છે,

**હસન** : (પહેલા સિપાહીનું વાંચતાં): પણ આ અત્યારે શું છે આંધી જેવું?

**ખુસરો** : (બીજા સિપાહીનું વાંચતાં) : એ તારો ભ્રમ છે, આંધી નથી

**હસન** : હા, આંધી નથી જ. માર્યા ગયેલા બાદશાહના અધૂરા મનસૂબાઓનો ઘુઘવાટ છે.

**ખુસરો** : અરે ભાઈ ના, આ તો સુલતાન અલાઉદ્દીનની વિજયભેરી છે.

**હસન** : તો હવે આપણને ઈનામ મળવાનું.

**ખુસરો** : ઈનામમાં શું મળશે? ખબર છે?

**હસન** : મને તો ખબર છે, તને નથી.

**ખુસરો** : ના, તને નથી, મને છે. કહું? કહી દઉં

**હસન** : કોઈ સાંભળી જશે તો?

**ખુસરો** : ઈનામમાં મોત.

અમીર ખુસરો, બીજા સૈનિકનો આ સંવાદ બોલે છે ત્યાં રંગનિર્દેશમાં સૂચવાયા મુજબ (અમીર ખુસરોએ લખેલા) નાટકનો અલાઉદ્દીન ધસી આવે છે અને (સિપાહીઓના સંવાદ બોલી રહેલા) ખુસરો અને હસન બાજુએ ખસી જાય છે. ખુસરો પોતે લખેલા નાટકમાંથી સિપાહીનો સંવાદ બોલતા

kalpana's

હોય અને ત્યાં પોતાના જ નાટકનો નાયક અલાઉદ્દીન ધસી આવે ને સંવાદ બોલવા માંડે એ પ્રકારની દૃશ્યયોજના નાટકમાં નાટક જેવી એક જ નાટ્યપ્રયુક્તિના વિવિધ પ્રકારે થતા વિનિયોગનું ઉદાહરણ બની રહે છે.

બીજો સિપાહી 'ઈનામમાં મોત' એવું કહે છે ત્યારે એકાએક ધસી આવેલો અલાઉદ્દીન તેના છેલ્લા શબ્દો પકડી લઈ બોલી ઊઠે છે,

અલાઉદ્દીન: હા, ઈનામમાં મોત. મેં એમને મોત બક્ષ્યું હતું. એમને બધાને. જેમણે કાકાના વારસદારોને દગો દીધો એ બધાને મેં સરખા કરી કરીને ખતમ કર્યા. જે ઉમરાવો અને સરદારો લોભાઈને મારા પક્ષે આવ્યા હતા એમને પહેલાં તો મેં મુફલિસ કર્યા, પછી આંધળા કર્યા. દગાબાજોનો એતબાર શો? જે લોકો કાકાને વફાદાર રહ્યા એમની મેં કદર કરી.

ત્યાં આદમકદની ફ્રેમમાં પદ્મિની પ્રગટે છે અને કહે છે

**પદ્મિની:** એ તારો દંભ હતો, નર્યો દંભ

આ સાંભળી અલાઉદ્દીન, પોતાની નીતિનાં લોકોએ વખાણ કર્યા છે, પોતાની નીતિને લોકોએ વધાવી લીધી છે એવી દલીલ કરે છે ત્યારે પદ્મિની એ વખાણ પાછળની અસલિયત છતી કરતાં કહે છે,

પદ્મિની: એ તો તેં રસ્તામાં વેરેલું દ્રવ્ય એમની મુઠ્ઠીમાં રહ્યું

એટલો વખત. પછી તો ચૌટે ને ચોકે, ભાગોળે ને
વગડે લોકોએ તને એક જ નામથી ઓળખ્યો છે.

અલાઉદ્દીન, પદ્મિનીને આ બધી વાત રતનસેને કરી હોવાની શંકા સેવે છે. પોતે રતનસેનને જન્નતમાં મળશે ત્યારે... એવું અલાઉદ્દીન કહેવા જાય છે ત્યાં પદ્મિની તેને અધવચ્ચે અટકાવીને તેની સત્તાલોલુપતા તેના શા હાલ કરશે તેનો ચિતાર આપતાં વેધકપણે કહે છે.

**પદ્મિની :** જન્નત? તારા ભાગ્યમાં સ્વર્ગ નથી, પૃથ્વી છે, માત્ર પૃથ્વી! તારે તો પડછાયો બનીને આ સલ્તનતનાં ખંડિયેરોમાં જ ભટક્યા કરવાનું છે.

સત્તાના મદમાં આંધળો બનેલો અલાઉદ્દીન તેને રદિયો આપતાં કહે છે.

**અલાઉદ્દીન :** ખંડિયેર તો બધાં મારી આલમ બહાર રહી ગયાં. મારી સલ્તનતનો પાયો મજબૂત છે સુન્દરી! એની એક કાંકરી પણ ખરે એમ નથી. મેં મુનસફીનું નહીં, કાયદાનું રાજ્ય સ્થાપ્યું છે. મેં ખુદાના દૂતની હેસિયતથી કામ કર્યું છે.

ત્યારે કયામતની પરવા કર્યા વિના વિલાસ ભોગવ્યે જવાની અલાઉદ્દીનની મનોવૃત્તિ બેનકાબ કરતાં પદ્મિની સોંસરવો પ્રશ્ન પૂછે છે.

**પદ્મિની :** તેં વળી ક્યારે ખુદાની પરવા કરી છે? ભૂલી ગયો? તેં જ કાઝીને કરાજીમાં કહ્યું હતું, "કયામતના દિને મારું શું થવાનું છે

એ હું જાણતો નથી."

અલાઉદ્દીન પોતાની માનવસહજ નબળાઈ છતી કરતાં પ્રત્યુત્તર આપે છે.

અલાઉદ્દીન : હા નથી જાણતો. ફક્ત એટલું જ જાણું છું કે બેગમની
અવગણનાથી હું બહાર નીકળ્યો હતો, સત્તાની
શોધમાં. પણ એ તો માત્ર રસ્તો હતો. મારે તારા
સુધી પહોંચવું હતું, તારા સુધી સુન્દરી!

એમ કહી ખડખડાટ હસતો પદ્મિનીને પકડવા જાય છે. પદ્મિની દોડીને 'ઈનસેટ'માં - આદમકદ ફ્રેમમાં - જતી રહે છે. અલાઉદ્દીન ફાંફાં મારતો રહે છે ત્યાં અંધકાર થઈ જાય છે ને નાટકમાંના નાટકનું દૃશ્ય પૂરું થાય છે.

અહીં પદ્મિનીના પાત્ર દ્વારા અમીર ખુસરો અને એમ નાટ્યકાર રઘુવીર ચૌધરી, અલાઉદ્દીન સંબંધી ઈતિહાસપ્રસિદ્ધ હકીકતોની એક વકીલની હેસિયતથી જાણે ઉલટતપાસ કરે છે. એનાથી અલાઉદ્દીનનાં આંતર બાહ્ય વ્યક્તિત્વ એકસાથે પ્રગટ થાય છે અને પદ્મિનીના પાત્રની સાર્થકતા સિદ્ધ થાય છે. તેના પાત્રને નાટ્યાત્મક મૂલ્ય પ્રાપ્ત થાય છે અને ઈતિહાસની ઘટનાને પ્રેક્ષક એક નવા પરિપ્રેક્ષ્યમાં નિહાળતો થઈ જાય છે.

આ દૃશ્યના સંદર્ભમાં શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે કે અલાઉદ્દીનનો પદ્મિની સુધી પહોંચવાનો દોડનો રસ્તો કેવો - કેટલો વિચિત્ર આત્મઘાતી અને વાહિયાત હતો તેનો પરિચય પદ્મિનીના કટાક્ષપૂર્ણ

પ્રત્યુત્તરોથી અહીં મળે છે.. ખુસરોની નજરથી થયેલું અલાઉદ્દીનનું ચિત્રણ અલાઉદ્દીનની વૃત્તિ પરત્વે ભાવક- કે પ્રેક્ષકને- જેટલી અનુકંપાની લાગણીથી ભરે છે, તેટલી ઘૃણાની લાગણી અહીં ઉપજતી નથી. નાટ્યકારે અલાઉદ્દીનને 'સર્વભોગ્ય'ને સર્વકાળ બાંધી રાખવા ઈચ્છતા સમ્રાટ તરીકે આલેખ્યો છે ખરો, પરંતુ આ નિરૂપણ 'માનવસહજ નબળાઈ' તરીકેનું રહે છે. એટલે જ ખુસરોની કવિ તરીકેની 'વિધાયક નજર' સર્જક રઘુવીરના 'વિધાયક આલેખન'ની પણ છે.[૭]

ખુસરોની કલમે લખાયેલા નાટકમાં અલાઉદ્દીન અને પદ્મિની વચ્ચેનાં આવાં દૃશ્યો નિરૂપી નાટ્યકારે અલાઉદ્દીન પરત્વે ભાવકને, પ્રેક્ષકને ઘૃણાની નહીં પણ સમભાવની લાગણી થાય, અનુકંપાની લાગણી થાય એવી યોજના કરી છે કે જેથી અલાઉદ્દીન 'ખલનાયક' બનવામાંથી ઉગરી જઈ 'ટ્રેજિક નાયક' બની રહે.

પુનઃ પ્રકાશ થતાં ખુસરોની જગ્યાએ સિતારા બેઠેલી જણાય છે. સિતારા ફૂલછાબ લઈ ઊભી થાય છે. ફૂલ ઉછાળતાં બોલે છે,

સિતારા : અરે ફૂલો!
તમે ધરતી પરથી આવ્યાં છો ને!
તો તમે જ કહો,
એ બધી મૂર્તિઓ જે માટીમાં મળી ગઈ
એ કેમ છે?
કાલે વાયુમંડળમાં
ઉપર સુધી પહોંચેલા એ રજકણોનું શું થયું?
શું એ સૂરજ બન્યા કે માટીમાં મળી ગયા?

અલાઉદ્દીનની અદમ્ય સત્તાલાલસા, જગત આખાને જીતી લેવાની સિકંદરી મહત્ત્વાકાંક્ષા અને તેની કરુણ નિષ્ફળતાનો પડઘો પાડતી સિતારાના મુખેથી બોલાતી આ પંક્તિઓને નાટકના અંત ભાગમાં સિતારાનો વેશ ધારણ કરેલી પદ્મિનીના મુખેથી બોલાવી આ પંક્તિઓ પાછળના મર્મને નાટ્યાત્મક રીતે સિદ્ધ કરી બતાવ્યો છે.

સિતારા, "શું એ સૂરજ બન્યા કે માટીમાં મળી ગયા?" એ પંક્તિ ઉચ્ચારે છે ત્યારે રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ મલેક કાફૂર પ્રવેશે છે. છૂપાઈને સિતારાને જોઈ રહે છે. મલેકના પ્રવેશથી અનભિજ્ઞ એવી સિતારા પોતાનો સંવાદ આગળ ચલાવતાં કહે છે,

સિતારા : આ હવા ક્યાં સુધી એ નિર્દયની ખુશબો
મારા સુધી પહોંચાડતી રહેશે?... હે હવા, જા, એમનાં ચરણ
ચૂમી લે અને એ કંઈ બોલે નહીં તો એમનું મુખ પણ.

તે વખતે મલેક કાફૂર વધુ લલચાઈને તાકી રહે છે. સિતારા કહે છે,

સિતારા : તેં કહ્યું કે હું ક્યારેક સ્વપ્નમાં મોં બતાવીશ. આવી
વાત કોઈક પારકાને કરજે કેમ કે તને ચાહનારને તે વળી
નીંદ કેવી!

...સિતારાની

પોતાના પ્રિયતમને ઉદ્દેશીને બોલાયેલી આ પંક્તિઓના અંતે, હુસનને દાખલ થતા જોઈ કાફૂર છુપાતો સરકી જાય છે. સિતારા, શાસ્ત્રીય રાગની નજીક રહીને 'કાહે કો બ્યાહી બિદેસ રે – લખિ બાબુલ મોરે' એ રચના ગાય છે જે સાંભળી હુસન દહેલવી ઝૂમી ઊઠે છે ને તેમના

મુખમાંથી શબ્દો સરી પડે છે.

**હુસન**: શાબાશ, શાબાશ, સિતારા, આજથી તું અમારી પણ બેટી. તેં ખૂબ લગનથી ગાયું.

હુસન દહેલવી 'ખુસરો સાહેબ હું રજા લઉં' એમ કહી જવા જાય છે ત્યારે ખુસરો હુસનને,'સુલતાનના બોલાવવાથી મલેક કાફૂર તાબડતોબ દિલ્લી આવી રહ્યો' હોવાની વાત કરે છે. જો કે મલેક કાફૂર તો દિલ્લી આવી ચૂક્યો છે અને અમીર ખુસરોના ઘરમાં પ્રવેશી ચૂક્યો છે અને સિતારાને જોઈ ચૂક્યો છે. મલેક કાફૂરના મૂક પ્રવેશ-પ્રસ્થાનની નાટ્યકારે કરેલી આ યોજના નાટકના અંતિમ દૃશ્યના સંદર્ભમાં સાર્થક નિવડે છે.

સુલતાનના બોલાવવાથી મલેક કાફૂર આવી રહ્યો છે એ સાંભળી હુસન દહેલવી ટકોર કરે છે.

**હુસન**: આવે,જાય, આપણે શું? આપણે કેટલા સુલતાનોને આવતા-જતા જોયા? તે દિવસે આપે સાચું જ કહ્યું હતું કે આ દુનિયા એક કારવાંસરાય છે. આપણે તો ખુલ્લી આંખે, આયનાની જેમ -

એ વખતે, પોતાની ભૂમિકાને જેણે અગાઉથી જ જોઈ લીધી છે એવા અમીર ખુસરો બોલી ઊઠે છે.

**ખુસરો**: આયનો સ્થિર હોય તોપણ એનામાં પ્રકાશનું પ્રતિબિંબ અને

અંધારાની છાયા પડે છે. બનતી ઘટનાઓના સાક્ષી થવું એ પણ કંઇ જેવીતેવી જવાબદારી નથી.

હુસનના ગયા પછી વિચારમાં ગરકાવ થઈ ગયેલ ખુસરો પોતાની આ મથામણનો તંતુ આગળ ચલાવતાં સ્વગતપણે વદે છે,

ખુસરો : (વિચારતાં) ઈતિહાસ કોને યાદ કરશે? સુલતાન અલાઉદ્દીન ખિલજી [જેવા આપખુદ સર્વસત્તાધીશ]ને કે [ખુદાના નેક બંદા, ધર્મ-ઓ-ઈમાનની સાક્ષાત્ મૂર્તિ એવા] શેખ નિઝામુદ્દીન ઓલિયાને? (અટકીને) ઈતિહાસની વાત પછી. હજી હું જ સુલતાન અને શેખ — દરબાર અને ખાનકાહ વચ્ચે વહેંચાયેલો છું ત્યાં જેને પોતાની કોઇ પસંદગી નથી એ ઈતિહાસની વાત શા માટે કરું છું? (અટકીને) આ નાટક લખવાનું વળી ક્યાંથી સૂઝ્યું? અમીર - ઉમરાવો પણ નાપસંદ કરવાના અને સુલતાન તો કદાચ નારાજ પણ થાય.

કોઈ પણ શબ્દયાત્રી માટે આખરે તો શબ્દાશ્રય જ શ્રેષ્ઠ ચરમ સ્થાન છે. એટલે જ કવિ સર્જક અમીર ખુસરો મથામણના અંતે નિર્ણય લે છે,

ખુસરો : ભલે થાય, આટલો વખત વર્તમાનના સાક્ષી રહ્યા પછી હવે આવનાર આલમ માટે પણ કંઈક લખી જવું જોઈએ. એ માટે 'તારીખે અલાઈ'માં કરેલી અલાઉદ્દીનની તારીફનો વિરોધ કરવો પડે તો પણ વાંધો નથી. ક્યારેક સત્યની નજીક જવા જાતની સામે પણ જવું પડે.

ખુસરોનો આ કલમાશ્રય પણ સમાધાનવૃત્તિ ધરાવતો નથી. સત્ય ખાતર જાત સામે જઈને પણ કશુંક કહેવા જેટલી હિંમત તેમનામાં છે આ વાતની પ્રતીતિ ખુસરોની સ્વગતોક્તિ પછી આવતું નાટકમાંના નાટકનું દૃશ્ય કરાવે છે.

ખુસરોના 'સ્વગત' કથન પછી રંગમંચના પાછલા ભાગમાં પ્રકાશ થતાં ખુસરોએ લખેલા નાટકમાંનું દૃશ્ય ભજવાય છે જેમાં કાઝી મુધિસુદ્દીન ચકાસનની એક બાજુ આવી બેસે છે. ખુસરો રાજદરબારને અનુરૂપ એક વસ્ત્ર ઓઢતા કાઝીની સામે બેસે છે. ઓછી ઉમ્મરનો લાગતો અલાઉદ્દીન ત્વરાથી પ્રવેશે છે. કુર્નિશ કરતા બંનેને માપી લેતો હોય એમ જોઈને મિથ્યાભિમાનમાં રાચતો અલાઉદ્દીન બોલે છે,

**અલાઉદ્દીન :** આ દુનિયામાં અલ્લાહનો સાચો દૂત સુલતાન છે. એનામાં કોઈ પણ આદમી કરતાં વધારે અક્કલ છે અને એની ઈચ્છા એ કાયદો છે, એની જાત સિવાય બીજા બધા લોકો રૈયત છે, કાં તો એના ગુલામ! સિપાઈ, જાઓ દિલ્લીના કોતવાલ અલા-ઉલ-મુલ્કને માલૂમ કરો કે બાદશાહ યાદ કરે છે. આજે અમારે એની સલાહ લેવી છે.

શ્રી શૈલેષ ટેવાણી આ સંવાદના સંદર્ભમાં નોંધે છે તેમ અલાઉદ્દીન 'જાત' સિવાયના બીજા બધાંને 'રૈયત' (people) માં ગણતો નથી; એ પછી 'ગુલામો' એક સ્વતંત્ર – રાજાની ગુલામી માટે ઊભી

કરાયેલી પ્રજાની હસ્તીને સ્વીકૃતિની મહોર મારે છે. કોતવાલને અચા-
-નક દિલ્હી બોલવવામાં એના 'તરંગી' મિજાજનો પરિચય મળે છે.[૮]

અલાઉદ્દીન, કોતવાલની સલાહ લેવાનો ઈરાદો જાહેર કરે છે ત્યારે ખુસરો, કોતવાલ તો વગર માગ્યે પણ સલાહ આપે છે અને એ સલાહને અનુસરીને જ તેમણે શેખ નિઝામુદ્દીન ઓલિયાની દુઆથી નવો મજહબ શરૂ કરવાનો પોતાનો ઈરાદો પડતો મૂક્યો હતો એ વાતની અલાઉદ્દીનને યાદ અપાવે છે ત્યારે સત્તા અને અહંકારમાં અંધ બનેલો અલાઉદ્દીન હૂંકાર કરે છે,

**અલાઉદ્દીન :** એ સલાહ અમે માગી હતી. તમે ક્યાં નથી જાણતા શાયર કે જે જોઈતું હોય એ, જેની પાસે હોય એની પાસેથી અમે માગી લઈએ છીએ. એ સલાહ હોય કે સગવડ, સુરૂર હોય કે સૂરત! અને કોતવાલ અલા-ઉલ-મુલ્ક તો વફાદાર છે.

કાઝી મુધિસુદ્દીનની દૃષ્ટિએ કોતવાલ, અલાઉદ્દીનને નહીં પણ તેમની તાકાતને વફાદાર છે અને એટલે જ કાઝી, સુલતાને જ્યારે ગુજરાત પર ચઢાઈ કરવાનો હુકમ કર્યો ત્યારે લશ્કરમાં જોડાયેલા મોંગલો વફાદાર હતા પણ જીતની દોલતમાં હિસ્સો માગવા તેમણે બળવો કર્યો અને રણથંભોરના હમીરદેવનો આશરો લીધો એ વાતની યાદ અપાવે છે. અલાઉદ્દીન પોતાની સામે એક પછી એક થતી બગાવતોથી ચિંતિત છે. તે માટે ખુસરો જાસૂસી બંદોબસ્ત જડબેસલાક કરવાનું સૂચવે છે ત્યારે કાઝી અમીર ઉમરાવો સામાજિક પ્રસંગે આપસ આપસમાં મળી સુલતાન વિરુદ્ધ કાવતરાં ઘડે છે એવો

અનુસાર આપે છે. તરંગી અલાઉદ્દીન એ બંનેની વાતો સાંભળી પોતાનો નિર્ણય આપતાં કહે છે,

**અલાઉદ્દીન:** હું તમારી બંનેની વાત કબૂલ રાખું છું. પણ મને લાગે છે કે તમારી બંનેની વાતના મૂળમાં પૈસા છે. વગર મહેનતનો પૈસો. એમાંથી અઢળક દોલત એકઠી કરનારા જ નવરાશના વખતમાં બગાવતના વિચારો કરે છે. એમને ગરીબ બનાવીને કામે લગાડવા જોઈએ... હું આખી સલ્તનતમાં એવી તજવીજ કરીશ કે જીવવા જેટલું કમાવા માટેય માણસે સખત મહેનત કરવી પડે.

આ સાંભળી ખુસરો, સુલતાનના આવાં પગલાંથી રૈયત તેમને વખાણવાને બદલે વખોડશે એવી દહેશત વ્યક્ત કરે છે ત્યારે સત્તાના મદમાં રાચતો અલાઉદ્દીન પોતાની સ્વાર્થવૃત્તિને છતી કરતાં કહે છે,

**અલાઉદ્દીન:** રૈયત વખાણે એની હવે મારે જરૂર રહી નથી.. લોકોની યાદદાસ્ત ટૂંકી હોય છે ખુસરો!.. મારે હવે એક પછી એક નવી જીત હાસિલ કરવી છે. આખી દુનિયા સર કરવી છે. બાગીઓને સજા કરવા માટે વખત બગાડવો પડે એ મને સખત નાપસંદ છે.

અને એમ કહી અલાઉદ્દીન જવા ધારેલી દિશાની સામી બાજુ

ત્વરાથી ભય છે. સુલતાનને એ રીતે જતા જોઈને ખુસરો, તેઓ જનાનખાનામાં ગયા હશે એવું અનુમાન કરે છે. કાઝી, સુલતાને સલાહ લેવા માટે વઝીરોને પણ બોલાવ્યા હોવાની વાત કરે છે ત્યારે અમીર ખુસરો હસી પડતાં કહે છે,

ખુસરો : કાઝી સાહેબ આપ પણ ઘણીવાર ભારે ભોળપણ દાખવો છો. સુલતાનને સલાહની જરૂર છે? અને એ પણ વઝીરોની? એમણે ભલે દરેક ખાતાના વજીર રાખ્યા હોય પણ એ પોતે જ પોતાના વજીરે આઝમ છે.

અહીં ખુસરોના આ કથન દ્વારા નાટ્યકારે અલાઉદ્દીન ખિલજીનું દરેક યુગમાં જોવા મળતા પોતાને સર્વસત્તાધીશ સમજતા રાજકીય સરમુખત્યારોના પ્રતિનિધિ રૂપે આલેખન કર્યું છે. વળી ઈન્દિરા ગાંધીના શાસન વેળા જાહેર થયેલી કટોકટી સમયની લેખક રઘુવીરની મનઃસ્થિતિ આ સંવાદોમાં ડોકાતી રહે છે.

પોતાને ખુદા અને કાનૂનનો બંદો ગણાવનારો સુલતાન, કાઝીઓને જાહેરમાં તો એવી જ ફરિયાદો સોંપે છે કે જેના ચુકાદા મઝહબ અને કાનૂન મુજબ કેવા આવશે એની એમને ખબર હોય અને એ રીતે તેઓ મઝહબ અને કાનૂનનો ઉપયોગ કરે છે તો તેનો વિરોધ કરવાનું મન થતું નથી એવો પ્રશ્ન ખુસરો કાઝીને કરે છે ત્યારે ભીરૂ કાઝી, ખુસરોને ધીમેથી બોલવાનું જણાવી સુલતાન અત્યારે જનાનખાનામાં જવાને બદલે જાસૂસી બંદોબસ્ત પાકો કરવા ગયા હોવાની આશંકા વ્યક્ત કરે છે. નીડર ખુસરો તેનો પ્રતિકાર કરતાં કહે છે કે

જાસૂસીનો બંદોબસ્ત પાકો કરવાની સૂચના તો પોતે જ સુલતાનને આપી હતી અને કદાચ સુલતાન જાસૂસીનો બંદોબસ્ત પાકો કરવાની શરૂઆત ખુદ પોતાના પર (ખુસરો પર) જાસૂસો ગોઠવીને કરે તે બનવા જોગ છે. એ પછી કાઝી અને ખુસરો વચ્ચે થતી વાતચીત, 'સત્યની નજીક જવા જાતની સામે પણ જવું પડે તો વાંધો નહીં' એવો ખુસરોએ કરેલા સંકલ્પને ચરિતાર્થ કરે છે.

**કાઝી:** મને ઘણીવાર અચરજ થાય છે કે આ શાયરો ડરતા કેમ નથી?

**ખુસરો:** સ્વાર્થ ન હોય તો માણસ ડરે શા માટે?

**કાઝી:** તમારા ન ડરવાનું કારણ મને તો એ લાગે છે કે તમારું કહેલું સમજતાં લોકોને સારી એવી વાર થાય છે.

**ખુસરો:** જાસૂસ વાર ન પણ કરે.

**કાઝી:** તો એ કઈંક જુદું જ સમજશે.

**ખુસરો:** પણ સુલતાન વિશે તમે એવું નહીં કહી શકો. અને જ્યારે પણ આપણી વાત સમજવામાં એમને તકલીફ પડશે ત્યારે એ આપણને લડાવી મારશે.

**કાઝી:** એ ખુદ તો એવું ન કરે.

**ખુસરો:** કોતવાલ પાસે કરાવશે.

**કાઝી:** આપણી આગળ કોતવાલનું ગજું શું?

**ખુસરો:** પણ આપણું ગજું તો ખરું ને! - ગમે ત્યારે લડી મરવાનું!

ખુસરો અને કાઝી વચ્ચે ચાલતી આ વાતચીત દરમિયાન મંચના બીજા ભાગમાં સિતારા એની ધૂનમાં હાથમાં નાટકની પ્રત લઈ

પ્રવેશે છે, અને ખુસરોના આસન પર બેસે છે.

ખુસરોની વાત સાંભળી કાઝી હસતાં હસતાં કહે છે,

કાઝી : અરે વાહ અમીર ખુસરો ! શેખ નિઝામુદ્દીન ઓલિયાએ સાચું જ કહ્યું છે : ' કયામતમાં સવાલ થશે કે નિઝામુદ્દીન ધરતી પરથી શું લાવ્યો તો જવાબમાં હું ખુસરોને હાજર કરીશ.

કાઝીના આ કથનની સાથે પ્રકાશપરિવર્તન થાય છે અને સિતારા સ્પષ્ટ દેખાય છે. નાટક બંધ કરીને એ સિતાર વગાડવા લાગે છે. એની ધૂન સાથે ગાય છે.

સિતારા : ખુસરો રૈન સુહાગકી, જાગી પી કે સંગ
તન મેરો મન પીઉકો દોઉ ભયે ઈક રંગ

ગીતના અંતે નાટકની પ્રત પુનઃ ખોલે છે. પાના ફેરવે છે. નજર સ્થિર થતાં પ્રકાશપરિવર્તન થાય છે અને નાટકમાંના નાટકનું દૃશ્ય ભજવાય છે. અહીં નાટ્યકારે ખુસરોએ લખેલું નાટક સિતારા વાંચતી જાય અને એ જે કાંઈ વાંચે તે પ્રેક્ષકો સમક્ષ ભજવાતું જાય એ પ્રકારે આંતરનાટકની પ્રયુક્તિ યોજી છે. નાટકમાં-ના નાટકના આંતર દૃશ્યોને નાટ્યકારે અહીં 'સિતારા'ના માધ્યમથી જોડ્યા છે. વળી ખુસરોએ લખેલા નાટકનાં બે દૃશ્યો વચ્ચેના 'ક્રિયાસમયગાળા'ને પણ એ રીતે સ્પષ્ટ કરી આપ્યો છે. જેમ કે અગાઉના દૃશ્યમાં કાઝી અને ખુસરો

વચ્ચેની વાતચીત હતી જ્યારે હવે પછીના દૃશ્યમાં પણ કાઝી અને ખુસરો વચ્ચે થતી વાતચીત છે તેમ છતાં એ બંને દૃશ્યોનાં સ્થળ અને કાળ જુદા છે. સમાન પાત્રો પરંતુ વિભિન્ન સ્થળ કાળ ધરાવતા દૃશ્યોનું સંકલન અહીં 'સિતારા'ના પાત્ર દ્વારા થયું છે. ખુસરોએ લખેલા નાટકમાંના અલાઉદ્દીનના જીવનને નિરૂપતાં દૃશ્યો અને ખુસરોના વાસ્તવિક જીવનને નિરૂપતાં દૃશ્યો આ રીતે ક્રમશઃ ભજવાતાં જાય છે અને એ રીતે નાટકનું કથાવસ્તુ વિકસતું રહે છે.

ખુસરો અલાઉદ્દીનની રાહ જોતા ઊભા છે ત્યાં કાઝી મુધિસુદ્દીન આવે છે. ખુસરો, સુલતાન હવે બિન-મજહબી રાજ્ય - પોતે નવા ઘડેલા કાનૂનનું રાજ્ય - સ્થાપવા માગે છે, તેઓ ઉલેમાઓની ઈચ્છાની પરવા કરતા નથી એ વાતથી કાઝીને વાકેફ કરે છે. પોતાને ખિલફતનો જમણો હાથ કહીને ઓળખાવનાર સુલતાન હવે બિન મજહબી રાજ્ય સ્થાપવાની વાત કરે એ કાઝીના ગળે ઉતરતું નથી ત્યારે ઈતિહાસે જેને ક્રૂર-જુલમી અને સત્તાલોલુપ, આપખુદ સુલતાન તરીકે ચિતર્યો છે તેવા અલાઉદ્દીનમાં માનવસહજ નબળાઈઓનું દર્શન કરનાર સર્જક-કવિ ખુસરો તેનો બચાવ કરતાં કહે છે,

**ખુસરો :** માણસના વર્તનમાં એટલો વિરોધાભાસ પણ ન હોય?

સુલતાન બિનમજહબી રાજ્ય સ્થાપી ઉલેમાઓની કામગીરી પણ પોતાના હાથમાં લઈ લેવા માગે છે અને એ રીતે મજહબને રાજદરબારમાંથી દેશવટો દેવા માગે છે એવા વિચારથી કાઝી

બાદશાહ પર ગુસ્સે થાય છે ત્યારે સત્ય ખાતર જાત સામે જઈને પણ કશુંક કહેવા જેટલી હિંમત જેનામાં છે તે અમીર ખુસરો, પોતે જે કરે છે તેને, આચરે છે તેને, મઝહબનું કાર્ય માની બેઠેલા કાઝી અને સુલતાનને ઉદ્દેશીને સ્પષ્ટપણે કહે છે,

ખુસરો : સુલતાન એમ કરી શકશે તો એથી મજહબને ખાસ નુકસાન થવાનું નથી. મજહબ તો આદમીની ખુદની ખોજ છે, સલ્તનતની નહીં.

'આવી દલીલોથી તો તમે સુલતાનને કાફર બનવાની છૂટ આપી દેશો' એવી કાઝી દહેશત વ્યક્ત કરે છે ત્યારે ખુસરો સૂચકપણે કહે છે," પણ સુલતાનને એ પાલવે તેમ નથી. એ દેખાવ તો એવો કરશે કે.. " કાઝી ખુસરોને અધવચ્ચેથી અટકાવતાં કહે છે," તો હું જાહેર કરીશ કે એ કાફર છે." ખુસરો સામી દલીલ કરતાં કહે છે," અને એ આપની સલાહ મુજબ ચાલવાનો દેખાવ કરે તો..." ને એ સાથે જ અલાઉદ્દીન ત્વરાથી પ્રવેશે છે અને વાતનો તંતુ પકડીને બોલી ઊઠે છે,

અલાઉદ્દીન : ઘણીવાર હું કાઝીસાહેબની સલાહ મુજબ ચાલ્યો છું.

આ શબ્દો કાને પડતાંની સાથે જ ક્ષણવાર પહેલાં સુલતાનને કાફર ઘોષિત કરવા તત્પર બનેલ કાઝી પવન પ્રમાણે પીઠ ફેરવતાં કહે છે -

**કાઝી:** મેં જ નામદારને જણાવેલું કે જ્યાં સુધી રૈયતને બેહાલ કરવામાં નહીં આવે ત્યાં સુધી એ કાયમ માટે વફાદાર થવાની નથી. એ પછી હુકમો થયેલા કે કોઈને દોલત એકઠી કરવા દેવામાં ન આવે.

આ સાંભળી ખુસરો આજની રાજકીય પરિસ્થિતિ પર જાણે કટાક્ષ કરતા હોય તેમ સ્વગતપણે બોલી ઊઠે છે,

**ખુસરો:** (સ્વગત) સરકાર ભલે ગમે તેટલી દોલત એકઠી કરે!

ને પછી કાઝી સાહેબને ટોણો મારતાં પ્રગટપણે કહે છે,

**ખુસરો:** (મોટેથી) કાઝીસાહેબ, પહેલાં અમીર-ઉમરાવો પોતપોતાનાં લશ્કર રાખતા એને બદલે દિલ્લીમાં કાયમી લશ્કર રાખવાની સલાહ પણ આપે જ આપી હતી, ખરું ને!

કાઝી અને ખુસરો વચ્ચે ચાલતા આ વિવાદને નિર્મૂળ કરતાં અલાઉદ્દીન કહે છે,

**અલાઉદ્દીન:** જુઓ કાઝી સાહેબ અને સાંભળો ખુસરુ-એ-શાઅરાં, અલાઉદ્દીન ભલે તમારી સલાહ સાંભળતો હોય પણ એ ચાલે છે પોતાની અક્કલથી જ...ખુશામદમાં હરીફાઈ કરવાની જરૂર નથી. હું તમારી ખુશામદથી નહીં, મારી તાકાતથી ટકવાનો છું. મારા લશ્કરમાં

આજે ચાર લાખ પંચોતેર હજાર કસાયેલા સિપાઈઓ છે. હું એમની તાકાત પર-

ત્યારે બાદશાહ સલામતની પણ શેહશરમ ન રાખનાર ખુસરો સ્પષ્ટપણે સુણાવી દે છે,

**ખુસરો:** માફ કરજો જહાંપનાહ, સૈનિકો અને હાથીઓનાં ટોળાંમાં તાકાત નથી હોતી, એ તો હોય છે એમનું સંચાલન કરનારની બુદ્ધિમાં.

આ સાંભળીને અલાઉદ્દીન પોતે શું સારું કરે છે અને શું ખોટું કરે છે તેનાથી પોતે બરાબર વાકેફ હોવાની વાત આગળ ધરે છે ત્યારે સુલતાનના ગુણદોષનું તટસ્થપણે મૂલ્યાંકન કરી શકનાર ખુસરો સુલતાને લીધેલા સારાં પગલાંને બિરદાવતાં કહે છે,

**ખુસરો:** ગમે તેમ પણ એક વસ્તુ તો આ દેશમાં પહેલીવાર બની. નામદારે બધી ચીજ-વસ્તુઓની કિંમત નક્કી કરી દીધી છે.

સૌંદર્યલોલુપ અલાઉદ્દીન આ સંદર્ભમાં ખૂબ સૂચકપણે કહે છે,

**અલાઉદ્દીન:** પણ એક ચીજની કિંમત નક્કી થઈ શકતી નથી. અને એ છે ખૂબસૂરતી!

આ સાંભળી સલ્તનતની તિજોરી વિલાસ પાછળ ખલાસ થતી જતી

હોવા પ્રત્યે સુલતાનને ઈશારત કરતાં કાઝી કહે છે," એ માટે આપે કયામતના દિને જવાબ આપવો પડશે." અલાઉદ્દીનનો એ પછીનો કાઝીને અપાતો પ્રત્યુત્તર શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ supreme power પોતે જ ધરાવતો હોવાના એના વહેમને વાચા આપે છે.[૯]

**અલાઉદ્દીન :** (ગુસ્સાથી) કયામતના દિને મારું શું થવાનું છે એ હું જાણતો નથી કે આપની પાસેથી જાણવા પણ નથી માગતો. આપ જઈ શકો છો કાઝીસાહેબ! (થોડી વાર પછી) ગયા! કલ્યાગરા છે! એ સમજે છે કે મેં જે મેળવ્યું છે એ માટે હું જ જવાબદાર છું, ફક્ત હું જ.

નિકરના અનુયાયીઓ પ્રત્યે પણ ઉપેક્ષાભર્યું, અહમ્‌પૂર્ણ, મદાંધ વર્તન દાખવવું એ આ સર્વસત્તાધીશ સુલતાનનું 'વિશેષ વ્યક્તિત્વ' છે. ઉપર્યુક્ત સંવાદમાં તેની 'કયામત'ની પરવા કર્યા વિના વિલાસ ભોગવ્યે જવાની મનોવૃત્તિ સ્પષ્ટ થાય છે.[૯]

બધું મેળવનાર બાદશાહે ખૂબસૂરતીને પામવાની નજર નથી મેળવી એવી ખુસરો ટકોર કરે છે ત્યારે ખુસરોના આવા વિધાનથી છંછેડાયેલ અલાઉદ્દીન સામો પ્રશ્ન કરે છે,

**અલાઉદ્દીન :** નજર? નજરથી શું? એક આખું જિસ્મ જોઈએ. ધબકતું અને ગરમ! અરે ખ્વાબો અને ખયાલોના આશક, તું કદી પદ્મિની માટે તલસ્યો છે ખરો?

ત્યારે ખુસરો, પોતે પદ્મિનીને તલસ્યો નથી, પામ્યો છે એવો ઘટસ્ફોટ કરતાં કહે છે,

**ખુસરો:** પદ્મિનીનું સૌંદર્ય આપે જે આયનામાં જોયું હતું એ આપને યાદ છે ખરો? નામદાર જે ક્ષણે એ આયનામાં સૌન્દર્યનું પ્રતિબિમ્બ જોઈ રહ્યા હતા એ ક્ષણે હું એ આખા આયનાને જોઈ રહ્યો હતો. એને હું મારી યાદમાં સાચવીને સાથે લાવેલો. તેથી તો મેં મારા પુસ્તક 'ખઝાઈનુલ-ફુતૂહ'માં-

આ સાંભળી પોતાના મિથ્યા ખયાલો અને પદ્મિની વગેરે પ્રત્યેની તૃષ્ણાઓથી સભાન અલાઉદ્દીન બોલી ઊઠે છે,

**અલાઉદ્દીન:** ના ખુસરો મારે જે ભૂલવું છે એને એમ લખી દઈને કાયમ ન કર, એને બાદ કરી દે મારી જિંદગીમાંથી

ને પછી નિખાલસ એકરાર કરતાં કહે છે,

**અલાઉદ્દીન:** તારી મસનવીમાં મારી ઈજ્જત થાય એટલામાત્રથી મારી એ દુનિયાવી આરઝૂ ઈશ્કે હકીકીમાં પલટાઈ જવાની નથી. પદ્મિની બળીને રાખ થઈ ગઈ એનો મને અફસોસ છે. એની યાદ આવતાં જ હું બેચેન થઈ જાઉં છું. એ મને બંધ આંખે દેખાવા લાગે છે. હું મારી ભૂલોને યાદ કરી કરીને ડરવા લાગું છું અને

અને એ ડરનો મુકાબલો કરવા ઝલિમ બની
બેસું છું...

શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ તેનો આ નિખાલસ એકરાર, એના તૃષિત હૃદયને કારણે તેણે આજ સુધી વિપરીત વર્તનરૂપે આચરેલાં કુકર્મોથી મેળવેલી અશાંતિમાંથી જન્મ્યો છે.[૧૦]

પદ્મિની બળીને રાખ થઇ ગઈ એ વાત યાદ આવતાં અલાઉદ્દીન બેચેન બની જાય છે. એ પોતાની ભૂલોને યાદ કરી કરીને ડરવા લાગે છે અને એ ડરનો મુકાબલો કરવા ઝલિમ બની બેસે છે. ઈતિહાસ તો અલાઉદ્દીનને ક્રૂર અને ઘાતકી ચિતરી આપણા હૃદયમાં ધિક્કારનો ભાવ જન્માવે છે પણ ખુસરો જેવો સર્જક તો અલાઉદ્દીન જેવા સરમુખત્યારને ધિક્કારવાની જગ્યાએ તેનામાં રહેલી માનવસહજ નબળાઈને ખોળી કાઢે છે અને તેનું સમભાવપૂર્ણ આલેખન કરે છે. એનું ખલનાયક રૂપે અતિ-ચિત્રણ કરવાની જગ્યાએ 'ટ્રેજેડી'ને અનુરૂપ એવા માનવસહજ નબળાઈ ધરાવતા નાયક રૂપે ચિત્રણ કરે છે. અલાઉદ્દીનના ક્રૂર અને ઘાતકી વર્તન પાછળ રહેલી આ માનવસહજ નબળાઈને લીધે જ પ્રેક્ષક તેના પરત્વે કરુણા દાખવે છે અને એમ કેથાર્સિસની ભૂમિકા બંધાય છે.

અમીર ખુસરોના ચાલ્યા ગયા પછી અલાઉદ્દીનના મુખમાંથી સરી પડતા ઉદ્‌ગારોમાં પણ તેનો જ પડઘો સંભળાય છે.

**અલાઉદ્દીન:** આ શાયર અમીર ખુસરો મારી બધી નબળાઈઓ

kalpana's

> જાણે છે. છતાં એ મને ધિક્કારતો નથી. પણ હું ધિક્કારું છું. જે કંઈ ભેગું કર્યું છે, મેળવ્યું છે એ બધાને. જેને કારણે મેળવ્યું છે એ બેગમને પણ, હા બેગમને પણ.

ને ત્યાં રંગનિર્દેશમાં સૂચવાયું છે તેમ પદ્મિની બેગમના વેશે આવીને ઊભી રહે છે. અલાઉદ્દીન એના ભણી એકાદ ડગલું ભરીને ઓળખતાં સ્તબ્ધ થઈ જાય છે. બેગમ કટાક્ષથી મલકાય છે ત્યાં પ્રથમ અંકનો પડદો પડે છે.

બેગમને પોતાના માટે અણગમો હતો અને તેથી તો એને જીતવા પહેલાં પોતે મુલક જીતવા નીકળ્યો એવો સુલતાન જલાલુદ્દીન આગળ સ્પષ્ટ એકરાર કરનાર અલાઉદ્દીન કે બેગમની અવગણનાથી પોતે બહાર નીકળ્યો હતો સત્તાની શોધમાં એવું પદ્મિની આગળ કબૂલ કરનાર અલાઉદ્દીન પોતે જે કંઈ ભેગું કર્યું છે, મેળવ્યું છે તેને, ખુદ પોતાની બેગમને ખૂલ્લેઆમ ધિક્કારે છે. પોતાની નબળાઈઓ જાણી જનાર ખુસરોને પણ એ ધિક્કારે છે. આમ અલાઉદ્દીનમાં શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ બે વૃત્તિઓ પરાકાષ્ઠાએ ઊભરી છે: વિજયી થવાની – હસ્તાગત કરવાની અને જેને કારણે હસ્તાગત કર્યું હોય તેને અને જેના પર વિજય મેળવ્યો હોય તેને પણ નફરત કરવાની. આ પ્રકારનો જ અહીં એનો સંવાદ પણ રજૂ થવાથી તેના વૃત્તિઓનાં ભોગવટા અને ક્ષણિક થતા શમનથી - બલવત્તર થતા ઉદ્રેક તરફ પણ અંગુલિનિર્દેશ મળે છે.[૧૧]

જગતમાં જે કંઈ રમ્ય અને ભોગ્ય લાગે તેને હસ્તાગત કરી લેવાની,

કેન્દ્રિત કરી લેવાની વૃત્તિ દાખવતો અલાઉદ્દીન પદ્મિનીને પામી શકતો નથી. એ પદ્મિની માટે તલસ્યા કરે છે અને એ તલસાટમાંથી જ આ ધિક્કાર, આ નફરત જન્મે છે જે તેને ક્રૂર અને જુલ્મી બનાવે છે. પદ્મિની તો અલાઉદ્દીનની ઝંખના છે. બેગમ અને પદ્મિની વાસ્તવ અને સ્વપ્નનાં દ્વિવિધ રૂપ છે ને એટલે જ પ્રથમ અંકના અંતે પદ્મિની બેગમના વેશે આવીને અલાઉદ્દીનની સામે ઊભી રહે છે. એને ઓળખી જતાં અલાઉદ્દીન સ્તબ્ધ બની જાય છે. અલાઉદ્દીનના પાત્ર થકી, રમ્ય અને ભોગ્ય લાગે તે બધું જ હસ્તગત કરી લેવાની વૃત્તિની કરુણ નિષ્ફળતાનું આલેખન કરવાની નાટ્યકારની નેમ આ પ્રકારની દૃશ્યયોજનાથી બર આવી છે.

અલાઉદ્દીન ખિલજી વિશેનું નાટક લખતી વખતે અમીર ખુસરો અલાઉદ્દીનના ભૂતકાલીન જીવનની ઘટનાઓ નિરૂપવા ઉપરાંત પોતે જેના સાક્ષી છે એવા અલાઉદ્દીનના વર્તમાન જીવનની ઘટનાઓને પણ આલેખે છે. સુલતાને મલેક કાફૂરને દક્ષિણમાંથી તાબડતોબ બોલાવી લીધા પછી બેચેન થયેલ ખુસરો પોતાના નાટકમાં અલાઉદ્દીન અને કાફૂર વચ્ચેનું જે દૃશ્ય નિરૂપે છે તેનાથી બીજા અંકનો પ્રારંભ થાય છે. પ્રૌઢ અલાઉદ્દીન આસન પર બેઠો છે. મલેક કાફૂર નીચે બેઠો છે. પોતાની સામે કોઈએ બગાવત કરી છે તેના સંદર્ભમાં વાત કરતાં અલાઉદ્દીન કહે છે,

**અલાઉદ્દીન :** એણે પાછી આંખ ઊંચી કરી? તલવાર હાથમાં લેવાની હિમ્મત કરી? એને કહી દો કે મુગલપુરના નવા મુસલમાનોએ કંઈક આવી જ હરકત કરી હતી અને સિકંદર સાની સુલતાન અલાઉદ્દીન

ખિલજીએ એ બધાનાં હજારો સ્ત્રીબાળકોને રહેંસી નાખ્યાં હતાં.

ને પછી જાણે પોતાની ભૂલનો અહેસાસ થયો હોય તેમ ગંભીર થઇ જતાં ઊંડા ધીમા અવાજમાં કહે છે,

**અલાઉદ્દીન :** મર્દોની ભૂલ બદલ કોઇ બાદશાહે એમનાં ફરજંદો અને ઓરતોને આવી સજા કરી નથી.

બગાવત કરનારાઓને તેમની ઓરતો અને ઓલાદો સહિત રહેંસી નાંખનાર અલાઉદ્દીન આમજનતામાં પોતાની છાપ કેવી છે એ જાણવા ઉત્સુક છે એટલે તે વજીર મલેક કાફૂરને 'આમજનતામાં કદી સલ્તનતની બુરાઈ થાય છે કે નહીં' તે વિશે પૂછે છે ત્યારે કાઝી અને કોતવાલના ઈશારે અલાઉદ્દીને લોકોને ગરીબ બનાવી કામે લગાડી દીધા કે જેથી તેઓ સુલતાન વિરુદ્ધ કાવતરાં ન કરી શકે તેની ફળશ્રુતિનો અણસાર આપતાં કાફૂર કહે છે,

**કાફૂર :** જહાંપનાહ ! રૈયત ખુશ છે, સુખી છે. ખાધાખોરાકીની ચીજ વસ્તુઓના દામ નક્કી થઈ જવાથી એમને તો જોઈતું હતું એ મળી ગયું છે. એ મહેનત કરીને જીવે છે. આપની બુરાઈ કરવા માટે એની પાસે વખત રહ્યો નથી, એ પણ આપની અક્કલ-હોશિયારીની કરામત છે.

પોતે આ બધી બાબતોથી વાકેફ છે; આમ રિઆયાં શું વિચારે છે એ જાણવા પોતે ઉત્સુક છે એવું અલાઉદ્દીન જણાવે છે ત્યારે કાફૂર

kalpana's

ખૂબ સૂચક એવો પ્રત્યુત્તર આપતાં કહે છે,

**કાફૂર:** જહાંપનાહ! એ બિચારી શું વિચારે? એને માલૂમ છે કે પોતે શું વિચારે છે એની ખબર પણ સુલતાન પાસે પહોંચી જાય તેમ છે.

કાફૂરના આ જવાબથી ખુશ થયેલો અલાઉદ્દીન તેને સિપાહસલાર બનાવવાની ઘોષણા કરે છે અને તેને એક મોટા લશ્કર સાથે દખ્ખણમાં મોકલવાનો પોતાનો ઈરાદો જાહેર કરે છે. કાફૂર 'જેવો હુકમ જહાંપનાહ' એમ કહી આજ્ઞા માથે ચઢાવે છે ત્યારે અલાઉદ્દીન કાફૂરના અંતરમાં રમતી મહત્વાકાંક્ષાને પ્રગટ કરી આપતાં કહે છે,

**અલાઉદ્દીન:** મારો હુકમ કે તારી ખ્વાહીશ?

અને કાફૂર તેને અનુમોદન આપતાં કહે છે,

**કાફૂર:** આપને બધી જ ખબર પડી જાય છે... જહાંપનાહ મને બીજી તો કશી ખ્વાહેશ નથી પણ આ અમીર-ઉમરાવોમાં મારી જે છાપ છે એ-

કાફૂરના મનની વાત પામી જઈ અલાઉદ્દીન કાફૂરનું અધૂરું વાક્ય કથન પૂરું કરી આપતાં કહે છે,

**અલાઉદ્દીન :** એ બદલાય એમ હું પણ ઈચ્છું છું અને તારી ખૂબસૂરતી અને વફાદારીની સાથે તારી તાકાતની

kalpana's

પણ બધાને ખાતરી કરાવવા માગું છું.

આ સાંભળી કાફૂર, એક ઘોડા કરતાં પણ પાંચ ગણા સસ્તા એવા પોતાના જેવા વીસ ટંકાના ગુલામને મોટા લશ્કરનો સરદાર બનાવવા બદલ પોતે સુલતાનનો કાયમ માટે અહેસાનમંદ રહેશે એવું જણાવી કુર્નિશ કરે છે. અલાઉદ્દીન એની હડપચી પકડે છે ને પછી એકાએક આવેગ સાથે એનું મોં દબાવે છે ને ત્યાં અંધકાર થઈ જાય છે, નાટકમાં--ના નાટકનું દૃશ્ય પૂરું થાય છે. અલાઉદ્દીન દ્વારા કાફૂરને થતો સ્પર્શ, 'જનાનખાનામાં અમારી તહેનાતમાં રહીને તેં કરાવેલી મઝા', 'તારી ખૂબસૂરતી' વગેરે ઉદ્‌ગારો, એકાએક આવેગ સાથે એનું મોં દબાવવું વગેરે ચેષ્ટાઓ બંને વચ્ચેના સજાતીય સંબંધનું સૂચન કરે છે.

આંતરનાટકનું દૃશ્ય પૂરું થતાં જ મંચના આગલા ભાગમાં એક બાજુ હાથમાં તબલું લઈને ઊભેલા ખુસરો બોલી ઊઠે છે,

**ખુસરો :** આ બધું મારે શા માટે લખવું જોઈએ ? મારે અહીં નાટકરૂપે જે કહેવું છે એ કોઈ સમજશે નહીં, સુલતાન તો કદાચ-

ખુસરોના આ ઉદ્‌ગારો, અગાઉ ભજવાઈ ગયેલ દૃશ્ય તેમણે લખેલા નાટકમાંનું દૃશ્ય હોવાની પ્રતીતિ કરાવે છે. નાટ્યકારે ખુસરોના વાસ્તવિક જીવનના પ્રસંગો અને તેમણે લખેલા નાટકમાંના દૃશ્યો ખૂબીપૂર્વક નિરૂપ્યાં છે. દૃશ્ય ૧, દૃશ્ય ૨, દૃશ્ય ૩ એવું રૂઢિગત દૃશ્યવિભાજન કરવાની જગ્યાએ તેમણે પ્રકાશ પરિવર્તન દ્વારા આ બંને પ્રકારનાં દૃશ્યોને એકબીજાથી અલગ તારવ્યાં છે. આંતરનાટકના

દૃશ્ય પૂર્વે કે પછી ખુસરોને લખતા બતાવી કે સિતારાને નાટ્યપ્રત વાંચતી બતાવી કે હુસન-ખુસરોને નાટકમાંના દૃશ્યો ભજવતાં હોય તેમ વાંચતા બતાવી અથવા તો પછી દૃશ્ય ભજવાઇ ગયા બાદ ખુસરોને ઉપર્યુક્ત પ્રકારનું આત્મનિવેદન કરતાં દર્શાવી નાટ્યકારે આંતર-નાટકનાં દૃશ્યો નિરૂપ્યાં છે. અલાઉદ્દીન ખિલજીના જીવનના જે દૃશ્યો ભજવાય છે તે તો વાસ્તવમાં અમીર ખુસરોએ લખેલા અલાઉદ્દીનના જીવન પર આધારિત નાટકમાંનાં દૃશ્યો છે. અમીર ખુસરો અને અલાઉદ્દીન વચ્ચે કે પછી તેમની અને કાઝી કે કાફૂર વચ્ચે વાસ્તવિક જીવનમાં કોઈ ઘટના ઘટી હોય તો તે પણ ખુસરોએ લખેલા નાટકનો જ હિસ્સો બનીને આવે છે જેમ કે ઉપર્યુક્ત ઘટના. સુલતાને કાફૂરને દક્ષિણમાંથી તાબડતોબ બોલાવી લીધા પછી વ્યથિત થયેલ અમીર ખુસરો પોતાની એ વેદના પોતે લખેલા નાટકમાંના દૃશ્ય દ્વારા પ્રગટ કરે છે. આથી જ ઘણીવાર તેમને ભય લાગે છે કે આવા અંગત પ્રસંગો નિરૂપતાં ક્યારેક પોતે સર્જક માટે જરૂરી એવું તાટસ્થ્ય તો ગુમાવી નહીં બેસે ને! ખુસરોની આ મનઃસ્થિતિ તેમના આ સંવાદમાં આબાદ રીતે ઝીલાઈ છે,

**ખુસરો :** જો કે આજે તો મારે મલેક કાફૂરનો ખ્યાલ રાખવાનો હોય. કાફૂર! હંહૂ! એક વખતના આ નાચીજ પણ બહેતરીન ગુલામને બાદશાહે એમના પડખે ઊભો રહેવા બોલાવ્યો છે! પોતાને સિકંદર સાની કહેવડાવનાર સુલતાન અલાઉદ્દીન આજે સહારો શોધે છે! એમને ખિજરખાં કે બેગમ પર એતબાર નથી... (અટકીને) પણ મારે આજની વાત નથી લખવાની. પાંચ વર્ષ પહેલાંની વાત

ખુસરો: લખવાની છે, હતી તેવી. હુસનસાહેબ ભલે મને મોટો શાયર માને પણ હકીકતમાં તો હું તારીખ-નવીસ છું. એ હેસિયતથી જ મેં અલાઉદ્દીનના અમલને ફતેહનો ખમનો કહ્યો છે. ઘણી લડાઈઓમાં હું એમની સાથે ગયો છું અને ચારે બાજુની ટેકરીઓ વચ્ચે સિતારના તારથી પણ બારીક માર્ગ પર ચાલ્યો છું. મેં દુશ્મનોની બહોજલાલીને જોઈ છે અને સુલતાનની ફતેહને મારી ફતેહ માની છે. પણ જ્યારથી એમણે મલેક કાફૂરને દક્ષિણમાંથી તાબડ-તોબ બોલાવી લીધો છે ત્યારથી હું બેચેન છું.

પોતાનો ધર્મ, સર્જકનો ધર્મ દ્વેષરહિત સત્યકથન અને વર્તન-લેખન દ્વારા હૃદયધર્મને સઘન બનાવવાનો છે તેને બદલે પોતે કાફૂરની ઈર્ષ્યા તો નથી કરતો ને? એવી મથામણ અનુભવતાં તે કહે છે,[૧૨]

ખુસરો: શું હું કાફૂરને મારો હરીફ માનું છું? કે સુલતાન હવે મારી સલાહ લેતા નથી એનો મને અફસોસ છે? આ અવગણનાને લીધે તો હું સુલતાનની કમજોરીઓ શોધવા ઉશ્કેરાયો નથી ને?

અંતે સર્જકની ખુમારીથી ફેંસલો કરતાં કહે છે,

ખુસરો: મારી પાસે કલમ છે, કાફૂર પાસે તલવાર છે. મૈદાને જંગમાં તો કદાચ એ જીતશે, મૈદાને-વક્તમાં હું જીતીશ.

kalpana's

શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ 'મૈદાને-વક્ત'માં પોતે જતશે એ ખુસરોની શ્રદ્ધા કોઈ પણ સ્વમાની સર્જકને પોતાના સર્જનમાં હોઈ શકે તેવી નિષ્ઠારૂપે વ્યક્ત થતી શ્રદ્ધા છે. સાથે સાથે કલમપ્રવૃત્તિ વેગવાન અને સાતત્યપૂર્ણ રહે એવો ઈરાદો પણ આથી જાહેર થાય છે.[૧૨]

સિતારા, અમીર ખુસરો જેમની પાસેથી સંસ્કૃત શીખતા એ પંડિત ઋષીકેશની પૌત્રી છે અને તેની સગાઈ ગાયક ગોપાલ નાયકના મોટા કદરદાતા એવા કલાપ્રેમી પરિવારમાંના કુનાલ નાયક સાથે થઈ છે. સિતારા અમીર ખુસરો જેવા એક મુસ્લિમના ઘેર ખાય છે, ગાય છે, નાચે છે તેથી તે એક બ્રાહ્મણને યોગ્ય રહી નથી એવા લોકો વાત કરતા હોઇ પોતાની સગાઇ તોડી નાંખવાની ધમકી આપવામાં આવી છે એવી ફરિયાદ સિતારા કરે છે ત્યારે અમીર ખુસરો " જેમણે ગોપાલ નાયકનું સંગીત માણ્યું હોય એ અમીર ખુસરોની બેટીની અવગણના કરી ન શકે " એવી દલીલ કરે છે. આ સાંભળી સિતારા સૂચકપણે કહે છે,

સિતારા: એમને અમીર ખુસરોનું સંગીત તો ગમે છે,
નથી ગમતી એમની કોમ.

ત્યારે કોમી એકતાના હિમાયતી એવા ખુસરો પોતાની લાગણી વ્યક્ત કરતાં કહે છે,

ખુસરો: બીજું કોઇ યાદ ન અપાવે તો મને તો એનો ખ્યાલ જ નથી
આવતો... કોઇક બ્રાહ્મણે હોવું જોઈએ એવો તો હું છું જ.

**ખુસરો:** મારા ગુરુજી નિઝામુદ્દીન ઓલિયા નાત-પાંત, ગરીબ, તવંગર કશાયનો ભેદ નથી કરતા. પણ એમની પાસેથી આટલું તો શીખ્યો જ છું, કે સંસારનાં બધાં જ સારાં તત્વો એક થઈ શકે એમ છે, એમણે સામસામે રહેવા માટે કોઈ જ કારણ નથી.

સિતારાને ગુમાવીને તેઓ કેટલું બધું ગુમાવી બેસશે એનો ખ્યાલ આપવા અમીર ખુસરો, કુનાલનાં માતાપિતાને મળવા તત્પર થાય છે ત્યારે સિતારા, ' એમને તો અનેક કન્યા મળી રહેશે' એમ કહી વાતને ટાળવા મથે છે. તે વખતે પોતાની વિશાળ સૌંદર્યદૃષ્ટિનો ખ્યાલ આપતાં ખુસરો બોલી ઊઠે છે,

**ખુસરો:** (અનેક કન્યાઓ) મળે, પણ બે સંસ્કૃતિઓની સુગંધ સમેતનું સૌન્દર્ય તો એક સિતારામાં જ ખીલ્યું છે.

" થોડીક સદીઓ પહેલાં ફારસી અને સંસ્કૃત બંને એક જ જબાન હતી. આજની જુદાઈને ટકાવી રાખવી જરૂરી છે ?" એવો હુસનને પ્રશ્ન કરનાર કે " મારું ચાલે તો સંસ્કૃત અને ફારસીને (ગંગા જમનાની જેમ) એક કરી દઉં." એવી અંતરની લાગણી વ્યક્ત કરનાર કે " કોઈક બ્રાહ્મણે હોવું જોઈએ એવો તો હું છું જ" એવું ગર્વથી કહેનાર અમીર ખુસરોની એક જ ઝંખના છે, હિન્દુ મુસ્લિમ સંસ્કૃતિની એકતા. અને આ ઝંખના તેઓ 'સિતારા'માં મૂર્તિમંત થયેલી નિહાળે છે. એટલે જ તો ઉમાશંકર જોષી કહે છે તેમ પદ્મિની એ જો અલાઉદ્દીનની કલ્પના છે તો સિતારા એ ખુસરોની કલ્પના છે.[૧૩]

ખુસરો સિતારાને પૂછે છે," છોકરો દેખાવમાં કેવો છે?" ત્યારે સિતારા શરમાઈને કહે છે,

સિતારા: કેવો છે કહું? (વિચારતી હોય એમ) પણ શું કહું? એની
સાથે નજર મળતાં જ હું તો એવી શરમાઇ જઉં છું કે
એની આંખો સિવાય કશું યાદ રહેતું નથી.

આ સાંભળી શાયર-દિલ ખુસરો ઝૂમી ઊઠતાં બોલે છે,

ખુસરો: વાહ સિતારા! તેં તો મને એક ગઝલ આપી! વરસો સુધી
ગાઈ શકું એવી ગઝલ.

ને પછી સિતારાને હૈયાધારણ આપતાં કહે છે,

ખુસરો: આજે હું તારા પિતાજીની રજા લઇ લઈશ. પછી એ ખુશ-
-નસીબ જવાનને અહીં બોલાવીશ. એની સાથે વાત
કરતો હોઉં ત્યારે તું એને છુપાઈને જોઈ રહેજે.

સિતારા શરમાઈને જતી રહે છે. ખુસરો સિતાર વગાડે છે ત્યાં પ્રકાશપરિવર્તન થતાં આંતરનાટકમાંનું દૃશ્ય ભજવાય છે. મંચના પાછલા ભાગમાં અલાઉદ્દીન સમક્ષ સેનાપતિના વેશમાં મલેક કાફૂર હાજર થાય છે. શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ સિતારાનું નિર્ગમન અને મલેક કાફૂરનું આગમન નાટ્યકારે એવી રીતે દર્શાવ્યું છે કે બંને ઘટનાઓમાં કારણરૂપ પાત્રો અને પ્રસંગો અલગ જ હોવાં છતાં કશું અસ્વાભાવિક લાગતું નથી. ઉલ્ટું એક તરહ શરમના

kalpana's

નાજુક ભાવનું તો બીજી તરફ સેનાપતિના કઠોર-નઠોર પ્રવેશનું ચિત્ર બંને પ્રસંગોને વિરોધાવીને juxtapose કરીને ઘેરું આલેખન મેળવે છે.[૧૪]

અલાઉદ્દીને મલેક કાફૂરને એક મોટા લશ્કર સાથે દખ્ખણમાં મોકલ્યો હતો. મલેક વિજયી બનીને પાછો ફર્યો છે. તેને બિરદાવતાં અલાઉદ્દીન કહે છે,

**અલાઉદ્દીન:** અમારા માટે તું દક્ષિણમાંથી જે લખલૂંટ દૌલત લઇ આવ્યો એવી આજદિન સુધી કદી લાવવામાં આવી ન હતી. આ બાબતે તેં તારા સુલતાનને હરાવી દીધો છે.

કાફૂર "આ આખા જહાનમાં જે કાંઈ છે એ સુલતાનનું છે" એમ કહી અલાઉદ્દીનની ખુશામત કરવા જય છે ત્યાં તેને ભોંઠો પાડી દેતાં અલાઉદ્દીન કહે છે,

**અલાઉદ્દીન:** સુલતાનનું એટલે તારું ? ખરુંને !

અલાઉદ્દીનનું આ કથન dramatic irony બની રહે છે. સુલતાને હસ્તગત કરેલું સઘળું અંતે મલેક હડપ કરી લે છે અને અલાઉદ્દીનનો શિરચ્છેદ કરી નાંખે છે.

અલાઉદ્દીનની આ વઢવાણી સાંભળી કાફૂર પોતાનો બચાવ કરતાં કહે છે,

કાફૂર : જહાંપનાહ આખું હિન્દુસ્તાન જાણે છે કે મલેક કાફૂરના ખુદા સુલતાન અલાઉદ્દીન છે. અને કાફૂર એના ખુદાનો પેગંબર પણ નહીં, ગુલામ છે. એની ખ્વાહેશ એટલી જ છે કે જિન્દગીના આખરી દિન સુધી એ આપના નામે નવા નવા મુલકો સર કરતો રહે.

અલાઉદ્દીનની પણ આ જ ખ્વાહેશ હતી. સિકંદરની જેમ એને પણ આખી દુનિયા સર કરવા નીકળવું હતું. પણ એક બાજુ મુગલોના હુમલા અને બીજી બાજુ અંદરના બળવા. એક હાથે એમને દબાવી બીજા હાથે બાકીના હિન્દુસ્તાનને કબ્જે કરવામાં જ પંદર વર્ષ વીતી ગયા ને એની મુરાદ બર ન આવી. કાફૂર સુલતાનની એ મુરાદ પૂરી કરવાનું બીડું ઝડપે છે ત્યારે દરેક નવા વિજય પછી પદ્મિનીને ન પામી શકવાની બળવત્તર બનતી જતી પોતાની વેદનાને વાચા આપતાં અલાઉદ્દીન કહે છે,

અલાઉદ્દીન : હું ઇચ્છતો નથી કે મારા નામે બીજું કોઈ મારાથી પણ મોટા જંગ જીતતું રહે. દુનિયાના બંને છેડા મારે જ બાથમાં સમાવી લેવા હતા. પણ ચિતોડના જંગમાં પદ્મિની બળીને રાખ થઈ ગઈ પછી દરેક લડાઈ વખતે મને લાગતું રહ્યું છે કે દરેક જીતમાં મને જે મળશે એ તો અડધું જ હશે. એકલા મરદોને જીતવાથી શું? જો એક મનમાની ઓરત ન મળી? એકલા ઠુઆબથી શું? જો રૂહ ન હોય -

રૂહ અને ઠુઆબને એકમેકના પૂરક ગણતો આ બાદશાહ જીત પણ

એકમેકના બદલામાં જ મેળવ્યા કરે છે. 'મેળવવું' એટલે હુસાગત કરવું એવો જ ભાવ એને અભિપ્રેત છે. અહીં પણ નિષ્ફળ પ્રેમ અને હતાશા એને બીજાને ધિક્કારવા પ્રેરે છે.[૧૫] પોતે, જે પદ્મિની નથી એ બેગમનેય જીતી શક્યો નથી. પોતાના દિલમાં બેગમ માટે કશું નથી એવું અલાઉદ્દીન કહે છે ત્યારે કાફૂર, " અહીં જનાનખાનામાં આપ આવું કશું ન બોલો તો સારું.. કોઈક સાંભળી જશે " એમ કહી અલાઉદ્દીનને વારે છે ત્યારે નફરતની બળવત્તર બનેલી લાગણી વ્યક્ત કરતાં અલાઉદ્દીન કહે છે,

**અલાઉદ્દીન :** ભલે સાંભળી જાય. બલ્કે હું ઈચ્છું કે સાંભળે. (મોટેથી) એક વાર મારે સૌને એકઠા કરીને કહેવું છે : 'હું તમને એક સરખાં ધિક્કારું છું, મારી પૂરી તાકાતથી નફરત કરું છું.

અલાઉદ્દીનમાં ઘૂંટાયા કરતો આ નફરતનો, ધિક્કારનો ભાવ જ જાણે નાટ્યકાર માટે 'કથ્ય' બની રહે છે.[૧૫]

બેગમ આવીને " જનાનખાનામાં એકનો વધારો થઈ રહ્યો છે" એવા સમાચાર આપે છે. આ દેખીતા મીઠા ઉચ્ચારણમાં ભારોભાર તિરસ્કાર અને ગુસ્સો ભર્યા છે એ પામી જઈને અલાઉદ્દીન " જનાનખાનામાં એકનો વધારો થશે એથી તમારા એશઆરામમાં કશી ઊણપ આવવાની નથી" એવો ટોણો મારી, " સલ્તનતના હિતમાં જે થઈ રહ્યું હોય તે વધાવી લેવાની" સલાહ આપે છે ત્યારે બેગમ કટાક્ષ કરતાં કહે છે,

બેગમ : બધું સલ્તનતના હિતમાં જ થતું રહ્યું છે ને! વર્ષો પહેલાં આપ ચિતોડ ગયા ત્યારે આપનો આશય એ તો નહોતો જ કે પદ્મિની–

પદ્મિનીનું નામ કાને પડતાં જ અલાઉદ્દીનનો ક્રોધ ભભૂકી ઊઠે છે.

અલાઉદ્દીન : તમે કેટલી વાર મને પદ્મિનીની યાદ આપ્યા કરશો? એ હવે એની રાખમાંથી ઊભી થવાની નથી.

બેગમ : એક દિવસ એવો જરૂર આવશે કે જ્યારે એક નહીં, અનેક પદ્મિનીઓ એમની રાખમાંથી ઊભી થશે અને તમને ઘેરી વળશે.

અલાઉદ્દીન : એ પદ્મિનીઓની સંગત મને ગમશે. ખૂબ ગમશે. તમે પણ પદ્મિની થઈ જાઓ બેગમ! પણ પદ્મિની આવી પથ્થરની મૂરત ન હોય. એ તો વાદળી, રેગિસ્તાનના આસમાન પર ઊડતી કોઈ વાદળી.

બેગમ : જેને ફૂંકી નાખી એનાં વખાણથી શું?

અલાઉદ્દીન : સાચી વાત તો એ છે બેગમ કે પદ્મિની હતી જ નહીં. મેં એને જોઈ જ નથી. જોયું છે ફક્ત એનું પ્રતિબિંબ, હા, મેં જોયું છે ફક્ત એક પ્રતિબિંબ. ત્યારથી હું એના મૂળ રૂપને શોધું છું.

પદ્મિનીના મૂળ રૂપને શોધવાનો આ તલસાટ ને એમાંથી જન્મતો ધિક્કાર એ ખુશરો દ્વારા લખાયેલા નાટકનો કેન્દ્રસ્થ ભાવ છે જે સમગ્ર નાટકમાં recurring image બનીને એક યા બીજા પ્રકારે સતત પ્રગટ થતો રહે છે.

"જનાનખાનું એ આપણો સહિયારો ઈલાકો છે" એ વાતની બેગમ અલાઉદ્દીનને યાદ અપાવે છે ત્યારે અલાઉદ્દીન પોતાના એ નફરતના ભાવને દોરરાવતાં કહે છે,

અલાઉદ્દીન : હું તમને નફરત કરું છું. બલ્કે નફરત કરવાનું મને તમે જ શીખવેલું... હું જઉં.

એમ કહી સુલતાન જવા લાગે છે. "એ બહાર જવાનો રસ્તો નથી" એમ જણાવી બેગમ અટકાવે છે ત્યારે અલાઉદ્દીન "મને બહાર જવાની ઉતાવળ પણ નથી' એમ કહી બેગમને હાથ પકડી વાસનાથી અંદર ખેંચી જાય છે. બેગમ મલકાતી સાથ આપે છે ને ત્યાં દૃશ્ય પૂરું થાય છે.

આરંભમાં અલાઉદ્દીન બેગમ પરત્વે ગુસ્સે થઈને નફરતનું વલણ દાખવે છે પછી એનો જ આશ્રય શોધતો - વાસનાથી બેગમને અંદર ખેંચે છે. બેગમને ભારોભાર ધિક્કારતો બાદશાહ વાસનાને શરણ થાય છે, કામવૃત્તિને તાબે થઈ બેગમ સાથે ચાલી નીકળે છે. બેગમ પણ તેની નબળાઈ જાણતી હોય તેમ અલાઉદ્દીન હાથ ખેંચી અંદર લઈ જાય તેમ જાય છે. આ પ્રકારનું નાટ્યાત્મક ચિત્રણ નાટકને ઉપકારક નિવડે છે.[૧૫]

આંતરનાટકનું એ દૃશ્ય પૂરું થતાં મંચના આગલા ભાગમાં એક બાજુ બેસીને લખતા ખુસરો દેખાય છે.

ખુસરો : બસ અહીં જ અટકું. ઘટનાઓ હજી વધુ ઉઘડે પછી

આગળ લખીશ. આજે તો ઘણું બધું પરદાનશીન
લાગે છે.

'ખુસરો લખતા દેખાય' એવા દૃશ્ય પછી આવતા ખુસરોના આ પ્રકારના ઉચ્ચારણો, અગાઉનું દૃશ્ય, વાસ્તવિક નહીં પણ ખુસરોએ લખેલા નાટકમાંનું દૃશ્ય છે, ખુસરોની કલ્પનાનું દૃશ્ય છે એ વાતની પ્રતીતિ કરાવે છે.

તે પછીના દૃશ્યમાં સિતારાની જેની સાથે સગાઇ થઇ છે તે કુનાલ નાયક, પોતાના ગુરુ ગોપાલ નાયકની આજ્ઞાથી ખુસરો પાસે સંગીતની તાલીમ લેવા માટે આવે છે. સિતારા, પોતાના જેવા મુસ્લિમને ત્યાં તાલીમ લઇ રહી છે એટલા જ કારણથી કુનાલના માતાપિતા સગાઇ તોડવા માટે તત્પર થયા છે એ વાત લક્ષમાં લઇ ખુસરો કહે છે,

**ખુસરો :** એણે (સિતારાએ) મને ગુરુ બનાવ્યો એ કારણે જ એની સગાઇ તૂટી જવાની છે. મારી પાસે તાલીમ લીધા પછી જો તમારી સગાઇ પણ –

**કુનાલ :** એક જ સગાઇ બે વાર કેવી રીતે તૂટે?

**ખુસરો :** એક વાર પણ એ શા માટે તૂટવી જોઇએ? તમને સિતારા સામે કશી ફરિયાદ છે?

ખુસરોના આ પ્રશ્નના જવાબમાં કુનાલ સિતારા રૂપ, કલા અને

ગ્નાનની બાબતમાં પોતાના કરતાં ચઢિયાતી હોવાનું તથા સિતારા સાથે લગ્ન પછી પોતાને કદાચ ઘર છોડવું પડે એ હકીકત જણાવે છે ત્યારે વતનપરસ્ત ખુસરો પોતાની માતૃભૂમિના ગુણગાન ગાતાં ભાવવિભોર થઈ બોલી ઊઠે છે,

ખુસરો: જુઓ, આ દેશમાં તો તમે જ્યાં જશો ત્યાં ઘર જેવું લાગશે. હિન્દુસ્તાન જગતમાં સ્વર્ગ છે. આદમને જ્યારે જન્નતમાંથી જમીન પર આવવાનું મન થયું ત્યારે એમણે ભારતને પસંદ કર્યું. હું તો સામે ચાલીને ઈચ્છું કે તમારે ઘર છોડવું પડે અને તમને મહાન દેશ જોવાની તક મળે. એના ખૂણા ખૂણા વિદ્યા અને કલાનાં કેન્દ્ર છે. બીજા દેશોનાં ફૂલો સહેજ કરમાય છે એની ખુશબો ઊડી જાય છે, જ્યારે ભારતનાં ફૂલ સુકાઈને પણ એવાં મહેંકે છે કે જાણે કસ્તૂરી.

કુનાલ 'હવે મને સંગીત શીખવો' એવી આગ્રહભરી વિનંતી કરે છે. ખુસરો એનાં કારણોની ચર્ચા કરવાનું કહે છે ત્યારે કુનાલ, જ્યારે સિતારા ગાતી હોય ત્યારે પોતે એની કદર કરી શકે, એના સંગીતને માણી શકે, એની સાથે ગાઈ શકે એ કારણ આગળ ધરે છે. ખુસરો પોતે કલાનો પ્રખર ઉપાસક હોવા છતાં કેટલા વ્યવહારુ છે એની પ્રતીતિ કરાવતાં કહે છે,

ખુસરો: આ ખ્યાલ ઉમદા છે. જરૂર ગાજે. પણ સાથે સાથે યાદ રાખજે કે સંગીતમાં જીવનના બધા અર્થો સમાઈ જતા નથી. જે હાથ સિતારના તારમાંથી કોમળ સૂર કાઢી શકે

એ જ હાથ તલવારનો ઘા કરી તણખા પણ ખેરવી
શકે તો એ હાથ હાથ રહી શકે છે.

આ સાંભળી કુનાલ, ખુસરોને પ્રશંસાની નજરથી જોઈને કહે છે,

**કુનાલ** : હું તો આપને સંગીતકાર તરીકે જ ઓળખતો હતો.

ત્યારે પ્રત્યુત્તરમાં જાત વિશેનો સભાનતાપૂર્વકનો પરિચય આપતાં ખુસરો કહે છે,

**ખુસરો** : કોઈક ફક્ત તારીખનવીસ તરીકે જ ઓળખે છે.
કોઈક શાયર કહે છે. કોઈકને કદાચ ખુસરો એક
લડવૈયા તરીકે યાદ રહી ગયો હશે.

અહીં ખુસરો નિર્દંભ લાગે છે. જાતથી તટસ્થ રહીને જાતનો પરિચય તેઓ આપી શકે છે.[૧૩]

કુનાલ, પોતે ચાહવાની યોગ્યતા કેળવવા અહીં આવ્યો છે, ચાહવાની બાબતમાં પોતે સિતારા સાથે સ્પર્ધા કરી શકે એ માટે ખુસરોએ સિતારાને જે કંઈ શીખવ્યું હોય તે બધું પોતાને શીખવવા વિનવે છે. ખુસરો સૂચકપણે કહે છે,

**ખુસરો** : સાચી વાત તો એ છે કુનાલ, કે અહીં આવીને ઘણું
બધું તો એ જાતે શીખી છે. સિતારાનું હોવું એ જ મારે
મન તો એક અચરજ છે. બે સંસ્કૃતિઓનું આ મિલન

વધાવી લો જેથી તમારું ભાવિ ફળદાયી નીવડે.

અહીં સિતારા એ ખુસરોની કલ્પના છે, ઝંખના છે એ વાતની પ્રતીતિ થાય છે.

ખુસરો, રાગ યમનથી તાલીમની શરૂઆત કરે છે. બંને સાથે 'ચેરી... આલી પિયા બિન સખી...' ચીજ ગાય છે. ખુસરો 'વાહ ખૂબ' કહી વારી જાય છે અને કુનાલને તાલીમ માટે દરરોજ આવવાનું ઈજન આપે છે. ત્યાં પ્રકાશ ઝાંખો થાય છે. કુનાલનો આલાપ ચાલુ રહે છે. સિતારા આવી સૂર પૂરાવે છે. પાછળથી આવી ખુસરો અને હસન સાંભળે છે. એનો ખ્યાલ આવતાં કુનાલ અટકી જાય છે. અહીં નાટ્યકારે કુનાલનો રિયાઝ રોજ ચાલે છે અને સિતારા આવી સૂર પૂરાવતી રહે છે એ વાતને રંગનિર્દેશ દ્વારા પ્રતીકાત્મક રીતે મૂકી આપી છે. શ્રી શૈલેષ ટેવાણી આ સંદર્ભમાં યથાર્થપણે નોંધે છે, "નાટ્યકારે અહીં કુનાલ-સિતારાનું સુંદર મિલન દર્શાવ્યું છે. હૃદયની ઉન્માદી પળોનું બયાન આ બંને મુગ્ધ પ્રણયીઓ સંગીતની મદદથી કરે છે. અહીં ખુસરો પ્રત્યે કુનાલ જે આદર પ્રદર્શિત કરે છે તે હકીકતમાં તો સિતારાના ખુસરો પ્રત્યેના આદરનું પરિણામ છે." ૧૯

કુનાલ ગાતાં અટકી જાય છે ત્યારે તેના ગાયનની પરોક્ષ રીતે પ્રશંસા કરતાં હસન દહેલવી કહે છે," અટકી જઈને તમે અમને જન્નતમાંથી જમીન પર ઉતારી દીધા." "તમે રિયાઝ ચાલુ રાખો. અમે જરા સુખદુઃખની વાતો કરી લઈએ" એમ કહી ખુસરો અને હસન ચાલ્યા જાય છે.

કુનાલ અને સિતારા એકલાં પડે છે. કુનાલ મૂંઝાય છે. પોતે સિતારાને યોગ્ય જ નથી એવું સતત એને લાગ્યા કરે છે. પોતાની વિમાસણ સિતારા આગળ પ્રગટ કરતાં તે કહે છે,

**કુનાલ**: ... સિતારા! તું, કુટુંબ અને સમાજ એ ત્રણ જુદા જુદા ટાપુ બની જાય એ મને પસંદ નથી. એમની વચ્ચે અવકાશ નહીં, સંવાદિતા જોઈએ.

ખુસરોની સાચા અર્થમાં શિષ્યા એવી સિતારા તેનો મક્કમપણે પ્રતિકાર કરતાં કહે છે,

**સિતારા** : એ સંવાદિતા સ્થાપવાની જવાબદારી માત્ર આપણી જ છે કે સમાજની પણ? હું તો એટલું જ સમજું કે આપણે એકમેકને વફાદાર રહેવાની ખાતરીથી જોડાવાનું છે.

એ ખાતરીથી જ કુનાલ કહે છે કે

**કુનાલ**: બે વ્યક્તિ વચ્ચેની વફાદારીના છેડા એટલા તો દૂર-સુદૂર વિસ્તરે છે કે એમાં આખી દુનિયા સમાઈ જાય છે.

ખુસરોના વિચારોથી પૂર્ણપણે રંગાયેલી સિતારા, ખુસરોની જબાનમાં જ સંભાષણ આગળ ચલાવતાં કહે છે,

સિતારા : તમારી એ આખી દુનિયામાં મને પણ એટલો જ રસ છે. પણ એ દુનિયા આપણાં વખાણ જ કરે એ અપેક્ષાએ આપણે આપણું ભાવિ શા માટે ઘડીએ? કદાચ આપણે પહેલ કરીને એનો જ માર્ગ મોકળો કરતાં હોઈએ. કદાચ આપણે ખોટાં પણ પડીએ. પરંતુ જાત સાથે સાચાં હોઈએ તો નિંદા, વિરોધ, પ્રતિકાર - ઘણું બધું સહેવું પડે. પછી ભલે એ સહન કરવાનો લહાવો છેક અંત સુધી ચાલુ રહે.

પણ કુનાલને સતત એવું લાગે છે કે પોતે સિતારાને કોઈ રીતે યોગ્ય નથી.

કુનાલ : .. મને માફ કર સિતારા ! હું તારા માટે યોગ્ય નથી. તું મારાથી એક યુગ આગળ છે... આપણું કજોડું થશે. મને કાયમી વિદાય માટે રજા આપ.

આ સાંભળી સિતારા ભાંગી પડે છે. કુનાલ હળવી રીતે હાથ છોડાવીને જવા લાગે છે. સિતારા ચીસ પાડી ઊઠે છે..."નાઆઆ.. કુનાલ, નાઆઆ..." ચીસ સાંભળી હુસન દોડી આવે છે. પાછળ ખુસરો છે. એ બહાર જઈને કુનાલને લઈ આવે છે. કુનાલ એ જ વાત દોહરાવતાં કહે છે કે, "સિતારા મારાથી એક યુગ આગળ છે." ત્યારે ખુસરો સાંત્વના આપતાં કહે છે, "એ અંતર સંગીતમાં સમેટાઈ જશે." કુનાલ જવા જાય છે. ખુસરો બંનેને સાથે જવાનું કહે છે. હુસન એનું કારણ આપતાં કહે છે, "તમે એકમેકને સાચવી શકો

...શાસકથી." ખુસરો આ તબક્કે કહે છે કે સુલતાને હવે શાયરો પાછળ પણ જાસૂસી શરૂ કરી દીધી છે. કુનાલ અને સિતારા જવા લાગે છે. ખુસરો રોકીને એમને કટારી અને તલવાર આપે છે અને કહે છે," આ તમારા રક્ષણ માટે."

નાટ્યકારે અહીં અલાઉદ્દીનના 'મોહ'ની સમાન્તરે કુનાલ અને સિતારા વચ્ચેનો વિશુદ્ધ 'પ્રેમ' નિરૂપ્યો છે. એટલે જ શ્રી નિરંજન ભગત 'સિકંદર સાની' નાટકમાં મોહ અને પ્રેમ વચ્ચેનો સંઘર્ષ પ્રગટ થતો હોવાનું જણાવે છે.[૧૯]

કુનાલ અને સિતારાના ગયા પછી હુસન, 'મલેક કાફૂર' વિશે વાત કરતાં તે સિતારાને એક વાર બૂરી નજરે તાકી રહેલો હોવાનું જણાવી આખો શાહી દરબાર એ માણસને સલામ ભરવા લાગ્યો છે એ હકીકતની જાણ કરે છે." સુલતાનની સત્તા વધારી રહ્યાનો દેખાવ કરી સૌને તે પોતાની મુઠ્ઠીમાં લેવા મથી રહ્યો છે" એમ કહી હુસન, ખુસરોને જણાવે છે કે તેમના જેવા અદબના બંદાઓએ તો રાજદરબારથી દૂર રહેવું જ ઠીક છે અને સીધો પ્રશ્ન કરે છે, "તમે બધું સમજીને દરબારી થયેલા?" ત્યારે ખુસરો, શાસ્ત્રના રક્ષણ માટે શસ્ત્ર અને શસ્ત્રના નિરંકુશ ઉપયોગ સામે શાસ્ત્રની ધાકને અનિવાર્ય ગણતાં કહે છે,

**ખુસરો:** હા એમ સમજીને કે શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે અંતર વધી જાય એ સમાજના હિતમાં નથી.

"શેખ સાહેબે તો સત્તામાં સંડોવાયા વિના સુલતાન અલાઉદ્દીનને

સલાહ આપી હતી. આપણે જો સત્તામાં સંડોવાયા હોઈશું તો આપણે એની કિંમત ચૂકવવી પડશે" એવું ખુસરો હુસન દહેલવીને સ્પષ્ટપણે જણાવે છે અને ત્યાં જ બહારથી અવાજ આવે છે," હુસનસાહેબ આપને જહાંપનાહ યાદ કરે છે" ત્યારે ખુસરો પોતાના અગાઉના કથનના સંદર્ભમાં સૂચકપણે કહે છે,

**ખુસરો:** તમે બેફિકર રહો! જેની પાસેથી આપણે કશું જોઈતું નથી એ આપણું શું બગાડી શકવાનો હતો? તમે નીકળો, હું પણ તૈયાર થઈને આવું છું.

હુસન જાય છે. ખુસરો તૈયાર થતા હોય એમ માથે મંડિલ પહેરે છે ત્યાં આયનાની આદમકદ ફ્રેમમાં અલાઉદ્દીન દેખાય છે. ખુસરોને સંબોધન કરતાં તે મલેક કાફૂરની જેમ પોતાને પડખે આવવા નોંતરતા કહે છે,

**અલાઉદ્દીન:** તારે કશું જ નથી જોઈતું? કે તારું અભિમાન તને બધું છોડવા ઉશ્કેરી રહ્યું છે? તારે મારાથી આમ અતડા રહેવાની કશી જ જરૂર નથી ખુસરો! આવ, તું પણ કાફૂરની જેમ મારે પડખે આવીને ઊભો રહે. તું મારી બાજુથી દુનિયાને જોવા લાગ. એ તને જુદી જ લાગશે. અને પછી તને મારે વિશે કશી ફરિયાદ નહીં રહે, દહેશત નહીં રહે. આ દુનિયા તો મારા જેવાને જ વધુમાં વધુ નવાજે છે. તું પણ એટલું સમજી લે અને પછી આ હકીકતની કદર કર.

ખુસરો દ્વિધામાં પડીને સ્થિર થઈ જાય છે ને ત્યાં બીજા અંકનો પડદો પડે છે.

અહીં નાટ્યકારે ખુસરો અને અલાઉદ્દીનને સામસામા લાવીને મૂકી દીધા છે. પહેલી વાર આપણે ખુસરોએ લખેલા નાટકના વિવિધ દૃશ્યોમાં આવતા અલાઉદ્દીનથી સ્વતંત્ર એવા અલાઉદ્દીનને મળીએ છીએ. એ છે શાસક અલાઉદ્દીન જે સર્જક ખુસરોને પોતાના પડખે લેવા મથે છે, સત્તાનો ટુકડો ફેંકીને ! પોતાની દૃષ્ટિથી દુનિયાને નિહાળવાનું કહી પોતાને નવાજવાનું કહે છે. 'જેની પાસેથી આપણે કશું જોઈતું નથી એ શાસક અલાઉદ્દીન આપણું શું બગાડી શકવાનો હતો' એવું ખુમારીપૂર્વક કહેનાર ખુસરો અલાઉદ્દીનના આહ્‌વાનથી ક્ષણવાર દ્વિધામાં પડીને સ્થિર થઈ જાય છે.

ત્રીજા અંકના આરંભે ખુસરો એમની જગ્યાએ લખતા દેખાય છે. ત્યાં મલેક કાફૂર છૂપા વેશે પ્રવેશે છે. સુલતાને સુધારાઓના ઝડપી અમલ માટે કાફૂરને નવી જવાબદારી સોંપી છે. તે માટે ખુસરોની મદદથી શેખ સાહેબની દુઆ મેળવવા માટે તે આવ્યો છે. રૈયતના છૂપા દુશ્મનો પોતાને દૂર કરવા માંગે છે તેથી સુલતાનની કાનભંભેરણી કરી રહ્યા છે, પોતે તો સુલતાન અને રૈયતનો ગુલામ છે પણ બધા અમીર ઉમરાવો ગેરસમજ કરી રહ્યા છે એવું કાફૂર જણાવે છે ત્યારે ખુસરો, કટોકટીકાળની લેખકની મનઃસ્થિતિ પ્રગટ કરી આપતા હોય તેમ કહે છે,

**ખુસરો :** જેમની પાસે તાકાત અને મિલક્ત છે એ આજ સુધી

kalpana's

બધું જ કરતા રહ્યા છે અને કરશે.

આ સાંભળી ચતુર અને ચાલબાજ **કાફૂર** સામી દલીલ કરે છે,

**કાફૂર:** પણ આપ તો શાયર છો. નથી આ બાજુ કે નથી તે બાજુ. મને ખોટી બદનામીમાંથી બચાવો અને શેખસાહેબની દુઆ અપાવો જેથી રૈયતની ખિદમત કરી શકું.

સમયની આરપાર જોઈ શકનારો ક્રાન્તદૃષ્ટા સર્જક એવો ખુસરો ભાવિ ભાખતાં કહે છે,

**ખુસરો:** રૈયતની ખિદમત કરવા માટે પછી પાયતખ્ત પર બેસવું નહીં પડે?

કાફૂર, સલ્તનતમાં ક્યારે શું થાય એનું કહેવાય નહીં એ વાતથી પોતે બેચેન હોવાનું જણાવે છે ત્યારે ખુસરો સીધો પ્રશ્ન કરે છે,

**ખુસરો:** આપને કોઈના ઉપર દહેશત છે?

ચાલાક અને ચતુર કાફૂર પોતાનો અભિપ્રાય આપવાની જગ્યાએ સુલતાનને બેગમ અને શાહજાદા ખિજરખાં પર દહેશત હોવાનું જણાવે છે. પણ ખુસરો મચક આપ્યા વિના પ્રતિપ્રશ્ન કરે છે,

**ખુસરો :** એ દહેશત એમને પોતાને જ થઈ કે બીજા કોઈએ..

ખુસરોની વાણીમાં રહેલા વ્યંગ્યને પામી જઈ કાફૂર પોતાનો બચાવ કરતાં કહે છે,

**કાફૂર :** બેગમ અને શાહજાદાની છૂપી હિલચાલ જોઈને સુલતાનને કાવતરાનો ખ્યાલ આવી ગયો. પછી જ એમણે મને બોલાવી લીધો. અને એક મોટી જવાબદારી સોંપી. એક વાર મેદાને જંગની મઝા માણ્યા પછી અને બુલંદ કિલ્લાઓ તોડીને જમીનદોસ્ત કર્યા પછી મહેલાના પરદાનશીન ખેલોમાં દિલચસ્પી રહી નહોતી.

આ તબક્કે કાફૂરના સઘળા ઈરાદાઓને બેનકાબ કરતાં ખુસરો બોલી ઊઠે છે,

**ખુસરો :** રહી હોય તો પણ એમાં કશું ખોટું નથી. આપ એના માટે જ સરજાયા છો હુજૂર

'હુજૂર' શબ્દ પાછળના મર્મને પામી જઈ છંછેડાઈ ગયેલો કાફૂર તાડૂકે છે,

**કાફૂર :** મને હુજૂર કહેવામાં તમે ભૂલ નથી કરી. પણ હવે જરા વધુ અદબથી કહેજો. અને મારે વિશે જે કહો એ સાચું કહેજો.

સર્જક ખુસરો સોંસરવો પ્રશ્ન પૂછે છે,

**ખુસરો:** સાચું એટલે તમને સારું લાગે એ જ ને ?

શાસકને જે સારું લાગે તે જ સાચું. સારું કહે તે ટકે અને ના કહે તે શૂળીએ ચઢે, એવા સરમુખત્યારી મિજાજને ખુસરો ખૂબ હળવાશથી પ્રગટ કરી આપે છે. એટલે જ કાફૂર કહે છે,

કાફૂર: દરેક વાતને તમે હળવી બનાવી શકો છો તેથી તો આટ આટલા સુલતાનોના દરબારમાં કાયમ રહ્યા છો.

કાફૂરના કથનને એટલી જ હળવાશથી લેતા ખુસરો કહે છે,

**ખુસરો:** હું તો બદલાતો રહ્યો છું, મારી જગા કાયમ રહી છે.

સુલતાનને ગુસ્સે કર્યા વિના જો એમને ખુશ રાખશો તો તમારી જગા કાયમ રહેશે એવું કહી કાફૂર ઝડપથી જાય છે. ખુસરો વિચારમાં પડી પોથી હાથમાં લે છે અને પોતાની મથામણ વ્યક્ત કરતાં કહે છે,

**ખુસરો:** બધું કાબૂમાં લઇ લઈને એના પર કાયમી માલિકી હક ઊભો કરવા માગતા માણસના મનસૂબાનું એક ચિત્ર આપવું હતું મારે. તેથી તો આનું નામ 'સિકંદર સાની' રાખેલું. પણ કશુંય સિદ્ધ થાય એ પહેલાં તો

ખુસરો: સુલતાન અલાઉદ્દીનના પાયતખ્ત નીચેની ધરતી સરકી રહી છે. ઈમાનની પરવા કર્યા વિના એ તાકાત અને ખૂબસૂરતી પાછળ પાગલ બન્યો હતો. આજે એની મુઠ્ઠી ઊઘડી જવામાં છે ત્યારે પણ એણે કશો ફેરવિચાર કર્યો હશે ખરો?

શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ ખુસરોનું આ ચિંતન એ સર્જક સહજ સંઘર્ષ છે. નિરંકુશ સત્તા સામે સર્જકનું હતબુદ્ધિ થવું, આહત થવું, સાશંક થવું અહીં ખુસરોના સંવાદ દ્વારા મુખરિત થાય છે. અલાઉદ્દીનના પાત્રને પણ એ આ નાટક પૂરતું નિશ્ચિત રેખાઓમાં બાંધી લે છે. "બધું કાબૂમાં લઈ લઈને... સિકંદર સાની રાખેલું" ખુસરોના આ કથનમાં રઘુવીરનો 'મનસૂબો' જોઈ શકાય છે.[૨૦]

[૧૯] "સુલતાન મુઠ્ઠી ઉઘડી જવામાં છે ત્યારે પણ એણે કર્યો હશે ખરો?" એવો જાતને પ્રશ્ન પૂછી ખુસરો લખવા બેસે છે અને પોતાની આ મથામણમાંથી નાટકનું દૃશ્ય ઘડે છે અને એ દૃશ્ય હવે આંતરનાટકનું દૃશ્ય બની પ્રકાશપરિવર્તનની તરકીબથી પ્રેક્ષકો સમક્ષ ભજવાય છે જેમાં વૃદ્ધ અલાઉદ્દીન પ્રવેશે છે. ચબૂતરા પર પગ મૂકી નીચું જોઈ બોલે છે,

અલાઉદ્દીન: ઓ કાફૂર, આટલો વફાદાર હશે એની મને ખબર ન હતી. જાણે મારો જ હાથ હોય એમ વર્તી રહ્યો છે. ખિજરખાં અને બેગમે જુદી મકસદો સેવી ત્યારે એ જ મારે પડખે ઊભો રહ્યો.

પોતાનાં પારકાં થઈ ગયાં ત્યારે પારકો પોતાનો
થયો. જો કે એ સાવ પારકો તો ન હતો...

શ્રી શૈલેષ ટેવાણી આ સંદર્ભમાં નોંધે છે કે વિજયયાત્રામાં આગેકૂચ કરતા મદોન્મત્ત અલાઉદ્દીનનું ચિત્ર 'સિકંદર સાની' તરીકે ઉપસાવવા માગતા ખુસરોના સ્વભાષણ સાથે જ પ્રકાશપરિવર્તન અને અલાઉદ્દીનનું ઉપસ્થિત થવું હૃદયંગમ બને છે. 'ઈમાનની પરવા ન કરતા અને તાકાત ને ખૂબસૂરતી પાછળ પાગલ બનેલા' રાજાનું ખુસરો ચિત્રણ કરવા માગે છે. અહીં નાટ્યોચિત સંગતિ જોઈ શકાય કારણ કે એ હેતુ (નાટ્યકાર) રઘુવીરનો એટલો જ છે.[૨૧]

અલાઉદ્દીનને ફેરવિચાર કરવા પ્રેરવા માટે આયનાની આદમકદ ફ્રેમમાં પદ્મિની પ્રગટે છે અને અલાઉદ્દીનના મનનો પડઘો પાડતાં કહે છે,

પદ્મિની: છેવટે તારું મન મલેક કાફૂર પર ઠર્યું ?

અલાઉદ્દીન પદ્મિનીનો અવાજ ઓળખી શકતો નથી. વીતી ગયેલા વખતમાંથી પાછું આવીને આમ કોણ પૂછી રહ્યું છે એવો તે સવાલ કરે છે ત્યારે પદ્મિની સામો સવાલ કરતાં પૂછે છે,

પદ્મિની: નથી ઓળખતો? સ્વાભાવિક છે. પહેલાં પણ તેં મને
ક્યારે ઓળખેલી કે આજે ઓળખે? આજે કે જ્યારે-

આ સાંભળી અલાઉદ્દીન એકદમ ગુસ્સે થઈને બરાડી ઊઠે છે,

**અલાઉદ્દીન :** બંધ કર આ તારું ખી ખી ને હી હી...
નાદાન ઓરત, દુનિયાના સૌથી મોટા
સુલતાન સાથે કેવી રીતે વર્તવું એ તને
કદી ન આવડ્યું.

ત્યારે પદ્મિની તેના પાયતખ્ત નીચેની ધરતી સરકી રહી છે
તેની એંધાણી આપતાં કહે છે,

**પદ્મિની :** તને આવડ્યું છે તારી જાત સાથે વર્તવાનું? આજેય
એનો એ દંભ! પણ હવે હકીકત તને તારી જાત
સામે ખુલ્લો પાડશે સિકંદર સાની! તું ભલે તારા
પાયતખ્ત પર બિરાજતો હોય પણ હવે પૂંછડી
વિનાના ઉંદરથી સહેજે વધુ શોભતો નથી.

પદ્મિનીના આવા અપમાનજનક ઉદ્‌ગારો પણ તેના અંધત્વને દૂર
કરી શકતા નથી. કાફૂરે બધી વાત કરી છે એટલે પોતે શાહજાદા
ખિજરખાંને ગ્વાલિયર મોકલી દેવાનો હુકમ કરશે અને બેગમને
નજરકેદ કરશે એવો હૂંકાર કરી પોતાની અક્કલ પર મુશ્તાક
અલાઉદ્દીન તોરમાં આવી કહે છે,

**અલાઉદ્દીન :** એ મારી આગવી જાસૂસી-તજવીજ છે. એની
મદદથી જ મેં બળવા અટકાવ્યા. અમીર-ગરીબ
સૌને વશ કર્યા અને દિલ્લીથી દેવગિરિ સુધી-

ત્યાં પદ્મિની અલાઉદ્દીનના એ વાક્યને પોતાની રીતે પૂરું કરતાં કહે છે,

**પદ્મિની:** કાળો કેર વરતાવ્યો! રૈયત પર ભયની ઝાળ પાથરી. પણ એ ઝાળ હવે સંકેલાઇ રહી છે અને રૈયત તને ઓળખી શકે એટલી નજીક આવી રહી છે.

રૈયત અને પોતાની વચ્ચે એક બુલંદ કિલ્લો છે. પોતે રૈયતની લેશમાત્ર પરવા કરતો નથી એમ જણાવી પદ્મિનીની વાતને ધૂત્કારી કાઢતાં અલાઉદ્દીન, પદ્મિનીને આહ્‌વાન આપતાં કહે છે,

**અલાઉદ્દીન:** લોકોની યાદદાસ્ત બહુ ટૂંકી હોય છે પદ્મિની! આવ, મારી પાસે આવ! લોકો તારા આ પાપને પણ ભૂલી જશે.

આ સાંભળી, મોહમાં અંધ બનેલા અલાઉદ્દીનને ધિક્કારતાં પદ્મિની બોલી ઊઠે છે,

**પદ્મિની:** આટઆટલો ખખડી ગયો તોય પાપનો શોખ પૂરો ન થયો!

બધું કાબૂમાં લઇ લઇને એના પર કાયમી માલિકી હક ઊભો કરવા મથતો અલાઉદ્દીન હૂંકાર કરે છે,

**અલાઉદ્દીન:** થશે પણ નહીં. છેલ્લા દમ સુધી હું મારો હક્ક ભોગવવા માગું છું. આવ, મારી પાસે આવ.

એમ કહી પદ્મિનીને પકડવા જાય છે ત્યાં મલેક કાફૂર દોડી આવે છે.

kalpana's

પાછો વળતો અલાઉદ્દીન કાફૂરને 'એ તો બધું ખયાલી હતું, સાચો તો તું છે કાફૂર' એમ કહી આવેશથી ભેટી પડે છે. કાફૂર, ચિતોડના રાજા હમીરદેવે મેવાડ પર કબજો કરી લીધો હોવાના સમાચાર આપે છે. ત્યારે અલાઉદ્દીન, હમીરદેવ સામે લડવા પોતે જશે એમ કહી પોતાના બખ્તર અને છેલ્લા જંગમાં પોતે વાપરેલા હથિયાર માંગે છે. કાફૂર એ હથિયાર બુઠ્ઠાં થઈ ગયા હોવાનું જણાવે છે ત્યારે પદ્મિનીના અપમાનજનક ઉદ્‌ગારો પણ જેના અંધત્વને દૂર કરી શકતા નથી, જે પોતે જ કહે તે ધર્મમાં માનનારો છે એવો અલાઉદ્દીન તાડૂકી ઊઠે છે,

**અલાઉદ્દીન:** મારા હાથમાં આવતાં એ (હથિયાર) પાછાં ધારદાર બની જશે. તને ખબર નથી કાફૂર! હિન્દુસ્તાનની સલ્તનત ચલાવવા માટે તાકાત કરતાં હિમ્મતની વધુ જરૂર છે, ઈમાન કરતાં અક્કલની વધુ જરૂર છે.

અલાઉદ્દીનના આ ઉદ્‌ગારોમાં ઈન્દિરાના શાસન-કાળમાં પ્રવર્તમાન રાજકીય પરિસ્થિતિનો પડઘો સંભળાય છે. કટોકટીના કાળા ઓછાયા પ્રતિબિંબિત થાય છે.

અલાઉદ્દીનની હત્યા કરી દિલ્લીની ગાદી કબ્જે કરવાનું સ્વપ્ન સેવતો કાફૂર, ખૂબ સૂચકપણે સ્વગત બોલે છે," આપની આ સલાહ યાદ રાખીશ"ને પછી અંદરથી (નેપથ્યમાંથી) દેવગિરિમાં શંકરદેવના પુત્ર હરપાલદેવે સલ્તનતની સામે બળવો કર્યો હોવાના સમાચાર આપે છે.

એક પછી એક બળવાના સમાચાર સાંભળી હચમચી ઊઠેલો અલાઉદ્દીન "મેવાડ પર હમીરદેવનો કબજો, ગુજરાતમાં અલપ-ખાનના લશ્કરનો બળવો, દેવગિરિમાં હરપાલદેવે સલ્તનતની સામે..." એવી ત્રાડ પાડે છે ને દૂર આછા અંધકારમાં ઊભેલો મલેક કાફૂર તેના પડઘા પાડે છે.

વૃત્તિઓનો નિર્બંધ ભોગવટો શા પરિણામ જન્માવે તેનું કરુણ ચિત્ર નાટ્યકાર રંગનિર્દેશ દ્વારા અસરકારક રીતે આલેખે છે.

"અલાઉદ્દીન અતિશય ઝનૂનથી પોતાના હાથે અને શરીરે બચકાં ભરે છે. એક બાજુથી પદ્મિનીનું હાસ્ય સંભળાય છે અને બીજી બાજુથી મલેક કાફૂર 'જહાંપનાહ સબૂર, ખુદાવંદ ખામોશ' બોલતો રહે છે પણ પાસે જતો નથી. થોડી વારમાં બેગમ પ્રવેશે છે. એને જોઈ અલાઉદ્દીન આસન પર પટકાઈને હાંફવા લાગે છે."

અહીં અલાઉદ્દીનની ઉન્માદી વર્તણૂંકનો પણ પરિચય મળે છે.[૨૨]

આ દરમિયાન રંગમંચના બીજા ભાગમાં ખુસરો હાથમાં હસ્તપ્રત લઈને પ્રવેશે છે. એક બાજુ વાંચતા ઊભા રહે છે. આ પ્રકારનો રંગનિર્દેશ પ્રેક્ષકો સમક્ષ જે કંઈ ભજવાય છે તે અમીર ખુસરોએ લખેલા આંતરનાટકનું દૃશ્ય છે એવી પ્રતીતિ કરાવે છે. આ પ્રકારના સંકેતો નાટ્યકાર એક યા બીજા પ્રકારે સતત આપ્યા કરે છે.

અલાઉદ્દીન આસન પર પટકાઈને હાંફવા લાગે છે ત્યાં બેગમ

ધસી આવે છે, અને "કાફૂર! તમે ઊભા છો ને સુલતાનને આમ" એમ કહી કાફૂરનો ઊધડો લઈ નાંખે છે ત્યારે નાટ્યકાર અત્યંત સૂચક રીતે અલાઉદ્દીનના મુખે કહેવડાવે છે,

**અલાઉદ્દીન :** કોણ આવ્યું? પદ્મિની?
**બેગમ :** ના. કોણ પદ્મિની?
**અલાઉદ્દીન :** જે તમે નથી તે! હમણાં અવાજ તો એના જેવો લાગ્યો.

તે પછી અલાઉદ્દીન કાફૂરનું અપમાન કરનાર બેગમને નજરકેદમાં રાખવાનો હૂકમ કરે છે. "કોણ કોને નજરકેદમાં રાખે છે એ તો આવનારો વખત કહેશે" એમ કહી બેગમ ત્યાંથી જતી રહે છે ત્યારે બધું જ હસ્તાગત કરી લેવાની તીવ્ર ઈચ્છા રાખનારો અલાઉદ્દીન કાફૂરને પૂછે છે,

**અલાઉદ્દીન :** કાફૂર આ વખત એ શી ચીજ છે? હું એને પણ તાબેદાર બનાવી ન શકું?

ત્યારે સર્વસત્તાધીશ બનવાના સ્વપ્ન સેવતો મલેક કાફૂર આવનાર સમયની એંધાણી આપતાં કહે છે,

**કાફૂર :** એ કામ આપના વતી હું કરીશ. આવનાર વખતનો વીંટો વાળીને હું આપની તહેનાતમાં હાજર કરીશ.

એમ કહી કાફૂર ઝડપથી જાય છે. અલાઉદ્દીન અનુસરે છે.

ત્યાં સિતારા ધસી આવે છે. ખુસરો હજી દૃશ્યમાં મગ્ન છે. અહીં પણ નાટ્યકાર રંગનિર્દેશ દ્વારા, ખુસરોએ લખેલા નાટકનું દૃશ્ય ભજવાઈ રહ્યું હોવાનો સંકેત કરે છે.

સિતારાના આગમનથી જાગ્રત થયેલા ખુસરો, "ઘણું મોડું થઈ ગયું. મારે હુસનસાહેબને ત્યાં જવાનું હતું" એમ કહી જવા જાય છે ત્યારે સિતારા "અમારે આપની સલાહ લેવાની છે" એવું જણાવે છે. ખુસરો, "મારે (સલાહ) આપવાની પણ છે" એમ કહી જાય છે ને સિતારા "શ્યામ બરન પીતાંબર કાંધે..." રચના ગાય છે. છેલ્લું ચરણ ગવાતું હોય છે ત્યાં કુનાલ પ્રવેશે છે. સિતારાને તન્મયતાથી ગાતી જોઈને એક બાજુ ઊભો રહી જાય છે. સિતારાને એનો ખ્યાલ આવી જતાં તે ગાતાં અટકી જાય છે. બંને વચ્ચે પ્રેમનો મીઠો ઝગડો ચાલે છે. રિસામણાં મનામણાં પછી કુનાલ સિતાર વગાડે છે. સિતારા નૃત્યની મુદ્રાઓ કરતી ભાવ પ્રગટ કરે છે. કુનાલ, જાણે ભવિષ્ય ભાખતો હોય તેમ સૂચકપણે કહે છે,

**કુનાલ:** સુલતાન જાણશે કે તું આવું સારું નૃત્ય કરે છે તો બંને શાહી નર્તકીઓને રજા આપી તને બોલાવી લેશે.

પોતે એકમાત્ર ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિ સામે નૃત્ય કરે છે. આજે તારી (કુનાલ) સામે નૃત્ય કરવા બદલ ભગવાનને મનાવી લઈશ એમ કહી સિતારા તેની પાસે બેસે છે. સિતારના તારને સ્પર્શવા જતાં કુનાલની આંગળીઓને અડકી જાય છે. કુનાલ એનો હાથ પકડી લે છે. બંનેની નજર મળે છે ત્યાં ખુસરો પ્રવેશે છે. જોઈને પ્રસન્ન થાય છે. બંનેને આશીર્વાદ આપતાં બંને જણા સુખચેનથી

રહી શકે તેવા આશયથી સિતારાના પિતાજીના ઘરની નજીકમાં શેખસાહેબના આશ્રમ બાજુ જતાં પોતે બંધાવેલું કવિઓ અને સંગીતકારોની નવાજેશ માટેનું સાત કમરાનું મકાન ભેટ આપવાની તજવીજ કરે છે ત્યારે સિતારા તે લગ્ન વખતે આપવાની વાત કરે છે. ખુસરો ગર્વભેર કહે છે,

ખુસરો: એ હવે બાકી નથી. જાઓ, તમારાં વડીલોને કહેજે કે
એક સવાઇ બ્રાહ્મણે અમારાં લગ્ન કર્યાં છે.

અહીં હૃદયસંવાદ જ શ્રેષ્ઠ લગ્ન, વિધિ-વિધાનની કશી જ અપેક્ષા વિનાનું લગ્ન ખુસરો ગણે છે. સર્વત્ર અન્યાય ભાખતો સર્જક મત વિશે આવું ગૌરવ ન મળવે તો કદાચ એના નિર્મૂલ્યીકરણમાં એ જ જવાબદાર ઠરે એવું શ્રી શૈલેષ ટેવાણીનું આ સંદર્ભમાં અવલોકન ઉચિત છે.[23] પોતાને સવાઇ બ્રાહ્મણ તરીકે ઓળખાવનાર અમીર ખુસરોમાં બે ભિન્ન સંસ્કૃતિઓને એક કરવાનું ગૌરવ છલકે છે, ગુમાન નહીં.

સિતારા-કુનાલને ભાવભરી વિદાય આપ્યા પછી થોડીવાર વિચારમગ્ન રહી અમીર ખુસરો કુનાલ અને સિતારાના મિલનના સંદર્ભમાં ગાય છે-

ખુસરો રૈન સુહાગન કી જાગી પી કે સંગ
તન મેરા મન પીઉકા, દોઉ ભયે એક રંગ

ખુસરોના પાત્રને અભિપ્રેત રસિકતા અહીં આ ગીત દ્વારા રજૂ થઇ છે જે પ્રસંગને રંગપૂર્ણ રેખાઓ બક્ષે છે.[23]

ગીત પૂરું કર્યા પછી ખુસરો તબલાં લઈને બેસે છે. એક બે બોલ કાઢે છે. ત્યાં નાટકની હસ્તપ્રત પર નજર પડતાં બોલી ઊઠે છે,

ખુસરો : નાટક છોડીને પાછો હું આ તબલાં સુધારવા બેઠો. પહેલાં નાટક પૂરું કરી લઉં કે પછી એના સહજ અંતની રાહ જોઉં? (પોથી હાથમાં લઈને પૃષ્ઠ ફેરવે છે) આ સુલતાન અલાઉદ્દીન વિશેનો ખ્યાલ કેમ આટલો બધો બદલાઈ ગયો? કે પછી આ મારો નહીં આજની તવારીખનો ખ્યાલ છે? ક્યાં ગયા પેલા સુલતાનના મશહૂર અલ્ફાજ? 'મારી ખ્વાહેશ દિલ્લીને કોઈક સૂબાના હાથમાં સુપરત કરી સિકંદરની જેમ આખી દુનિયા જીતવા, હિન્દુસ્તાનની બહાર નીકળી પડવાની છે' એ જ સુલતાને આજે-

અલાઉદ્દીનના સાંપ્રત જીવનની ઘટનાઓને નાટકમાં નિરૂપનારો ખુસરો, સુલતાનનો અંજામ કેવો કરુણ હશે તે પામી ગયો છે અને એટલે જ તે વ્યથિત છે. ધનલોલુપ, સત્તાલોલુપ, કીર્તિલોલુપ અને સૌંદર્યલોલુપ એવા મનુષ્યની ગતિવિધિને નાટકમાં તાદૃશ કરનાર સર્જક ખુસરો પોતાના નાયકનો કેવો અંત કલ્પે છે અને વિધાતાએ અલાઉદ્દીનનો ક્યો અંત નક્કી રાખ્યો છે એ આ તબક્કે પ્રેક્ષક માટે ઉત્સુકતાનો વિષય બની રહે છે.

ખુસરો 'એ જ સુલતાન આજે-' એટલું બોલે છે ત્યાં 'અમારે ત્યાં આપે જમવા પધારવાનું છે' એમ કહેતી સિતારા આવી ચઢે છે. નાટકની પોથી પર નજર પડતાં તે 'આ નાટક વાંચવા આપી દો' એમ કહી

ખુસરોએ અલાઉદ્દીન વિશે લખેલા નાટકની માગણી કરે છે. 'નાટક હજી અધુરું છે' એમ કહી ખુસરો નાટકની પોથી આપવાની ના પાડે છે ત્યારે નાટ્યકાર સિતારા મુખેથી સૂચકતાથી કહેવડાવે છે," હું વાંચીને કહીશ કેવી રીતે પૂરું કરવું." સિતારા નાટકની પોથી લઈને જતી રહે છે. ખુસરો ફરી પાછા વિચારમગ્ન બની 'સ્વગત' બોલવા માંડે છે.

**ખુસરો:** આ ક્યાં સુધી પરીની જેમ ઊડયા કરશે? અરાજકતાના ભયથી સુલતાને બધા કાયદા કડક કરી નાખ્યા છે ત્યારે સિતારાએ પણ સાચવીને આવજા કરવી જોઈએ. મેં મારી બેટીને શાદી પછી સીખ આપેલી કે ઝરૂખે બેસીને આમતેમ જોયા ન કરતી. પણ આ સિતારાને તો કશું કહી શકાતું જ નથી. [આમતેમ ફરે છે. કશું ચેન પડતું નથી] એક પછી એક બગાવત થતાં સુલતાન પાછા ઝનૂની બન્યા છે. અને પેલા નાપાક સરદાર સિવાય સૌ કોઈ ગમગીન છે, બેચેન છે બેહદ - પણ સુલતાન આ મલેક કાફૂરથી છેતરાશે ખરા? (પોથી લઈ લખવા બેસે છે) જોઉં એક અંત હું લખી રાખું. બીજો સિતારા સૂચવશે.

ખુસરો નાટકનો અંત લખવા બેસે છે.

થોડી વારે હુસન દહેલવી દામેથી પ્રવેશે છે અને સુલતાનના મોતની અફવા ચાલી રહી હોવાનું જણાવે છે. એ પછી હુસન અને ખુસરો વચ્ચે થતી વાતચીતમાં નાટ્યકારે કટોકટીકાલીન રાજકીય ચિત્ર સુરેખ રીતે આલેખ્યું છે.

**ખુસરો :** સાચા સમાચાર છુપાવી રાખવામાં આવે ત્યાં અટવાઓ ફેલાતી રહેવાની.

**હુસન :** પણ આપ ધારો તો આ અંગે તપાસ કરાવી શકો.

**ખુસરો :** તપાસ કરવા જતાં હું ખોવાઇ જઉં એવું પણ બને.

**હુસન :** ના, આપણને સંતાડી રાખવા કરતાં આપણી પાસે જાહેરમાં વખાણ કરાવવાનું એમને વધુ ગમે.

**ખુસરો :** આપણી પાસે વખાણ કરાવવા માટે એમણે સારા થવા સિવાય બીજું કશું કરવાનું નથી.

**હુસન :** મને લાગે છે કે એને બદલે એવું ઠસાવવામાં આવશે કે સારા થવાની જરૂર આપણને જ છે.

**ખુસરો :** આજે નામુમકિન કશું નથી.

ત્યાં 'અમીર સાહેબ મને આ ગુનામાંથી બચાવો' એવું કહેતા કાઝી મુધિસુદ્દીન આવી ચઢે છે. મલેક કાફૂર સુલતાનની હત્યા કરીને બેગમને એની સાથે શાદી કરવાની ફરજ પાડશે અને નિકાહ પઢવા માટે પોતાને હાજર થવું પડશે એ ગુનામાંથી પોતાને બચાવવા માટે આજીજી કરે છે ત્યારે 'સત્યની નજીક જવા માટે મતની સામે જવા માટે તૈયાર' એવા ખુસરો કાઝીને જે ચાબખા મારે છે તેમાં કટોકટીકાલીન રાજકીય ચિત્ર અને લેખકની મનઃસ્થિતિ સુપેરે ઝીલાયાં છે.

**કાઝી :** શું મારે (નિકાહ પઢાવવા) હાજર થવું પડશે?

**ખુસરો :** જે આપે નક્કી કરવાનું છે એ અંગે અમને શા માટે પૂછો છો?... કાઝી સાહેબ બધું ભવિષ્ય પર છોડી દઈએ અને બોલવાનું હોય તેવે વખત મૂંગા રહીએ તો પછી ફરિયાદ કરવાનો હક ગુમાવી બેસીએ છીએ... કાનૂનને કકક

ખુસરો: કરવાની સલાહ આપનારા પણ આપણે જ હતા ને
કાઝી સાહેબ! હવે એ કડક કાનૂનનો ભોગ બનવાનો
વારો પણ આવી ગયો.. અને દરબારમાં કાઝીની
જગા તો ખાલી રખાય જ નહીં, ભલે પછી બધા
કાનૂની ફેંસલા સુલતાન કે એમના શાગિર્દો જ કરતા
કેમ ન હોય?

કાઝી: હું જોઉં છું કે આ બધું કાનૂન અને મજહબની સામે
ક્યાં સુધી ટકી રહે છે?

ખુસરો: આજે તો કાનૂન અને મજહબને જ ટકાવી રાખવાનો
સવાલ છે, કાઝી સાહેબ! આ હાલાતમાં આપણે ટકી
રહીએ તોય ઘણું.

કાઝી: આને બદલે તો કાફૂરે મારા સાથે સારી રીતે વાત કરી હોત!

હુસન: હજી પણ કરશે.

ખુસરો: અને એ માટે એની એક જ શરત હશે. તમારે સલામ
કરવાની. પછી ભલે અંદરથી દુશ્મન હો.

ખુસરોની તીખી વાણીના તાતા તીરથી ઘવાયેલો કાઝી, "તમારે હસવું હોય તો હસો. પણ હું તો એમ જ કરીશ" એમ છણકો કરીને જતો રહે છે. હસન દહેલવી, પોતાનું દિલ અહીંથી ઊઠી ગયું છે એમ કહી દેવગિરિ બાજુ નીકળી જવાની વાત કરે છે ત્યારે ખુસરો કહે છે,

ખુસરો: આપ આજે જ જશો? તો એક સલાહ આપતા જાઓ.
સુલતાન અલાઉદ્દીન વિશેના પેલા નાટકનો અંત મને
સૂઝતો નથી.

ત્યારે હુસન દહેલવી અત્યંત હળવાશથી કહે છે.

**હુસન:** સુલતાનના અંત સુધી રાહ જુઓ.

એટલે ક્રાન્તદ્રષ્ટા એવા ખુસરો તરત જ બોલી ઊઠે છે,

**ખુસરો:** તો પછી આપણે શાયર શાના? નજીકનું ભવિષ્ય પણ ન દેખાય તો -

**હુસન:** ખુસરો સાહેબ! ગુસ્તાખી માફ હો; પણ આમાં ભવિષ્યને જોવાની જરૂર જ ક્યાં છે? સત્તાની આ રમત ખેલાતી રહેશે. જેવી શરૂઆત એવો જ અંત.

જમાના પ્રત્યે ખુસરોની અનાસ્થા અને આક્રોશ તો છેક સુધી રહેલાં છે એટલે જ અલાઉદ્દીનનાં કુકર્મોથી સ્તબ્ધ હુસન દહેલવીને એ કહે છે.

**ખુસરો:** ના ફક્ત શરૂઆત. ચોક્કસ અંત વિનાની શરૂઆત. અધૂરા જમાનાઓની એ જ રફતાર!

શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ અહીં 'અધૂરા જમાના' શબ્દપ્રયોગ અર્થપૂર્ણ અને નાટકના વસ્તુને ઉપકારક નીવડે છે.[૨૪]

પોતાને સવારે બંદગી કરતાં સૂઝી આવેલા અંત વિશે વાત કરતાં ખુસરો કહે છે કે નાટકના અંતે સુલતાન પદ્મિનીને પકડવા એની પાછળ દોડે છે. પદ્મિની આયનામાં અદ્દશ્ય થઈ જાય છે અને એની પાછળ સુલતાન પણ... ત્યાં આયનામાં અદ્દશ્ય થયેલા સુલતાન

અલાઉદ્દીન આયનો તોડી બુલંદ હાસ્ય સાથે બહાર આવે છે. પણ તેમની સર્જક કલ્પનાને આ અંત યોગ્ય નથી લાગતો. આ અંગે પોતે સેવેલી મથામણ હુસન આગળ પ્રગટ કરતાં તેઓ કહે છે,

**ખુસરો:** મને થયું કે ક્યાં સુધી આ ઘટનાનું પુનરાવર્તન થતું રહેશે? મેં પાછું બંદગીમાં મન પરોવ્યું તો મારી અંદર એક આયનો તૂટયો! હું ઝબકી ગયો. મારું રોમરોમ કંપી ઉઠયું. ને પદ્મિની વિનાના એકલા અલાઉદ્દીનથી બચવાનો રસ્તો ન સૂઝતાં હું ગમગીન થઈ ગયો.

ત્યાં કુનાલ ગભરાટનો માર્યો દોડતો ત્યાં આવી ચઢે છે ને ખબર આપે છે કે સુલતાને આજે પોતાને ખુસરોએ લખેલું નાટક વાંચી સંભળાવવા બોલાવેલો..પહેલાં તો પોતાને મલેક કાફૂર પાસે લઇ જવામાં આવ્યો. એણે થોડું સાંભળીને નાટક પોતાની પાસેથી લઇ લીધું ને શાબાશી આપીને પાછો મોકલ્યો. ઘરે આવીને જુવે છે તો સિતારા ગાયબ. આ સાંભળીને સર્જક ખુસરો પોતાનો અસલ મિજાજ દાખવતાં કહે છે.

**ખુસરો:** મારી બેટી પર પણ એણે નજર બગાડી? હવે કિનારે ઊભા ઊભા ખબરનવીસ રહ્યે નહીં ચાલે. લડવું પડશે.

એમ કહી ખુસરો તલવાર લઈ નીકળી પડે છે ને એમની પાછળ કુનાલ પણ. હુસન દહેલવી એકલા પડે છે. અમીર ખુસરોએ સુલતાન વિશે લખેલા નાટકનો પોતે કલ્પેલો અંત તેમના હાથમાં આવે છે. ખુસરોના આસન પર બેસીને તેઓ વાંચવા લાગે છે. વ્યગ્ર બને છે ને ત્યાં મંચના પાછલા ભાગમાં પ્રકાશ થતાં પ્રેક્ષકો સમક્ષ, ખુસરોએ અગાઉથી

લખી રાખેલો અંત દૃશ્યરૂપે ભજવાય છે જે વાસ્તવિક ઘટનાની સમાંતરે ચાલે છે. વાસ્તવમાં, કુનાલ આવીને ખબર આપે છે તેમ સિતારાને મલેક કાફૂર ઉપાડી જાય છે. અહીં આંતર નાટકના આ દૃશ્યની શરૂઆતમાં રંગનિર્દેશમાં સૂચવાયા પ્રમાણે કાફૂર સિતારાને ખેંચી લાવીને અલાઉદ્દીનના પગ પાસે પછાડે છે. અલાઉદ્દીન નજર કરી લે છે... ખુસરોને દહેશત હતી કે સુલતાન હવે પોતાની દિકરી પર નજર બગાડશે એટલે જ તો, સિતારા નાટકની પોથી લઈને જતી રહે છે ત્યારે વ્યગ્ર બનીને કહે છે," મેં મારી બેટીને શાદી પછી સાખ આપેલા કે ઝરૂખે બેસીને આમતેમ જોયા ન કરતી..પણ આ સિતારાને તો કશું કહી શકાતું જ નથી." આ દહેશતના આધારે જ તેઓ આ પ્રકારનો અંત લખવા પ્રેરાય છે. સિતારાના અપહરણની આશંકાથી ખુસરોનું અને તેની પાછળ કુનાલનું સુલતાન સામે બગાવત કરવા નીકળી પડવું અને ખુસરોએ લખેલા નાટકમાં મલેકનું સિતારાને ખેંચી લાવીને અલાઉદ્દીનના પગ પાસે પછાડવું એ બે ઘટનાઓ એવી જોડાઈ જાય છે કે જાણે ખુસરોએ કલ્પેલો અંત હકીકત બની જાય છે.

કાફૂરે પોતાના પગ પાસે લાવીને પછાડેલી સિતારાને એક નજરે જોઇ લીધા પછી અલાઉદ્દીન કટાક્ષ કરતાં કહે છે,

**અલાઉદ્દીન:** શું બધાં ખૂબસૂરત ફૂલો ખૂટી ગયાં કે આ એક કળીને લઈ આવ્યો કાફૂર!

ત્યારે કાફૂર," એ કળી નથી, ખુદાવંદ! એની ખુશબો તો આપની આખી પાછલી જિંદગીને ભરી દેશે. એ આપનું પદ્મિનીનું ખ્વાબ પૂરું કરશે."

kalpana's

એમ કહી, પોતે સુલતાનનો બંદો છે અને તેમની આખી જિંદગીનો થાક ઉતારવા આ રીતે ખિદમત કરી રહ્યો હોવાનું જણાવી ત્યાંથી જતો રહે છે.

પદ્મિનીને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ નિવડેલો અને તેથી ક્રૂર અને જુલ્મી બનેલો અલાઉદ્દીન સિતારામાં પદ્મિનીનું રૂપ નિહાળતાં બોલી ઊઠે છે,

અલાઉદ્દીન: ગભરા નહીં, માસૂમ હૂર! અમારી સામે જો અને ખાતરી કરાવ કે તું ખયાલી પરી નથી પણ એક હકીકત છે. દુનિયાની ખૂબસૂરતીનું ખ્વાબી ફરજંદ છે. આજે અમે આ આખી દુનિયા અને એનું આસમાન સાંભળે એટલી બુલંદીથી એલાન કરાવશું કે અમે અમારી પદ્મિની હાંસલ કરી લીધી છે.

અલાઉદ્દીન સિતારાને પકડવા જાય છે ત્યારે સિતારા દૂર ખસી કટારી કાઢી સુલતાનને સાવધાન કરતાં કહે છે,

સિતારા: આ કટારીનો એક નાનો સરખો ઘા પણ તમારો અંતકાલ લાવી દેશે. મારે તો આપની હત્યા કરવાની છે, આ કટારીથી...

અલાઉદ્દીનને આ ક્ષણે પ્રતીતિ થઈ જાય છે કે સિતારા કોઈનું મહોરું બનીને આવી છે. સિતારા કટારીનો ઘા કરવા જાય છે. અલાઉદ્દીન કટારી પડાવી લે છે. એક બાજુએ મૂકે છે. મંચના બીજા ભાગમાં હસન દહેલવી આ બધું વાંચવું સહન થતું ન હોય તેમ પોતાનું માથું

દબાવતા અંદર ખસી જાય છે. આ પ્રકારનો રંગનિર્દેશ હુસન દહેલવી જે કંઇ વાંચે છે તે પ્રેક્ષકો સમક્ષ દશ્યરૂપે ભજવાય છે એનું સૂચન કરે છે. વળી જે કંઇ ભજવાય છે એ ખુસરોની કલ્પના છે એનો પણ સંકેત મળે છે.

સિતારાને જોઇ અલાઉદ્દીનની વકરેલી વૃત્તિઓ, તેનામાં સળવળી ઊઠેલા રાક્ષસનું યથાર્થ ચિત્રણ નાટ્યકારે તેના આ ઉદ્ગારોમાં કરાવ્યું છે.[૨૨] સિતારાને એ કહે છે,

**અલાઉદ્દીન :** હવે ? છે તારી તૈયારી આ નાજુક અંગોના ઘા કરવાની? (બે હાથે પકડીને ઊંચકી લે છે. સાચવીને મૂકે છે) બોલ હા કે ના? (દૂર ખસી આસન પર બેસે છે) ઉતાવળ નથી મારે. મારું દિલ કંઇ ખાલી નથી. એમાં ઠસોઠસ અંધારું ભર્યું છે. ચટ્ટાન જેવું મજબૂત અને એની જગાએ કાયમ. તારે આ ખૂબસૂરતીથી એને રોશન કરવું છે કે તારી ફૂલોની દુનિયામાં નાસી જવું છે? બોલ, શી છે તારી મરજી?

"મારી મરજી તો કશી નથી પણ મને કહેવામાં આવ્યું છે કે.." એમ કહી સિતારા, મૂકેલી કટારી ઉપાડી લઇને ઘા કરવા જાય છે. અલાઉદ્દીન કટારી પડાવીને એના પર બળાત્કાર કરી એને ચૂંથી નાંખે છે ને પછી ધકેલતો અંદર લઇ જાય છે ત્યાં બીજી બાજુથી અવાજ આવે છે, "નામ-દાર અમીર ખુસરોએ બગાવતની તૈયારી કરી છે." ત્યારે તે, "કાઝીને કહી દો કે ખુસરોને સજા કરે, ખોફનાક સજા" એવો કાફૂરને હુકમ કરે છે. ત્યાં કુનાલ 'એ પહેલાં તો...' એમ બોલતો અંદર ધસી આવે છે

છુપાયેલા કાફૂરને તે જોઈ શકતો નથી ને એના પ્રહારનો ભોગ બની અંદર ધકેલાઈ જાય છે.

હાથમાં તલવાર લઈ ખુસરોનું અને તેની પાછળ કુનાલનું સુલતાન સામે બગાવત કરવા નીકળી પડવું એ ખુસરોના જીવનની વાસ્તવિક ઘટના અને "નામદાર, અમીર ખુસરોએ બગાવતની તૈયારી શરૂ કરી છે" એવા પાર્શ્વધ્વનિ દ્વારા તથા 'અંદર ધસી આવેલો કુનાલ કાફૂરના પ્રહારનો ભોગ બને છે' એવા રંગનિર્દેશ દ્વારા સૂચવાતી અને ખુસરોએ લખેલા નાટકમાં આવતી કાલ્પનિક ઘટના - આ બે ઘટનાઓને નાટ્યકારે અહીં કુશળતાપૂર્વક સાંકળી લીધી છે. એનાથી નાટકનું કથાવસ્તુ અત્યંત સંકુલ બની જાય છે. વાસ્તવના અને કલ્પનાના પ્રવાહો હવે જાણે એક થઈ વહેવા માંડે છે. ખુસરોએ અગાઉથી કલ્પી રાખેલો અંત જ જાણે સાચો પડતો જાય છે એવી પ્રતીતિ પ્રેક્ષકોને થવા લાગે છે.

અલાઉદ્દીન, લોહીથી ખરડાયેલી કટારી અને સિતારાનું મસ્તક લઈ હારેલા માણસની જેમ પ્રવેશતા બોલે છે,

**અલાઉદ્દીન :** જેને હું મારી માની રહ્યો હતો એ એકેએક ચીજ નાચીજ બની રહી છે. નહોતું ધાર્યું કે મારી જિન્દગીભરની ખોજનો આવો પડઘો પડશે. પદ્મિની પણ છેવટે કટારી બનીને ભેટવા આવશે. પણ ઉફ્.. આય એક છળ છે. જે સામે જ આ પદ્મિનીનું રૂપ હોત તો બેલાશક એને આ છાતીમાં ભોંકી દેત અને પાંસળીઓ નીચેના કાયમી અંધારાને એક પળ માટે ઝળહળાવી નાખત. પણ ખેર-

kalpana's

ત્યાં 'તસલીમ ખુદાવંદ' કહી કાફૂર અલાઉદ્દીનની નજીક સરકે છે. અલાઉદ્દીન, સિતારાએ ફેંકેલી કટારી કોની છે તેની તપાસ કરવાનું કામ કાફૂરને સોંપે છે ત્યારે કાફૂર ખંધાઈપૂર્વક હસતાં હસતાં કહે છે.

કાફૂર: બધી જ કટારીઓ આપની છે હુજૂર! એની તે તપાસ કરવાની હોય? પણ આજે આપે એ નક્કી કરવાનું છે કે ખિજરખાં હુમલો કરશે તો તેમની સામે લડવા કોણ જશે? છ વરસના શાહજાદા શિહાબુદ્દીન?

અલાઉદ્દીન તેનો જવાબ આપતાં કહે છે કે શિહાબુદ્દીનના વાલીની હેસિયતથી શિહાબુદ્દીન વતી મલેક કાફૂર લડશે ત્યારે સુલતાનનો અંત જાણે હાથવેંતમાં હોય એમ કાફૂર બોલે છે," આપ મારા માથે બહુ મોટી જવાબદારી મૂકતા જાઓ છો." આ સાંભળી અલાઉદ્દીન પણ સૂચકપણે કહે છે, "હું ક્યાં જાઉં છું? મેં હજી ક્યાંય જવાનું નક્કી કર્યું નથી."

આ ક્ષણે કાફૂર સુલતાનને ઝેર આપવાના ઈરાદાથી હકીમે આપેલી દવા પીવડાવવાનો પ્રયત્ન કરતાં કહે છે,

કાફૂર: હકીમે આપેલી દવા તો આપે લેવી જ જોઈએ... આજે તો દવા પીવી જ પડશે. આપ ના પાડતા રહેશો તો મારે મારા હાથે-

અલાઉદ્દીન: શું તું મારા પર જબરજસ્તી કરવાનો?

કાફૂર: મારો ઈરાદો તો એવો નથી પણ ફરજ મજબૂર કરે તો શું કરું?

**અલાઉદ્દીન:** મારા હુકમનું પાલન કરવું એ તારી પહેલી ફરજ નથી?

**કાફૂર:** પણ હુકમ કરી શકે એવું આપનું શરીર તો હોવું જોઈએ ને!

**અલાઉદ્દીન:** અરે કાફૂર, તું શરીરની વાત કરે છે? એ હુકમ તો શું એક નવી શાદી કરવાનેય લાયક છે.

**કાફૂર:** તો તો આપે આ દવા પીવી જ પડશે.

એમ કહી કાફૂર પ્યાલી લઈ આવે છે. અલાઉદ્દીન તાકી રહે છે. નિર્ણય કરી લેતો હોય એમ સહેજ ઊંચે જોઈ લઈને પછી કાફૂર સામે સ્મિત કરીને પી જાય છે.

**અલાઉદ્દીન:** વાહ! કાફૂર વાહ! આ તો બધા રોગોનો એક સામટો ઈલાજ લાવે છે! ખ્યાલ રાખજે, કાફૂર! મારા હવે પછીના સુખમાં કોઈ ખલેલ ન પાડે!

ઝેર પીવડાવીને પોતાની હત્યા કરવામાં આવી રહી છે એ વાતનો અલાઉદ્દીનને અણસાર આવી જાય છે. પણ એ કશો પ્રતિકાર કરી શકે તેમ નથી. સિકંદરની જેમ આખું જગત જીતવા નિકળેલો આ સવાયો સિકંદર સાવ નિઃસહાય હાલતમાં મૂંઝાઈ જાય છે. અલાઉદ્દીનની આ અવસ્થા પ્રેક્ષકોમાં કરુણા pity નો ભાવ જન્માવે છે. શ્રી વજુભાઈ ટાંક નોંધે છે તેમ ભાવકના કાળજે એક અજબ હમદર્દીનો સૂર રણકી ઊઠે છે.

આયનાની આદમકદ ફ્રેમમાં - ઈનસેટમાં - હવે સિતારાનો વેશ ધારણ કરેલી સુંદર લાગતી પદ્મિની દેખાય છે. ઢળી પડેલા અલાઉદ્દીનમાં ચેતના સળવળે છે, જે અલાઉદ્દીનની નાસીપાસ થવા

છતાં વારંવાર સળવળી ઉઠતી ભોગવટાની વૃત્તિનો જ નિર્દેશ કરે છે.[૨૬]
પદ્મિની એ અલાઉદ્દીનની કલ્પના છે અને સિતારા એ ખુસરોની કલ્પના છે. આ સંકેતને વધુ સ્પષ્ટ કરવા નાટ્યકારે નાટકના આ અંત ભાગમાં અલાઉદ્દીનના મૃત્યુની ક્ષણે સિતારાની વેશભૂષા ધારણ કરેલી પદ્મિની દેખાય એવું સૂચન કર્યું છે અને પોતે લખેલા નાટકમાં પાત્ર બનીને આવતા ખુસરોના મુખેથી કહેવડાવ્યું છે.

**ખુસરો:** જે તારો ખયાલ અને મારું ખ્વાબ એક બની અહીં
હાજર છે. જો, તારી કવિતા કહેવા મારી પદ્મિનીના હોઠ
ફરકી રહ્યા છે!

એ સાથે પદ્મિની સિતારાની રીતે આગલા ભાગમાં આવે છે અને લયાત્મક રીતે (સિતારાએ પ્રથમ અંકમાં ફૂલો ઉછાળતાં કહેલી કવિતા દોહરાવતાં) બોલે છે.

**પદ્મિની:** અરે ફૂલો! તમે ધરતી પરથી આવ્યાં છો ને!....
શું એ સૂરજ બન્યા કે માટીમાં મળી ગયા?

અલાઉદ્દીન, છદ્મવેશ ધરીને આવેલું પદ્મિનીનું રૂપ નજર સામે આવીને ઊભું રહે છે એને પોતાની અર્ધ સભાનાવસ્થામાં સત્વરે ઓળખી કાઢે છે અને ભવ આખાની વણતૃપ્ત ઝંખનાને જાણે વાચા ફૂટે છે.[૨૭]

**અલાઉદ્દીન:** પદ્મિની તું સૂરજ બની ગઈ, એક માત્ર હું જ અંધકાર

બની અહીં માટીમાં પડી રહ્યો. આવ, મને
તારી એક જ્વાલાનો સ્પર્શ આપતી જ.

પદ્મિની વિમુખ રહી દૂર સરકે છે.

**અલાઉદ્દીન:** પદ્મિની! આવ તને મેળવ્યા વિના મારે મરવું નથી.

એક શહેનશાહની અંતકાળની આ કરુણ કઠોર વિવશતા અને વેદના દર્શકોના ભીતરને એક અપાર અણપ્રીછી આર્તિથી ભરી દે છે.[૨૭]

અલાઉદ્દીનની વિવશતા વર્ણવતાં પદ્મિની કહે છે,

**પદ્મિની:** એ હવે તારી ઈચ્છાની વાત રહી નથી. તું મુખમાં મોત
લઈને બેઠો છે. તારા ખૂનનાં કાવતરાં થઈ ચૂક્યાં છે.

**અલાઉદ્દીન:** મને ખબર છે, બધી ખબર છે.

**પદ્મિની:** હંહ્ ખબર છે! હવે મોત સામે તો સાચું બોલ
સિકંદર સાની!

પદ્મિનીનો આ છેલ્લો પ્રહાર ધારદાર કટાક્ષ બની રહે છે. તે હસતી હસતી જતી રહે છે. એને પકડવાનો પ્રયત્ન કરવા જતો અલાઉદ્દીન આસન પરથી નીચે ઢળી પડે છે. મલેક કાફૂર એને પૂર્ણપણે મૂર્છિત થયેલો જોઈ આસન પર બેસી સત્તાધીશ બન્યાના આનંદમાં ખડખડાટ હસી પડે છે. પછી કંઈક સૂઝ્યું હોય તેમ ઝબકે છે, ક્રૂરતા ધારણ કરી તલવારથી અલાઉદ્દીનનું મસ્તક કાપવાનો અભિનય કરે છે અને

ચક્રાસન નીચેથી અલાઉદ્દીનના મસ્તક જેવું મહોરું લઈ ઊંચે કરી વધુ જોરથી હસી પડે છે. ને પછી કેન્દ્રમાં આવતાં

કાફૂર : આ રહ્યા સુલતાન અલાઉદ્દીન (હાસ્ય) આ રહ્યા
સિકંદર સાની સુલતાન અલાઉદ્દીન

પ્રથમ અંકમાં અલાઉદ્દીનના ઈશારે સુલતાન જલાલુદ્દીનનું મસ્તક વાઢી તેને ભાલાના ફણગા પર ચઢાવી સિપાહી બોલી ઊઠે છે, " આ રહ્યા સુલતાન જલાલુદ્દીન !" - આ પ્રકારનું દૃશ્ય ખુસરો સિતારા આગળ વાંચી બતાવે છે. એને નાટકને અંતે પ્રત્યક્ષ જોઈને પ્રેક્ષકનું ચિત્ત એક સંગતિ પામે છે. શ્રી વજુભાઈ ટાંક નોંધે છે તેમ ખિલજી સલ્તનતના ગુમાની, ધીટ, આપખુદ, શેખીખોર, મદોન્મત્ત સમ્રાટનું મસ્તક નિર્મમતાથી વાઢી નાંખી એને તલવારની અણીએ ચઢાવી, બાદશાહ સલામતના જમણા હાથ સમો નિમકહરામ સરદાર મલેક કાફૂર, આલમ આખી સાંભળે એમ, જ્યારે બુલંદ સ્વરે પોકારે છે કે, "આ રહ્યા સુલતાન અલાઉદ્દીન.. આ રહ્યા સિકંદર સાની સુલતાન અલાઉદ્દીન" ત્યારે ભાવકના ચિત્તમાં એક કાળઝાળ બેચેનીનો સોપો પડી જાય છે. કરુણિકાના અંતનો આ આર્તસ્વર સર્જકની સંવેદનાને જેમ સુપેરે પ્રગટ કરી આપે છે તેમ ભાવકોના ઊર્મિકોશોને પણ એક દર્દનાક આહ અને ભડકથી વિક્ષુબ્ધ કરી મૂકે છે.[૨૯]

નાટકના આ પ્રકારના અંતના સંદર્ભમાં શ્રી શૈલેષ ટેવાણી લખે છે કે નાટ્યાર્થનો વિસ્તાર અહીં સિદ્ધ થાય છે. સત્તાધીશ ગમે તે હોય, પદની, વિજયની, સઘળું પોતાનું કરવાની ભાવનાથી પીડાતો

હોય તેનું ચિત્ર આવું જ બલકે આનાથી પણ વરવું હોઈ શકે. રઘુવીર દ્વારા આ યથાર્થનું ચિત્રણ છે. મલેક અલાઉદ્દીનને મારે છે તેમ અલાઉદ્દીન એ પહેલાં કોઈને મારીને સત્તાનાં સૂત્રો સર કરે છે. આ તરસ શાશ્વત છે, છીપતી નથી. પીનારને, છીપાવવા ઈચ્છનારને ખતમ કરે છે. કાફૂરના આ ભલે સૂચિત - અભિનય દ્વારા લેખકે આ પ્રકારના રહસ્યભાવને ગોપિત રાખી નાટકને અંતથી શરૂ કર્યું છે. એ જ નાટ્યકાર તરીકેની તેમની સિદ્ધિ છે.[૨૯]

'સિકંદર સાની'માં આંતરનાટક અને આયનાની આદમકદ ફ્રેમ જેવી નાટ્યપ્રયુક્તિઓના વિનિયોગ દ્વારા અલાઉદ્દીનના જીવનને ઈતિહાસકાર નહીં પણ સર્જક ખુસરોની દૃષ્ટિથી જોવાનો પ્રયત્ન થયો છે. વળી તેના દ્વારા નાટ્યકારે નાટકને એક સાથે અમીર ખુસરોનું અને રઘુવીર ચૌધરીની કલ્પનાનું બનાવ્યું છે.

શ્રી વજુભાઈ ટાંક 'સિકંદર સાની'ને ગુજરાતી નાટ્યસંપદામાં ભાગ્યે જ દેખા દેતી ફેન્ટસીને આંબી જતું ઈતિહાસનો અંચળો ઓઢીને આવતું એક પ્રશિષ્ટ સર્જન તરીકે ઓળખાવતાં નોંધે છે કે અગ્નિશુદ્ધ ઈતિહાસનાં પાત્રો અને પ્રસંગોના સિલસિલા-બંધ આધારે નહીં પણ ઈતિહાસના મનઃપૂત પાઠે રચી આપેલી ભાવસૃષ્ટિના આધારે આ નાટકનું કવિકર્મ થયું છે. વળી તેમની દૃષ્ટિએ આ નાટક અકસર કટોકટીકાળના કાળા પડછાયાને સંવાદો અને પ્રસંગો દ્વારા ભાવકની નજર સામેથી ખસવા નથી દેતું.[30] શ્રી બાબુભાઈ ભુખણવાળાને તો અલાઉદ્દીન ખિલજીમાં, મલેક કાફૂરમાં કટોકટીકાળ વખતે ફેંકાઈ ગયેલા વિધિના પ્યાદાનાં પ્રતિબિંબ દેખાય છે.[૩૧] સ્વયં લેખકે પણ નાટકના મૂળમાં કટોકટીકાળની પોતાની મનઃસ્થિતિ

હોવાનું કબૂલ્યું છે.[31] અમીર ખુસરોની જેમ તેઓ પણ આ નાટક લખી અનિયંત્રિત બનતી જતી તત્કાલીન રાજસત્તાનો -કટોકટીકાળની કારમી સ્થિતિનો- ભાણે એક સર્જકની હુંસિયતથી પ્રતિકાર કરે છે.

આમ 'સિકંદર સાની'માં નાટ્યકારે અલાઉદ્દીનના જીવનના પ્રસંગોને સીધા નિરૂપવાની જગ્યાએ અમીર ખુસરો દ્વારા લખાયેલા અલાઉદ્દીનના જીવન સંબંધી નાટકમાંના પ્રસંગો રૂપે નિરૂપી નાયકનું ઈતિહાસકારની દૃષ્ટિએ નહીં પણ કવિની દૃષ્ટિએ દર્શન કરાવ્યું છે અને તેથી જ ઈતિહાસનો ક્રૂર, સત્તાલોલુપ અલાઉદ્દીન અહીં સામાન્ય માણસની નબળાઈઓના પ્રતીક તરીકે રજૂ થઈ શક્યો છે. શ્રી શૈલેષ ટેવાણી નોંધે છે તેમ દુનિયા પર શાસન કરવાની સિકંદરની સિકંદરીય વર્ચસ્વવૃત્તિ અને સત્તાનાં સૂત્રો સર કરવાની -વિજયી શાસક બનવાની મહત્ત્વાકાંક્ષા અલાઉદ્દીનની પણ હતી. અલાઉદ્દીન માત્ર આ જ ભાવનાથી પીડાતો જ્યારે સિકંદર પાસે જગતને જોવાની બીજી આંખ પણ હતી. અહીં રઘુવીર અલાઉદ્દીનની કુટિલતા, રાક્ષસી વૃત્તિઓ વગેરેનો, ખલનાયકસહજ ચિત્રણ દ્વારા 'અવગુણ પક્ષ' આગળ કરતા નથી. માત્ર માનવસહજ અલાઉદ્દીનની આ લાગણીનું સમભાવપૂર્ણ આલેખન કરે છે.. ખુસરોની નજરથી થયેલું અલાઉદ્દીનનું ચિત્રણ અલાઉદ્દીનની વૃત્તિ પરત્વે ભાવકને ઘૃણાની નહીં પણ કરુણાની લાગણી જન્માવે છે. નાટ્યકારે અલાઉદ્દીનની 'સર્વ ભોગ્ય'ને સર્વકાળ બાંધી રાખવા ઈચ્છતા સમ્રાટ તરીકે આલેખ્યો છે ખરો, પરંતુ આ નિરૂપણ 'માનવસહજ નબળાઈ' તરીકેનું રહે છે. ઐતિહાસિક કથાવસ્તુને આધાર તરીકે લઈને માણસની વૃત્તિના કરુણ પરિણામનો આ કલાત્મક આલેખ એટલે જ કોઈ એક કાળમાં, એક સત્તાધીશ પૂરતો જ મર્યાદિત નહીં રહેતાં સર્વકાળના કોઈ પણ સત્તાધીશના અવગુણનું નિદર્શન બને છે.[32]

શ્રી ઉત્પલ ભાયાણીની દૃષ્ટિએ 'સિકંદર સાની' પરંપરાગત અર્થમાં ઐતિહાસિક નાટક પણ નથી કે નથી એ અલાઉદ્દીનનું જીવનચરિત્ર. અલાઉદ્દીન માત્ર પદ્મિનીનું પ્રતિબિંબ જ જોઈ શકેલો એ ઘટનાને લેખકે અહીં જુદું જ પરિમાણ આપ્યું છે. પદ્મિની અલાઉદ્દીનની કલ્પના છે, ઝંખના છે. એ દેખાય છે પણ હાથમાં નથી આવતી. હાથવગી બેગમ છે જે પદ્મિનીનું વાસ્તવિક સ્વરૂપ છે અને માટે જ પદ્મિની અને ભૂમિકા એક જ કલાકાર પાસે ભજવાય એવો નિર્દેશ છે.

શ્રી ભાયાણી આગળ નોંધે છે તેમ માધ્યમની પ્રયુક્તિનો આ સુંદર ઉપયોગ છે પરંતુ એથી પણ આકર્ષક અહીં એક આદમકદની આયનાની ફ્રેમ છે. આ જ ફ્રેમમાંથી અલાઉદ્દીનની પદ્મિની આવ-જા કરે છે અને એમાં જ અમીર ખુસરોને પણ અલાઉદ્દીન દેખાય છે. માધ્યમની દૃષ્ટિએ ત્રીજી વિશેષતા વર્તમાન અને રચાતા નાટકને – આંતરનાટકને – સમાન્તર રજૂ કરવાની છે.[33]

નાટ્યકાર દ્વારા પ્રયોજાયેલી આ નાટ્યપ્રયુક્તિઓ દિગ્દર્શક દ્વારા કેવી રીતે પ્રયોજાઈ અને એના વડે નાટકની ભાષા, મંચભાષા, પ્રયોગની ભાષા, નાટકના હાર્દને પ્રગટ કરવામાં કેટલા અંશે સફળ નિવડી શકી તે તપાસવું રસપ્રદ થઈ પડશે.

નાટ્યમહર્ષિ સ્વ. જશવંત ઠાકરના નિર્દેશનમાં આ નાટક ૨૪/૨૫ ફેબ્રુ. ૧૯૭૯ના રોજ અમદાવાદના એચ.કે. હોલમાં ભજવાયું. તેના બીજા બે પ્રયોગો 3 માર્ચ તથા ૧૭ માર્ચના રોજ ટાઉનહોલમાં રજૂ થયા.

'સિકંદર સાની' ખરા અર્થમાં ઐતિહાસિક નાટક નથી. અણિશુદ્ધ ઇતિહાસનાં પાત્રો અને પ્રસંગોના સિલસિલાબંધ આધારે નહીં પણ ઇતિહાસના મનઃપૂત પાઠે રચી આપેલી ભાવસૃષ્ટિના આધારે આ નાટકનું કવિકર્મ થયું છે[34] તેમ જ તેમાં આવતી ઘટનાઓ માળાના મણકાની જેમ એક પછી એક સરળતાથી સરકતી નથી. તેની વસ્તુસંરચના જટિલ અને સંકુલ છે. અલાઉદ્દીનના જીવનના પ્રસંગો ઇતિહાસકાર નહીં પણ કવિ, સર્જક એવા અમીર ખુસરોની દૃષ્ટિથી આલેખાયેલા છે અને તે માટે નાટ્યકારે 'આંતરનાટક'ની પ્રયુક્તિ યોજી છે. આ બધી બાબતો ધ્યાનમાં રાખી દિગ્દર્શકે તેની પ્રસ્તુતિ માટે આગવી મંચભાષા ઘડવી પડે. પરંતુ આ નાટકના દિગ્દર્શક શ્રી જશવંત ઠાકરે જાણે ઐતિહાસિક નાટક ભજવતા હોય એવો અભિગમ દાખવ્યો. [શ્રી શશીકાન્ત નાણાવટી 'રંગભૂ' કોલમમાં, 'ભરત નાટ્યપીઠનું ઐતિહાસિક નાટક : સિકંદર સાની' એવા શીર્ષક હેઠળ નાટકના પ્રયોગની સમીક્ષા કરે છે.] અને એટલે નાટકના હાર્દને પ્રેક્ષકો સુધી સફળતાપૂર્વક પહોંચાડી શક્યા નહીં. આ નાટકનો ચોથો પ્રયોગ જોનાર શ્રી સિતાંશુ યશશ્ચંદ્રે નાટ્યકારને આ અંગે ટકોર કરતાં કહ્યું હતું, "તમારે એ નાટક ('સિકંદર સાની') ફરી ભજવવું રહ્યું. જશવંતભાઈએ ઐતિહાસિક નાટકની રીતે એની રજૂઆત કરી છે."[35]


નાટ્યકારે નાટકની શરૂઆતમાં સન્નિવેશ માટેના રંગનિર્દેશો આ પ્રમાણે આપ્યા છે: દિલ્લીમાં અમીર ખુસરોનું દીવાનખાનું. દીવાનખાનાના આગલા ભાગમાં ચકાસન. પાછલા ભાગમાં ઊંચાઈ પર આયનાની આદમકદ ફ્રેમ. આ ફ્રેમ અને ચકાસનની વચ્ચે

kalpana's

મોટું આસન. મંચના આગળના ભાગમાં એક બાજુ સુશોભિત ગાદી-તકિયા છે અને બીજી બાજુ સિતાર-તબલાં છે. બે ત્રણ જગાએ ગ્રંથ-પોથી છે. અહીં નાટ્યકારે અમીર ખુસરોના જીવનના પ્રસંગો અને ખુસરોએ લખેલા નાટકમાં આવતા અલાઉદ્દીનના જીવનના પ્રસંગોની રજૂઆત માટે આ પ્રકારના દૃશ્યબંધની કલ્પના કરી છે. આયનાની આદમકદ ફ્રેમમાંથી પદ્મિની આવનજાવન કરે છે. અહીં આયનાની ફ્રેમ, અલાઉદ્દીને પદ્મિનીનું વાસ્તવિક દર્શન નહીં પરંતુ આયનામાં તેનું પ્રતિબિંબ નિહાળ્યું હતું એ ઐતિહાસિક સંદર્ભ તો રચી જ આપે છે પણ સાથે સાથે નાટકમાં આવતું પદ્મિનીનું પાત્ર નાટકનાં અન્ય પાત્રોની જેમ વાસ્તવિક પાત્ર નથી પરંતુ અલાઉદ્દીનની 'કલ્પના' છે, 'ઝંખના' છે અને તે અલાઉદ્દીનની મનોભૂમિમાં સંચરે છે એવો અર્થ પણ સૂચવે છે. આયનાની ફ્રેમ એ જાણે અલાઉદ્દીનની મનોસૃષ્ટિમાં આવાગમન કરવા માટેનું દ્વાર છે એવો કોઈ અર્થ નાટ્યકારને અભિપ્રેત છે. અલાઉદ્દીનના મનોમુકુરમાં ઉપસતું અને વિરમી જતું પદ્મિનીનું પ્રતિબિંબ આયનાની આદમકદ ફ્રેમ દ્વારા સૂચવાય છે અને એટલે જ સમગ્ર નાટકમાં આયનાની ફ્રેમ અને પદ્મિની અનિવાર્ય--પણે જોડાયેલાં છે. આયનાની આદમકદ ફ્રેમના દૃશ્યાત્મક પ્રતીક દ્વારા નાટ્યકારે પદ્મિની એ અલાઉદ્દીનની ઝંખનામાત્ર છે એવો અર્થ સંક્રાન્ત કર્યો છે એટલે દિગ્દર્શક માટે મંચ પર આયનાની આદમકદ ફ્રેમ ઊભી કરવી આવશ્યક બને છે. એ ફ્રેમ ક્યાં અને કેવી રીતે ઊભી કરવી એ દિગ્દર્શકની કલ્પના ઉપર નિર્ભર હોઈ શકે પણ દિગ્દર્શકથી તેની અવગણના ના કરી શકાય. પરંતુ શ્રી જશવંત ઠાકર 'સિકંદર સાની'ને ઐતિહાસિક નાટક તરીકે રજૂ કરવા ઈચ્છતા હતા એટલે તેમણે મંચના પાછલા ભાગમાં

આયનાની આદમકદ ફ્રેમ મૂકી ન હતી. એને બદલે અલાઉદ્દીનના આસનની બે બાજુ ઊંધી તલવારો અને અહીં તહીં માણસોનાં મસ્તકોનાં મહોરાં ગોઠવ્યાં હતાં.[35]

અમીર ખુસરોના જીવનના વાસ્તવિક પ્રસંગો મંચના આગલા ભાગમાં down stageમાં જ્યાં એક ખૂણે સુશોભિત ગાદી-તકિયા અને બીજા ખૂણે સિતાર-તબલાં તેમજ ગ્રંથ-પોથી મૂકવામાં આવ્યા છે ત્યાં ભજવાય અને નાટકમાં આવતા અલાઉદ્દીનના જીવનના કાલ્પનિક પ્રસંગો જ્યાં ચકાસન અને મોટું આસન મૂકવામાં આવ્યા છે એ centre stageમાં ભજવાય અને આયનાની આદમકદ ઉપલા ભાગમાં up stageમાં મૂકાય એવી લેખકની કલ્પના છે.




પહેલા અંકમાં કાઝી મુધિસુદ્દીન, ચકાસનની એક બાજુ આવીને બેસતો કલ્પ્યો છે જ્યારે બીજા અંકની શરૂઆતમાં પ્રૌઢ અલાઉદ્દીન -ને મોટા આસન પર બેઠેલો કલ્પ્યો છે. ત્રીજા અંકમાં વૃદ્ધ અલાઉદ્દીન ચકાસન પર પગ મૂકી નીચું જોઈ બોલે છે... શેતરંજ ગોઠવી ચકાસનની બાજુમાં બેસે છે એવા રંગનિર્દેશો છે. આમ લેખકની દૃષ્ટિએ મંચના બે નિશ્ચિત ભાગ પડે છે. મંચનો upstage અને centre stageનો ભાગ જ્યાં અલાઉદ્દીનના જીવનના કાલ્પનિક

પ્રસંગો તેમ જ પદ્મિની સાથેના કાલ્પનિક દૃશ્યો ભજવાય છે અને મંચનો downstageનો ભાગ જ્યાં અમીર ખુસરોના જીવનના વાસ્તવિક દૃશ્યો ભજવાય છે. "એક જ તખ્તાને બે ભાગમાં વહેંચીને નાટકમાં રહેલા નાટ્યાત્મક આંતર દૃશ્યોને પ્રકાશ આયોજનથી સંકલિત કરીને કૃતિની સુબદ્ધતાને તખ્તા પર ઉપસાવી શકાશે" એવી લેખકની આશા હતી.[39] રંગભૂમિ પર ભજવાતા નાટકનો સર્જક દિગ્દર્શક છે. નાટકની આગવી ભાષા દ્વારા દિગ્દર્શક શબ્દબદ્ધ નાટકને રંગ, રૂપ પ્રદાન કરી જીવંત અને પ્રત્યક્ષ કરે છે એટલે મંચ ઉપર ક્યા પ્રકારનો સન્નિવેષ ગોઠવવો એ દિગ્દર્શકનું કાર્યક્ષેત્ર છે. અહીં દિગ્દર્શકે અમીર ખુસરોના જીવનના વાસ્તવિક પ્રસંગો અને તેમણે લખેલા નાટકમાં આવતા અલાઉદ્દીનના જીવનના કાલ્પનિક પ્રસંગો સરળતાથી અને પ્રેક્ષકો સમજી શકે, ગ્રહણ કરી શકે એ રીતે ભજવાય તે પ્રકારનો દૃશ્યબંધ ઊભો કરવો પડે. ચઢાસન, મોટું આસન, આયનાની ફ્રેમ તથા ગાદીતકિયા, સિતાર-તબલા ક્યાં ગોઠવવા, મંચના કેટલા ભાગ કરવા એ દિગ્દર્શકની 'સર્જક કલ્પના' નક્કી કરે છે. એટલું જ નહીં ચઢાસન કે મોટું આસન રાખવાની જગ્યાએ તે અન્ય મંચવસ્તુઓ દ્વારા પણ અલાઉદ્દીનના જીવનના કાલ્પનિક પ્રસંગો રજૂ કરી શકે.

જશવંતભાઈએ 'સિકંદર સાની'ની ઐતિહાસિક નાટક તરીકે રજૂઆત કરવા ધારી હતી એટલે તેમણે તખ્તા પર શાયર ખુસરોનું ઘર, અલાઉદ્દીનનો દરબાર અને જનાનખાનું એમ ત્રણ પૃથક્ ક્રિયાસ્થળો દર્શાવતી દૃશ્યરચના ત્રિકમ તપોધન પાસે તૈયાર કરાવી હતી એટલે કે તખ્તા ઉપર જે દૃશ્યબંધ ઊભો કરવામાં આવ્યો હતો તેનાથી ખુસરોનું દીવાનખાનું, અલાઉદ્દીનનો દરબાર અને બાદશાહનું

જનાનખાનું એવાં ત્રણ સ્થળો સૂચવાતાં હતાં પણ પ્રકાશની નિશ્ચિત યોજનાના અભાવે આ ભૂગોળ સ્પષ્ટ થતી નહોતી એવું શ્રી શશીકાન્ત નાણાવટી તેમના અવલોકનમાં નોંધે છે.[38] વળી શ્રી જશવંત ઠાકરે અક્ષાસન બહુ નાનું રાખેલું એથી એનો ઉપયોગ મર્યાદિત થઈ ગયો હતો. માત્ર એકવાર અલાઉદ્દીનને એના પર શેતરંજ રમતો બતાવી શકાયો હતો.[39]

નાટ્યકારે એક જ અભિનેત્રી દ્વારા પદ્મિની અને બેગમની ભૂમિકાઓ ભજવાય એવો નિર્દેશ કર્યો છે." ત્યાં પદ્મિની બેગમના વેશે આવીને સામે ઊભી રહે છે." શ્રી જશવંત ઠાકરે પણ પદ્મિની અને બેગમની ભૂમિકાઓ એક જ અભિનેત્રી અદિતિ ઠાકર દ્વારા ભજવાય એવી ગોઠવણ કરી હતી. જો કે નાટકને ઐતિહાસિક નાટક રૂપે રજૂ કરવાની ઘેલછામાં તેઓ નાટ્યકારની તે પાછળની દૃષ્ટિ સમજી શક્યા નહીં." પદ્મિની તો અલાઉદ્દીનની કલ્પના છે - ઝંખના છે. રવીન્દ્ર-નાથે 'આધેક માનવી તુમિ આધેક કલ્પના' એમ જે કહ્યું છે એ જશવંતભાઈએ સ્વીકાર્યું નહીં, બેગમ અને પદ્મિનીને વાસ્તવ અને સ્વપ્નનાં દ્વિવિધ રૂપ લેખે જોયાં નહીં. એક જ અભિનેત્રી આ ભૂમિકાઓ કરે એમ સૂચવવા પાછળની લેખકની દૃષ્ટિની જાણે અજાણે તેમણે ઉપેક્ષા કરી."[40] એનું પરિણામ એ આવ્યું કે પદ્મિની, અલાઉદ્દીનની ઝંખના નહીં પણ જાણે પદ્મિનીનું પ્રેત હોય એવી છાપ ઊપસી. શ્રી શશીકાન્ત નાણાવટી લખે છે," લેખકે ચિતોડની રાણી પદ્મિનીના પ્રેતને અલાઉદ્દીનને ઉપાલંભ આપવા કે આવી રહેલા ભાવિની ચેતવણી આપતું દર્શાવ્યું છે. આ રજૂ કરવા પાછળનો લેખકનો હેતુ સ્પષ્ટ થતો નથી તેમજ તે દૃશ્યો પ્રેક્ષકોને સ્પર્શી પણ શક્તાં નથી. જે પદ્મિની અલ્લાઉદ્દીનની બદનજરનો ભોગ બની, પદ્મિનીના રૂપ પાછળ ઘેલા

બનેલા અલાઉદ્દીને ચિતોડને ધૂળધાણી કર્યું જેના કારણે વિશ્વ-
-સુંદરી સમી પદ્મિનીને ચિતામાં જલી મરવું પડ્યું તેનું પ્રેત પણ
અલાઉદ્દીનનો છાયો લે ખરૂં? કે તેના ભાવિ વિષે ચેતવે ખરૂં? વળી
અલાઉદ્દીનના મનમાં પદ્મિનીની યાદ ઘૂમ્યા કરે તે વાત પણ અલાઉ-
-દ્દીન જેવા હવસખોર અને સજાતીય સંબંધની વિકૃતિ સેવનાર
માટે બંધબેસતી નથી લાગતી. સ્મૃતિના એવા પડઘા તો સાચા
પ્રેમીના અંતરે ટકોરા મારે..."[૪૧] વળી શ્રી નાણાવટી દિગ્દર્શક શ્રી
જશવંત ઠાકરે પોતાના આ મુદ્દાને સમર્થન આપ્યું હતું એવું
પોતાના અવલોકનમાં નોંધે છે જે, પદ્મિનીના પાત્રને સમજવામાં
બંને જણા કેવા ઊણા ઊતર્યા હતા તેની પ્રતીતિ કરાવે છે. પદ્મિનીની
પ્રેતછાયા જાણે સરકતી હોય તેવી સૂઝપૂર્વકની મુવમેન્ટ દિગ્દર્શકે
પાત્રને આપી હતી તે બદલ શ્રી નાણાવટી આનંદ વ્યક્ત કરે છે
જ્યારે અન્ય અવલોકનકાર શ્રી પરેશ નાયક પોતાના અવલોકનમાં
'પદ્મિનીને સ્વપ્નપાત્ર તરીકે રજૂ કરવા' સરકતી ચાલ'નો કીમિયો
દરેક વખતે ક્લિક થતો નથી એવી ફરિયાદ કરે છે![૪૨]

નાટકમાં આવતી અમીર ખુસરોના વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓ
અને આંતરનાટકમાંના અલાઉદ્દીનના જીવનને નિરૂપતા પ્રસંગોના
અંકોડાને 'નાટકની ભાષા- પ્રયોગની ભાષા' દ્વારા એકસૂત્રે મેળવા
એ દિગ્દર્શક માટે મોટો પડકાર છે. પણ શ્રી જશવંત ઠાકરે "દરેક
અંકના આંતરદૃશ્યોના સાંધા ન મેળવ્યા"[૪૩] અને તેને લીધે સમગ્ર
નાટક વિશૃંખલ બની ગયું. શ્રી શશીકાન્ત જાણે તેને વાચા આપતા
હોય તેમ લખે છે," શ્રી રઘુવીર ચૌધરી કૃત આ નાટકની ગૂંથણીમાં
ફ્લેશબેકના સહારે વર્તમાન અને ભૂતકાળના તાણાવાણા ગૂંથાયા
છે. પરન્તુ બે કાળના સીમાડાઓ સ્પષ્ટ ન બનતા પ્રેક્ષકો ગૂંચવણ

અનુભવે છે અને કથાનો દોર સરળતાથી પામી શકતા નથી. સ્વ. દ્વિજેન્દ્રનાથ રોયના 'શાહજહાં'ની જેમ અહીં કથા એક જ કાળમાં સીધા માર્ગે રજૂ થઈ હોત તો તે વધુ અસરકારક અને પ્રેક્ષણીય નીવડી શકત. અહીં વારંવાર ફ્લેશબેક પ્રસંગોના ભારણના કારણે સમગ્ર નાટક જાણે કે અનેક ટુકડાઓમાં વહેંચાઈ ગયું છે અને પરિણામે કોઈપણ પ્રસંગ નથી તો મનને સ્પર્શી શકતો કે નથી ધારી ચોટ ઉપજાવી શકતો.... અહીં એવું બન્યું છે કે નાટ્યલેખકે વૃદ્ધ શાયર અમીર ખુસરોને અલ્લાઉદ્દીન ખીલજીના જીવનનું નાટક રચતો દર્શાવ્યો છે. આ નાટકમાં આલેખાયેલા પ્રસંગો પ્રેક્ષકો સમક્ષ દૃશ્યરૂપે 'ફ્લેશબેક'માં રજૂ થાય છે- જેમાં અમીર ખુસરો પણ હોય છે અને તે પણ નાટ્યલેખન કરતો બેઠો દર્શાવાયો છે તે જ સ્વરૂપે !!! દ્રશ્ય ઘટના દશ વર્ષ પૂર્વેની હોય તેમાં ખુસરો એ જ સ્વરૂપે કેમ હોઈ શકે? આ એક એવી મોટી નબળી કડી છે કે જેના કારણે પ્રેક્ષક સતત ગૂંચવાડો અને તાણ અનુભવે છે. આ ક્ષતિ લેખકની પણ હોઈ શકે અને દિગ્દર્શકની પણ હોઈ શકે."[૭૪] દિગ્દર્શક આંતરદૃશ્યોના અંકોડા મેળવવામાં કેવી થાપ ખાઈ ગયા એની આ અવલોકન પ્રતીતિ કરાવે છે. એટલે તો શ્રી નાણાવટી આગળ નોંધે છે," શાયર ખુસરોના પાત્રને વર્તમાન અને ભૂતકાળની સીમા સ્પષ્ટ બને તેવું કશુંક દિગ્દર્શક યુક્તિપૂર્વક આપી શક્યા હોત તો નાટક વધુ સુગ્રાહ્ય બની શકત."[૭૫] શ્રી પરેશ નાયક જાણે તેનો બચાવ કરતા હોય તેમ લખે છે," 'સિકંદર સાની' સાહિત્યિક નાટક છે એટલે સામાન્ય પ્રેક્ષકને દરેક પળે પકડી રાખવાની ક્ષમતા આ કૃતિમાં નથી અથવા 'સિકંદર સાની'ની દરેક પળ માણવાની ક્ષમતા સામાન્ય પ્રેક્ષકમાં નથી."[૭૬] વળી 'સિકંદર સાની'ને ઐતિહાસિક નાટક તરીકે રજૂ કરવા જતાં દિગ્દર્શકે અલાઉદ્દીનનું પાત્રનિરૂપણ

'એન્ટી હીરો' - 'પ્રતિનાયક' જેવું કરી નાખ્યું હતું. શ્રી પરેશ નાયક આ સંદર્ભમાં નોંધે છે," અલાઉદ્દીન નાટકના કેન્દ્રમાં છે. એના દરબારના શાયર અમીર ખુસરોએ નાટક લખવાનું હાથ ધર્યું છે, જેનો નાયક અલાઉદ્દીન ખુદ છે. સાચા અર્થમાં અલાઉદ્દીન 'એન્ટી હીરો' છે."[૪૭] લેખકના મતે એતો આપણા સૌનો વિલક્ષણ પ્રતિનિધિ છે.

જશવંતભાઈએ રંગતંત્રના કસબ દ્વારા નાટકને વધુ દૃશ્યાત્મક બનાવવાની શક્યતામાં ઊંડા ઊતર્યા વિના 'અભિનય' ઉપર અને તેમાંય ખાસ કરીને 'વાચિક અભિનય' ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું અને એટલે 'અભિનય' આ નાટકનું સૌથી સબળ પાસું બન્યું હતું. અલાઉદ્દીનની ભૂમિકા વિનોદ નાયકે ભજવી હતી. લેખકના મતે અલાઉદ્દીનનું પાત્ર કરવામાં વિનોદ નાયકે પોતાની સઘળી શક્તિઓ રેડી હતી. જશવંતભાઈના વધુ સાવધ દિગ્દર્શનનો લાભ મળ્યો હોત તો આ એક જ ભૂમિકાએ વિનોદને અવિસ્મરણીય યશ અપાવ્યો હોત. એ તખ્તા પર હોય એ ક્ષણે નાટક એકેય વાર ઢીલું પડતું જોયું નથી. અવાજના આરોહ-અવરોહ, કાકુ, યતિ, મંચતલ આસન કે અન્ય પાત્ર-સંદર્ભે શરીરની મુદ્રાઓ પરનો એનો કાબુ એની સાદ્યંત તન્મયતા સૂચવતો હતો. શ્રી પરેશ નાયક પોતાના અવલોકનમાં નોંધે છે," અલાઉદ્દીનના પાત્રમાં વિનોદની ઝીણવટપૂર્વકની મહેનત દેખાઇ આવે છે. અવાજ, ચહેરો અને શરીરને જેટલો સાથ પાત્ર માંગે છે તેટલો વિનોદ તેને આપે છે. શારીરિક શ્રમ માંગી લે તેવા આ અભિનયમાં વિનોદની ચોકસાઈ 'વાહ' બોલાવે છે. સમગ્ર નાટક દરમ્યાન 'એક્ટર' તરીકેની શિસ્ત એમણે આબાદ રીતે પાળી છે. એમણે એક પણ સંવાદ ઢીલો છોડી દીધો નથી કે શરીર શિથિલ થવા દીધું નથી.[૪૮] અલાઉદ્દીનની યુવાની અને ઘડપણના તફાવતો પણ એથી કળી શકાય છે."

લેખકના મતે અદિતિ ઠાકરે પદ્મિની અને બેગમની ભૂમિકાઓ એકસરખા અધિકારથી ભજવી હતી. પરેશ નાયક લખે છે," 'સિકંદર સાની'માં અદિતિએ 'પદ્મિની' અને 'બેગમ'ની બેવડી ભૂમિકાઓ કરી છે. માત્ર અમુક રીતે ઊભા રહેવાથી જ અદિતિ પાત્રને એના સ્વભાવ સાથે ખડું કરી દઈ શકે છે. ખાસ તરીકે 'બેગમ' તરીકે. 'પદ્મિની'ના પાત્રને ઉપસાવવામાં સ્ટાઇલાઇઝ્ડ અવાજ ઘણો મદદરૂપ બને છે. બેગમ તરીકે અદિતિએ પાત્ર પર પૂરો કાબૂ મેળવ્યો છે."લેખકને પણ અદિતિ, બેગમ તરીકે વધુ રમ્ય લાગી હતી.[૫૦]

અમીર ખુસરોની ભૂમિકા સ્વયં શ્રી જશવંત ઠાકરે ભજવી હતી. શ્રી શિવકુમાર જોષીએ કલકત્તાના 'જનશક્તિ'માં તે અંગે નોંધ્યું હતું કે જશવંતભાઈએ પોતે આ નાટકમાં મોટી ભૂમિકા કરવા જેવી ન હતી. એમણે ખુસરો થવાનું પસંદ કર્યું. સંગીત માટે એક બીજા ભાઈ ધ્રુવ ભટ્ટને બેસાડયા. એ સારું ગાતા હતા પણ વિખ્યાત સંગીતકાર અમીર ખુસરોથી ગાયક મંચ પર જુદો પડે એ દૃશ્ય બંધબેસતું નહોતું.[૫૧] લેખક નોંધે છે તેમ જશવંતભાઈએ બીજી મુશ્કેલી એ કરી કે અમીર ખુસરોની બધી એકોક્તિઓ ગાળી નાખી, ક્યારેક કશુંક બોલ્યા તો પુનરાવર્તન કરતા રહ્યા. કેટલીક જગાએ મૂળ પાઠનો શબ્દક્રમ બદલ્યો તો કેટલીક જગાએ બધું ઈમ્પ્રોવાઈઝ કરવાની રીતે પોતાના તરફથી બોલતા રહ્યા અને સામેના નટોને અગવડમાં મૂકતા રહ્યા. આ બધી મર્યાદાઓ છતાં ચંદ્રકાંત શેઠ કહે છે તેમ અમુક અંશોમાં જશવંતભાઈ સૌથી વધુ પ્રભાવક લાગતા હતા.[૫૨]

અન્ય પાત્રોના અભિનય વિષે લખતા શ્રી પરેશ નાયક જણાવે છે, "અમીર ખુસરોની શિષ્યા 'સિતારા'ના પાત્રમાં અમિતા બુચ આ

નાટકની શોધ છે. સિતારાના પાત્રની ચંચળતા અને સમજણ એ બે વિરોધાભાસી ભાવની અભિવ્યક્તિ અમિતા ખૂબ સફળતાથી કરે છે. હસન દહેલવીના પાત્રમાં ગુણવંત ભની આખાય નાટક દરમ્યાન એકધાર્યો અભિનય ભળવે છે. નાટકના બીજાં પાત્રો નાટકની સંપૂર્ણ અસર ઉપજાવવામાં સારો ભાગ આપે છે. કુંતલ નાયકના પાત્રમાં શ્રી કાર્તિકેય ઠાકરનો ઉલ્લેખ આ સંદર્ભમાં ખાસ કરવો ઘટે. કાઝીના પાત્રમાં જયકૃષ્ણ રાઠોડ પણ નોંધપાત્ર છે. કાફર તરીકે વિજય ઠાકર પાત્રને ઠીક ઠીક ન્યાય આપે છે, પરંતુ છેલ્લા દશ્યોમાં અલાઉદ્દીનને નિરાધાર કરવા સુધાનો 'વિકાસ' તેઓ વધુ સારી રીતે બતાવી શક્યા હોત. ઘણી વાર 'ગ્લેમર' વાળાં પાત્રો કરતાં આવા 'નેગેટીવ' પાત્રો ભજવવામાં વધુ સાહસ જોઈતું હોય છે."[૫૩] શ્રી શશીકાન્ત નાણાવટી સમગ્ર અભિનયપક્ષની સમીક્ષા કરતાં લખે છે, " જશવંત ઠાકરે આ નાટક દ્વારા ત્રણ નવા તેજસ્વી કલાકારો વિનોદ નાયક, વિજય ઠાકર અને અમિતા બૂચને ઝળહળતો પ્રકાશ આપ્યો છે. આ ત્રણે કલાકારોએ તખ્તા પર અભિનયનું જે સુંદર ખમીર દર્શાવ્યું છે તે તેમના અતિ ઉજ્જવળ ભાવિનો સંકેત આપી જાય છે. આવા મેધાવી કલાકારોના પ્રદાન માટે ગુજરાતી રંગભૂમિ જશવંતભાઈની ઉપકૃત બનશે... શાયર અમીર ખુસરો તરીકે જશવંત ઠાકર સુદૃઢ અભિનય આપે છે. અલાઉદ્દીન તરીકે નવા અભિનેતા વિનોદ નાયકે તથા મલેક કાફૂર તરીકે વિજય ઠાકરે ખૂબ જ સુંદર અભિનય આપી પાત્રોને જીવંત બનાવ્યાં એટલું જ નહી' પણ નાટકને નબળા વણાટને કારણે કરુણ નિષ્ફળતામાંથી ઉગારી લીધું છે. પદ્મિનીની છાયા તથા બેગમની બેવડી ભૂમિકામાં અદિતિ ઠાકરના ફાળે કોઈ મહત્ત્વની કે નોંધપાત્ર કામગીરી બજાવવાની આવી નથી છતાં જે છે તે પાત્રોને તેમણે શોભાવ્યાં છે. નવી કલાકાર અમિતા બૂચે પણ સુંદર છાપ ઉપસાવી. સરળ, ભોળી, મુગ્ધ પ્રણયીની તરીકે અને બાદશાહની

વાસનાચૂડમાં ઝડપાયેલી અને ઉગારો પામવા મરણિયો પ્રયાસ કરતી સિતારા તરીકે તે સરસ આકર્ષણ સર્જી શકી. હુસન દેહલવી તરીકે ગુણવંત બની, કુનાલ નાયક તરીકે કાર્તિકેય ઠાકર તથા કાઝી તરીકે જયકૃષ્ણ રાઠોડ પાત્રાનુકૂળ અભિનય આપી ગયાં. અમિતા બૂચે તખ્તા પરથી ગાયું પણ કાનને મીઠું લાગે તેવું."[૫૪] એ કે લેખકના મતે જશવંતભાઈએ અમિતા બૂચ (સિતારા), કાર્તિકેય ઠાકર (કુંતલ), વિજય ઠાકર (કાફૂર) અને જયકૃષ્ણ રાઠોડ (કાઝી) પાસેથી પ્રમાણમાં સારી રીતે કામ લીધું હતું.[૫૫]

આમ 'સિકંદર સાની' સબળ અભિનયને લીધે વધુ પ્રેક્ષણીય બન્યું હતું. નાટકની ભાષાનાં અન્ય ઘટકો ગૌણ રાખી દિગ્દર્શકે અભિનયતત્ત્વની વિશેષ માવજત કરી હતી. નાટકને 'ઐતિહાસિક નાટક' તરીકે રજૂ કરવાના ઈરાદાથી તેમણે જૂની રંગભૂમિની પરંપરા અનુસરી 'વાચિક અભિનય' પર સવિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. આ સંદર્ભમાં લેખકે નોંધ્યું છે કે "મારા સંવાદોને અભિનેતાઓની ગતિવિધિ અને મુદ્રાઓ દ્વારા દૃશ્યાત્મક બનાવી શકાય એમ હોય છે. જશવંતભાઈએ નવા કલાકારો પાસે વાચિક તૈયાર કરાવવામાં ધ્યાન આપ્યું હતું પણ નાટકને વધુ દૃશ્યાત્મક બનાવવાની શક્યતામાં ઊંડા ઊતર્યા ન હતા."

'સિકંદર સાની'નો નાટ્યપ્રયોગ 'અભિનય'ના કારણે દીપી ઊઠયો તે ઉપરાંત તેના અન્ય કેટલાંક ઉજ્જવળ પાસાં પણ હતાં. જશવંતભાઈની દિગ્દર્શનકલાએ કેટલાંક દૃશ્યોને ખૂબ સરસ ઉપસાવ્યાં હતાં, ખાસ કરીને અલાઉદ્દીન અને મલેક કાફૂર વચ્ચેના સજાતીય સંબંધનું સૂચન ખૂબ જ સંયમિત રીતે, સુરુચિને સંપૂર્ણપણે સાચવીને સચોટ

રીતે દર્શાવ્યું હતું. એ જ રીતે મલેકકાફૂરની દગાખોરી, અલાઉદ્દીન ઉપર માનસિક ત્રાસ, અલાઉદ્દીનની વિહ્વળતા અને ઉત્તેજના અંતિમ દૃશ્યમાં સબળ રીતે ઉપસી આવ્યા હતાં. આ દૃશ્યોને શ્રી શશીકાન્ત નાણાવટી જશવંતભાઈની દિગ્દર્શન કલાના ઉત્તમ નમૂના તરીકે બિરદાવે છે.[૫૬] શ્રી પરેશ નાયક પ્રયોગની જમા બાજુ વિષે નોંધ લેતાં લખે છે, " 'સિકંદર સાની'ના પ્રયોગમાં બે તબક્કે 'નાટક' અને 'નાટ્ય' -નો વિશેષ સુમેળ સધાયો. 'અરે ફૂલો, તમે ધરતી પરથી આવ્યાં છો ને?" આ કાવ્યપાઠ વખતે સિતારાના વાચિક અને આંગિક અભિનયમાં કાવ્ય સુંદર અસર મૂકી જાય છે. બીજી વખત, 'ઈતિ-હાસ કોને યાદ કરશે?' એ સ્વગતોક્તિ સુધીનો ખુસરો અને હસન દહેલવીનો અભિનય થોડીક જીવંત ક્ષણો આપે છે."[૫૭]

શ્રી રઘુવીર ચૌધરીએ, બાબુભાઈ ભુખણવાળા પરના પત્રોમાં, નાટકની રજૂઆત પ્રત્યેના પોતાના પ્રતિભાવને વ્યકત કરતી વખતે સંનિવેષ, પાત્ર વિશ્લેષણ, દૃશ્ય સંયોજનના સંદર્ભમાં દિગ્દર્શકની કામગીરી અને જવાબદારી વિષયક જે વિધાનો કર્યાં છે તેમાં આછા દિલની નાનકડી રાવ છતી થાય છે. આ અંગે શ્રી વજુભાઈ ટાંકે કરેલી ટકોર લેખક-દિગ્દર્શકના સંબંધ વિષે પ્રકાશ પાથરતી હોઈ તેનો ઉલ્લેખ કરવો જરૂરી છે. વજુભાઈ લખે છે," આ દુભાયેલા નાટ્યકારે એટલું તો સ્વીકારી જ લેવું જોઈએ કે નાટક અંતે તો રંગભૂમિની સંપત્ત છે. લખાયેલી કૃતિ રંગમંચ પર પહોંચે પછી એનો કુલમુખત્યાર નાટકનો દિગ્દર્શક છે. નાટકની માવજત દક્ષતાપૂર્વક કરી બતાવવા દરેક દિગ્દર્શકના કોડ હોય છે. પંડની પ્રતિષ્ઠા અને ક્ષમતાને આંચ લાગે એવી કૃતિનો આદર નામી દિગ્દર્શક હરગિજ ના કરે; પણ એને પોતીકી મર્યાદાઓ હોય છે

kalpana's

જેમ હરેક સર્જકને પણ અકસર હોય છે. આ મર્યાદાના અંકોડા કોઈ પણ રીતે તોડી શકાય એમ નથી હોતું. સર્જક માત્રની આ મજબૂરી છે. એ નિભાવી જ લેવી પડે. સબબ કે પ્રસ્તુતીકરણનો પ્રશ્ન હોય ત્યારે કૃતિની આવજ્ઞ માટે કવિનો મત-મમત દિગ્દર્શક, પંડના નકશામાં ન બેસતો હોય તો, મંજૂર ન જ રાખે. એનો રંજ મિથ્યા છે."[૫૮] શ્રી વજુભાઈ ટાંકે, યુનિટી ઑફ એક્શન - કાર્યની એકતાનો અભાવ, પૃથક્ પ્રસંગોની ભરમાર, અસ્પષ્ટ અને સંદિગ્ધ 'થીમ', અલાઉદ્દીનની સત્તાલાલસા - ખુસરોની આરાધના - મલેક કાફૂરની મહત્ત્વાકાંક્ષા અને વિશ્વાસઘાત - આ બધામાંથી કૃતિનું કલેવર બાંધનારું સત્ત્વશીલ તત્ત્વ ક્યું તે વિશે લેખકની અસ્પષ્ટતા, પ્રેક્ષકોના સંવિત્તમાં સ્થાન પામે એવા ગજદાર પાત્રની ઊણપ વગેરેને કૃતિની નબળાઈ લેખાવી છે.[૫૯]

" ભજવાતા નાટકની સમીક્ષા કરતાં પહેલાં પત્રકારે કે વિવેચકે શક્ય હોય તો નાટકની પ્રત વાંચી જવી જોઈએ, એટલું જ નહીં, નાટકની રજૂઆતમાં પોતાને વરતાયેલી દિગ્દર્શકની કમજોરી કે કૌવતની ચર્ચા પણ કોઈ પણ જાતના પૂર્વગ્રહની સંભાવના કર્યા વિના દિગ્દર્શક સાથે કરી લેવી જોઈએ"[૬૦] એવું વજુભાઈનું વિધાન આવકાર્ય છે કેમ કે આ આચારનીતિ, આ પ્રણાલિ સમીક્ષકના દંશને કાતિલ બનતાં અને પ્રયોગકર્તાઓના મનદુઃખને વસમું બનતાં અટકાવે છે.

નાટકમાં ભાષાનું સર્જકબળ ઊભું કરનાર લેખક અને નાટકની ભાષાનો કીમિયાગર એવો દિગ્દર્શક - આ બંનેનું સાયુજ્ય જ રંગભૂમિને ઘડે છે.

# સંદર્ભ


૧ સિકંદર સાની : રઘુવીર ચૌધરી, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૯, આર. આર. શેઠ એન્ડ કું પૃ.૮૫ - શ્રી બાબુભાઈ ભુખણવાળા પર લખાયેલા પત્રમાંથી

૨ સિકંદર સાની - ફેન્ટસીને આંબી જતું નાટક, ગ્રંથ, (૨૦૫) જાન્યુઆરી ૧૯૮૧ પૃ.૧૫

૩ છેલ્લા દોઢ દાયકાના અવતેન ગુજરાતી રંગભૂમિના પ્રયોગશીલ નાટકો - એક આલોચનાત્મક અધ્યયન (૧૯૬૬-૧૯૮૧) : સૌરાષ્ટ્ર યુનિ.માં ગુજરાતી વિષયમાં પીએચ.ડી.ની ઉપાધિ માટે રજૂ કરેલો મહાનિબંધ એપ્રિલ-૧૯૮૫ ; પ્રકરણ ૭ : દીર્ઘનાટકોની સમીક્ષા (૨) પૃ.૮૯

૪ ગ્રંથ - જાન્યુઆરી ૧૯૮૧ પૃ.૧૪-૧૫

૫ મહાનિબંધ : પૃ. ૯૦

૬ શ્રી શૈલેષ ટેવાણી, એજન પૃ.૯૯

૭ એજન પૃ. ૯૪

૮ એજન પૃ. ૯૫

૯ એજન પૃ. ૯૫

૧૦ એજન પૃ. ૯૬

૧૧ એજન પૃ. ૯૦

૧૨ એજન પૃ. ૧૦૦

૧૩ 'સિકંદર સાની' પ્રથમ આવૃત્તિ : પૃ.૮૬ (બાબુભાઈ ભુખણવાળા પરનો લેખકનો પત્ર)

૧૪ મહાનિબંધ પૃ.૯૦


kalpana's

S University

૧૫ શ્રી શૈલેષ ટેવાણી : એજન પૃ. ૯૭
૧૬ શ્રી શૈલેષ ટેવાણી : એજન પૃ. ૯૦/૯૧
૧૭ શ્રી શૈલેષ ટેવાણી : એજન પૃ. ૧૦૧
૧૮ એજન પૃ. ૯૧
૧૯ સિકંદર સાની : પ્રથમ આવૃત્તિ : કવર પેઈજના પાછલા પૃષ્ઠ પરનું અવતરણ
૨૦ મહાનિબંધ પૃ. ૧૦૧
૨૧ એજન પૃ. ૧૦૨
૨૨ શ્રી શૈલેષ ટેવાણી, એજન પૃ. ૯૧
૨૩ એજન પૃ. ૧૦૨
૨૪ એજન પૃ. ૧૦૨
૨૫ શ્રી શૈલેષ ટેવાણી, એજન પૃ. ૯૮
૨૬ શ્રી શૈલેષ ટેવાણી એજન પૃ. ૯૧
૨૭ શ્રી વજુભાઈ ટાંક : ગ્રંથ : જાન્યુ. ૮૧ : પૃ. ૧૫
૨૮ એજન પૃ. ૧૬
૨૯ મહાનિબંધ પૃ. ૯૨
30 ગ્રંથ : જાન્યુ. ૮૧ પૃ. ૧૪-૧૬માંથી સંકલિત
૩૧ સિકંદર સાની : પ્રથમ આવૃત્તિ : પૃ.૭૮/૮૬ (બાબુભાઈ લુખ્ખણ - વાળાનો પત્ર તથા લેખકનો તેમના પરનો પત્ર)
૩૨ મહાનિબંધ પૃ.૮૬/૮૭/૯૪
33 ગુજરાત સાહિત્યનો આઠમો દાયકો : સંપાદક - ભોળાભાઈ પટેલ, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ : સાટે,૧૯૮૨ નાટક વિષયક લેખ, પૃ. ૧૦૩
૩૪ શ્રી વજુભાઈ ટાંક : ગ્રંથ : જાન્યુ. ૮૧ : પૃ. ૧૫
૩૫ સિકંદર સાની : પ્રથમ આવૃત્તિ : પૃ. ૮૩ (બાબુભાઈ પરનાં પત્ર)

૩૬ એજન પૃ. ૮૭
૩૭ એજન પૃ. ૮૭
૩૮ 'રંગમૂ' કોલમ : ગુજરાત સમાચાર (અમદાવાદ) માર્ચ ૭૯
૩૯ 'સિકંદર સાની' પ્રથમ આવૃત્તિ : પૃ. ૮૭
૪૦ એજન પૃ. ૮૫
૪૧ 'રંગમૂ' કોલમ : ગુજરાત સમાચાર (અમદાવાદ) માર્ચ ૭૯
૪૨ 'કલાજગત' કોલમ : જનસત્તા (અમદાવાદ) ૧૪ માર્ચ ૭૯
૪૩ 'સિકંદર સાની' પ્રથમ આવૃત્તિ : પૃ. ૮૭
૪૪ 'રંગમૂ' કોલમ : ગુજરાત સમાચાર (અમદાવાદ) માર્ચ ૭૯
૪૫ એજન
૪૬ 'કલાજગત' કોલમ : જનસત્તા (અમદાવાદ) ૧૪ માર્ચ ૭૯
૪૭ એજન
૪૮ એજન
૪૯ એજન
૫૦ 'સિકંદર સાની' પ્રથમ આવૃત્તિ : પૃ. ૮૫
૫૧ એજન પૃ. ૮૩/૮૪
૫૨ એજન પૃ. ૮૪
૫૩ 'કલાજગત' કોલમ : જનસત્તા (અમદાવાદ) ૧૪ માર્ચ ૭૯
૫૪ 'રંગમૂ' કોલમ : ગુજરાત સમાચાર (અમદાવાદ) માર્ચ ૭૯
૫૫ 'સિકંદર સાની' પ્રથમ આવૃત્તિ : પૃ. ૮૭
૫૬ 'રંગમૂ' કોલમ : ગુજરાત સમાચાર (અમદાવાદ) માર્ચ ૭૯
૫૭ 'કલાજગત' કોલમ : જનસત્તા (અમદાવાદ) ૧૪ માર્ચ ૭૯
૫૮ ગ્રંથ : જાન્યુઆરી ૧૯૮૧ પૃ. ૧૬
૫૯ એજન પૃ. ૧૭
૬૦ એજન પૃ. ૧૭

kalpana's